# બુદ્ધિપ્રભા

## જૈન ડાયજેસ્ટ

## સર્વજ્ઞ



## સ્મૃતિ અંક

# રૂતુનાં કુસુમાકરઃ

અર્પું શું અંજલિ-અર્ઘ્ય ચાંગા એ વીતરાગને
ધર્મ તીર્થ, કર્મ તીર્થ–મહર્ષિ–મહાભાગ ?!
**સોમ**નાં સારવ્યાં સત્ત્વો આત્માનાં મધુરાં અમી,
**હેમ-જ્યોતિ** સત્યતત્ત્વો, આત્માનાં શું રહ્યાં ઝમી ?
સાહિત્યતીર્થ એ સાધુ, શુચિ ને જિન શાસન,
જિતેન્દ્રિય, તપસ્યાનાં, સેવ્યાં શું આત્મનાં ધન !
અહિંસા પરમો ધર્મઃ જીવને શું તપોવન !
ઉચ્ચાર્યાં, આચર્યાં સૂત્રો વેર્યાં મીઠાં સુધાકણ.
ગરવા ગાંધીજીનાં એ માતા પૂતળીબાઇએ,
પાયાં એ પુત્રને સૂત્રો, મોંઘેરા શું ધરાઇને.
રાજવિદ્યા–રાજયોગ, ગીતા ભાખ્યું સુજ્ઞાન એ,
રાજચંદ્ર તમે કીધું મોંઘેરુ અમીપાન એ.
યાતનાઓ પરની પી પી બન્યા છે જે મુનિ યતિ.
**હેમગંગા** સુવર્ણાશી–તેમની મધુરી મતિ.
હિરણ્યગર્ભપાત્રેણ, ઢાંકયું છે સત્યનું મુખ,
હું તો છું **હેમ**નાં પેલાં પાત્રનો નિત્ય કામુક.

## અર્પું શું અંજલિ–અર્ઘ્ય

मित्तीमे सव्व भूएसु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી



# બુદ્ધિપ્રભા

## સર્વજ્ઞ સ્મૃતિ અંક


| | | |
|---|---|---|
| ૧૦ ડીસેમ્બર ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૬૧<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫–૦૦ પરદેશ રૂા. ૭–૦૦<br>છુટક નકલ પચાસ પૈસા | કાર્યાલય<br>C/o જે. એસ. દંતારા<br>૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,<br>મુંબઈ—૨ |

| | | |
|---|---|---|
| ઇંદિરા શાહ | ગુણવંત શાહ | ભગવાન શાહ |
| તંત્રી | સંપાદક | સહતંત્રી |


## હેમ-સ્તુતિ ]

નવું
વ્યાકરણ, નવું છંદ શાસ્ત્ર,
દ્વયાશ્રય મહાકાવ્ય
અલંકાર શાસ્ત્ર–યોગ શાસ્ત્ર–પ્રમાણ શાસ્ત્ર
જિન ચરિત્રો
આ સઘળું જેમણે રચ્યું તે
**હેમચંદ્રાચાર્યે**
લોકનો મોહ કઈ કઈ રીતે દૂર નથી કર્યો !

—શ્રી સોમપ્રભસૂરિજી

# તંત્રીસ્થાનેથી

દિવાળી વીતી ગયાને થોડા દિવસો વીત્યા હતા. હું બુદ્ધિપ્રભાના કામમાં રોકાયેલો હતો. ત્યાં સંપાદક શ્રી ગુણવંત શાહનો ખંભાતથી પત્ર આવ્યોઃ—

"હું માંદગીના બિછાને હોઈ તેમજ ડોકટરોએ મને હમણાં લખવા-વાંચવા વગેરેનું કામ નહિ કરવાની કડક સૂચના આપી હોવાથી આગામી સર્વજ્ઞ સ્મૃતિ અંકનું સંપાદન કાર્ય વગેરે સમયસર અને સુંદર રીતે પતાવવા મહેરબાની કરશો."

તંત્રીશ્રી ઈંદિરાબેન તો પહેલેથી જ પોતાનો પાવન પ્રસંગ ઉજવવા દોઢ મહિનાથી દેશમાં ગયા હતા. આથી એમનું માર્ગદર્શન વગેરે તો મળી શકે તેમ ન હતું.

આથી આ આખોય અંક મારે કાઢવો પડયો છે. સંપાદકશ્રીની નાદુરસ્ત તબિયતને લઈ તેઓ જે પોતાની કલમે ચિંતનકણિકા—સમાલોચના—ગીતમંજુષા વગેરે લખતા હતા તે આ અંકમાં આપી શકાયા નથી.

આ આખોય અંક એક સમર્થ સાધુ બીનહરીફ સાહિત્યકાર અને પ્રાતઃસ્મરણીય—આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજી અંગેનો હોઈ તેમને અંગેનું સાહિત્ય તૈયાર કરતાં મેં ખરેખર એક અવર્ણનિય આનંદ અનુભવ્યો છે ને પ્રેરણા પણ મેળવી છે.

મારાથી બનતી તમામ શકયતાએ આ અંકને સમૃદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે.

આ અંક વાંચી વાચકો પ્રેરણા ને ભક્તિ પામશે તો મારો આ પ્રથમ પ્રયાસ. (કારણ આવો અંક મારી જીંદગીમાં પહેલવહેલો જ પ્રગટ કરું છું.) સફળ થયો લેખીશ.

એજ લી.

આપ સૌનો

ભગવાન શાહ

સહતંત્રી.

# કલિકાલ સર્વજ્ઞનું એક કલ્પના ચિત્ર

એક ઘડીભર કલ્પના કરીએ તો હેમચંદ્રાચાર્યની ગૌર, કાંચનવર્ણી, ઊંચી, પડછંદ, પાતળી દેહ આપણી નજરે ચડે છે. તપેલા સુવર્ણ જેવી કાંતિ, ચહેરા ઉપર આવી રહેલી પ્રેમ ભાવનાની મૃદુતા, શ્રમસાધના અને સંયમથી બનાવેલું દુર્જેય પૌરુષ શરીર વિચારની સ્પષ્ટ સરણીથી નાકની મનોહર દાંડીમાં આવેલી ગરુડના જેવી રમણીયતા, ભવ્ય આકર્ષક પ્રતિભા સંપન્ન દેખાવ, શરીર શુદ્ધિ, વિચાર શુદ્ધિ, અને માનસ શુદ્ધિ, ત્રણે પ્રકારની શુદ્ધિથી નેત્રોમાં બેઠેલું અકારણ નૈસર્ગિક મનોહર આછું સ્મિત, યોગીના જેવી નિઃસ્પૃહણીય મનોદશા, અને છતાં માત્ર સાદી વિનોદ વાણીથી પણ લોકના દિલને જીતનારી મધુર પ્રસન્ન ભારતી શ્રી હેમચંદ્રાચાર્યની કલ્પના કરો અને એનો દેહ પાટણના ખંડેરોમાંથી ખડો થાય છે.'

પાટણના મહાલયો, મહાસરોવરો, મહામંત્રીઓ, મહાન સ્ત્રીઓ, મહાજનો, અને મહાન રાજાઓ સાથે જ્યારે આ મહાન પુરુષ ઊભો રહેતો હશે, ત્યારે એના ઊંચા કદાવર, પડછંદ, સીધા, સશક્ત, સંયમી શરીરથી, જાણે પાટણને નિહાળતો કોઈ મહાન અજેય આત્મા ઊભો હોય-જાણે કે સૌને કહી રહ્યો હોય કે, જ્યારે આ મંદિરો નહિ હોય, મહાલયો નહિ હોય-કોઈ નહિ હોય ત્યારે ત્યારે તમે ફિકર કરતા નહિ, તમારા વતી હું તમારો આહીં જ હોઈશ:

ગુજરાતીઓ! તમે કેવા મહાન હતા એ કહીશ; ગુજરાતીઓ કેવા મહાન થઈ શકે એ કહીશ; એમ મહત્તાનું ગાન ગાવા મેં-વીરતા, સામર્થ્ય, સંસ્કાર અને સંયમ-એ ગાન ગાતી કૃતિઓ ચારે દિશામાં વહેતી મૂકી છે. ગુજરાતીઓ એના શબ્દો સાંભળશે, એમાં રાચશે અને અપનાવશે અને પોતાને ઘડશે. તમે ગુજરાતમાં ફરી જીવશો.

સૂર્યોદય સમયે સરસ્વતી નદી કિનારે ઊભેલી એક શક્તિ પોતાના પ્રકાશથી-તેજથી-આખા ગુજરાતને છાઈ દેતી કલ્પો-અને તમને શ્રી હેમચંદ્રાચાર્ય દેખાશે.

—શ્રી ધૂમકેતુ.

# સાહિત્ય કુબેર
# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
ની
# સર્જન પ્રવૃત્તિ

| ગ્રંથનું નામ | શ્લોક સંખ્યા |
|---|---|
| ૧ સિદ્ધહેમ બૃહન્યાસ | ૮૪,૦૦૦ (અપૂર્ણ) |
| ૨ ત્રિશષ્ઠિ શલાકા પુરુષ ચરિત | ૩૨,૦૦૦ ,, |
| ૩ સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ | ૧૮,૦૦૦ |
| ૪ યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ ટીકા સહ | ૧૨,૫૭૦ (અપૂર્ણ) |
| ૫ અભિધાન ચિંતામણી ટીકા સહ | ૧૦,૦૦૦ |
| ૬ કાવ્યાનુશાસન સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણી અને વિવેક સાથે | ૬,૮૦૦ |
| ૭ સિદ્ધહેમ લઘુવૃત્તિ | ૬,૦૦૦ |
| ૮ ધાતુ પારાયણ વિવરણ | ૫.૬૦૦ |
| ૯ લિંગાનુશાસન સટીક | ૩,૬૮૪ |
| ૧૦ દેશી નામમાલા સ્વોપજ્ઞ વૃત્તિ સાથે | ૩,૫૦૦ |
| ૧૧ પરિશિષ્ટ પર્વ | ૩,૫૦૦ |
| ૧૨ ઉણાદિગણ વિવરણ | ૩,૨૫૦ |
| ૧૩ છંદાનુશાસન છંદ ચૂડામણી ટીકા સહિત | ૩,૦૦૦ |
| ૧૪ સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય | ૨,૮૨૮ |
| ૧૫ પ્રમાણ મિમાંસા સ્વોપજ્ઞ વૃત્તિ સાથે | ૨,૫૦૦ |
| ૧૬ સિદ્ધહેમ પ્રાકૃત વૃત્તિ | ૨,૨૦૦ |
| ૧૭ અનેકાર્થ કોષ | ૧,૮૨૮ |
| ૧૮ પ્રાકૃત દ્વયાશ્રય (મહાકાવ્ય) | ૧,૫૦૦ |
| ૧૯ વેદાંકુશ ( દ્વિજવદન ચપેટા | ૧,૦૦૦ |
| ૨૦ નિઘંટુ શેષ | ૩૯૬ |
| ૨૧ અભિધાન ચિંતામણી પરિશિષ્ટ | ૨૦૪ |
| ૨૨ વીતરાગ સ્તોત્ર | ૧૮૮ |
| ૨૩ મહાદેવ સ્તોત્ર | ૪૪ |
| ૨૪ અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | ૩૨ |
| ૨૫ અન્ય યોગ વ્યવચ્છેદ ,, | ૩૨ (કાવ્ય |

—મુનિશ્રી પુણ્યવિજયજીના લેખના આધારે.

ગુજરાતના લોકલાડીલા નવલકથાકાર

# શ્રી કુ. મા. મુનસી

અને

# સ્વ. શ્રી મોહનલાલ દેસાઇ

# વચ્ચેનો

એક

ઐતિહાસિક

પત્ર

વ્યવહાર

ગુજરાતી સાહિત્યની અમર અને રસપ્રિય નવલકથા-ગુજરાતનો નાથ-લખાઈ રહી હતી ત્યારે આ. શ્રી હેમચંદ્રસૂરિના પાત્રને તે નવલમાં ઉતારવા માટે એ લબ્ધ-પ્રતિષ્ઠિત-મુનશી અને દેસાઈ વચ્ચે પત્ર વ્યવહાર થયો હતો તે અત્રે રજુ કરવામાં આવે છે.

—સહતંત્રી

**ધી ડેલ,**
માથેરાન,
તા. ૨૭-૧૦-૧૯૨૨

**રા. ભાઈ મોહનભાઈ,**

હું શું કામ તમને મળવા માંગતો હતો તે વિષે તમને પત્ર મળ્યો હશે.

એક બીજી વાતમાં મદદ જોઈએ છે, મારી વાતમાં **હેમચંદ્ર-સૂરિ મંજરીને** મળે છે. તે વિષેની વિગતમાં સાધુજીવનના નિયમથી વિચિત્ર હું કાંઈ ન લખી દઉં તેથી નીચેની માહિતિ જોઈએ છે.

(૧) સુરિ સ્ત્રીને રાળી શકે ?

(૨) સાધુઓ પીંછી રાખે છે તેનું નામ શું ?

(૩) કોઈ સ્ત્રીની છબી મનમાં આવે ને સાધુને મન શુદ્ધ કરવાં વ્રત કરવાં પડે તો તે કેવાં ને કયાં કરે ? જૈન સાહિત્યમાંથી તેનાં યોગ્ય નામ આપશો ?

(૪) સાધુ પાટલા પર તો ન બેસે. તો શું ભોંય પર સાફ કરી બેસે ?

(૫) મંજરીને ત્યાં કાંઈ ખાય કે નહિ ?

(૬) સૌ. સ્ત્રીને કેવા પ્રકારની આશિષ આપે-આવતાં ને જતાં ?

(૭) હેમાચાર્યને મોઢે મુમતી-મોઢે કકડો-રાખે તે સંપ્રદાયના હતા કે નહિ ? એ ચીરાનો સંસ્કૃત શુદ્ધ શબ્દ શો છે ?

(૮) વાદવિવાદ કરતાં પહેલાં સાધુઓ ખાસ કરીને કાંઈ ઉચ્ચારે છે ?

વળતી ટપાલે આનો જવાબ આપશો. કારણકે **મારું પ્રકરણ અટક્યું છે**. મને કોઈ એવું પુસ્તક સુચવશો કે જેમાં આ લોકના જીવનક્રમની વિગતો મળે.

એજ લી. **કનુ મુનશી.**

હાટકેશ્વર પાસે,
રાજકોટ,
તા. ૩૧–૧૦–૨૨.

રા. રા. ભાઈ કનૈયાલાલ,

આપના બંને પત્રો મળ્યા. તા. ૨૪ તથા ૨૭–૧૦–૨૨ ના....

બીજા પત્રના ઉત્તરમાં જણાવવાનું કે **જૈન** સાધુના જીવનની પ્રણાલિકા સંબંધી હું જેટલું જાણું છું તે પ્રમાણે ખુલાસો કરવા પ્રેરાઉં છું. કેટલાક પ્રશ્નો તો બહુ સામાન્ય છે. **અને તે તમારા જેવા પાસેથી પૂછાય, ત્યારે તો, તેવી સ્થિતિમાં તમે જૈન સાધુ માટે લખી શકો તેવા યોગ્ય ન જ ગણાઓ........**

...........શું હેમચંદ્ર **અને** મંજરીનો મેળાપ કરાવી મંજરીની છબી હેમચંદ્રના મનમાં લાવી, તેને તેથી થયેલ વ્રતખંડનથી તેની પાસે પ્રાયશ્ચિત લેવરાવી–મિચ્છામિ દુક્કડમ્–કરાવી તેને તેવા આકારમાં મૂકી તમારી નવલકથા ભૂષિત કરવા માંગો છો? એક રસિક પ્રસંગ પૂરો પાડવા ચાહો છો?

મુંજાલને મિલનનો આશક કર્યો. ઉદાને પરસ્ત્રી હરણ કરનાર ચીતર્યો, આમ્રભટ્ટને મૂર્ખો–પરસ્ત્રી લુબ્ધ બતાવ્યો વગેરે વગેરે–આનંદસૂરિના કલ્પિત પાત્રને જબરો રાજદ્વારી **જૈન** સાધુ તરીકે તિરસ્કરણીય સ્વરૂપમાં સર્જીને હવે હેમચંદ્રને મંજરીમાં મોહ પમાડી પછી પ્રાયશ્ચિત લેવડાવી શુદ્ધ કરવા માંગો છો?

**પદ્મિનિને નગ્ન રાખી તપ કરી સરસ્વતીનું વરદાન લેનાર આજન્મ બ્રહ્મચારી હેમચંદ્ર આવું સ્વપ્ને પણ કરે કે?**

આ સર્વ પર વિચારતાં જૈન પાત્રો અને જૈનત્વ પ્રત્યે આપનો કેવો સ્નેહાળ આદરભાવ છે તે આપ પ્રત્યક્ષ કરતા નથી?

આપે **પાટણની પ્રભુતા** પછી જે ખુલાસો ઘડ્યો હતો તે યાદ છે કે? અલબત્ત નવલકથાકાર પ્રતિક્ષણે ઐતિહાસીક જ રહી ન શકે એ ખરું છે. અને ખરા પાત્રોમાં અનેક ઉપજાવેલી ઘટનાઓ મૂકવી પડે છે, **પણ તે સ્વતંત્રતાને સ્વચ્છંદમાં પરિણમાવવી ન ઘટે.**

આપનાં માનીતાં પાત્રો—સિદ્ધરાજ, ત્રિભુવનપાલ, કાકભટ્ટ, તે તો સર્વગુણ સંપન્ન.

સિદ્ધરાજ ને રાણકદેવીનો પ્રસંગ કેમ ચીતર્યો નથી? જસમા ઓડણ ને સિદ્ધરાજનો પ્રસંગ ક્યાં લુપ્ત થયો?

એ તો તમારા રસિક હૃદયને સિદ્ધરાજના રસિક પ્રસંગો વાગતા હશે—ખરું ને?

આ જરા પ્રાસંગિક ઉદ્ગાર થાય છે તે દરગુજર કરશો.

........ટૂંકમાં હેમચંદ્ર માટે કલ્પેલો પ્રસંગ જૈનોના આત્માને દુભવશે એ હું જણાવી દઉં છું. છતાં હવે તે કલ્પીને લખવો–પ્રકટ કરવો કે નહિ તે તમારી સ્વાયત્તતા પર છે એટલે કે પછી ધણીનો કોઈ ધણી નથી. આ બાબત રૂબરૂ ઈચ્છા હશે તો ચર્ચા કરીશું.

આપનો,

**મોહનલાલ દલીચંદ દેસાઈ**



# ગુજરાતની અસ્મિતાનો પાયો નાંખનાર જ્યોતિર્ધર.

જો કોઇએ
ગુજરાતને સસંકલ્પ જીવન વ્યક્તિ તરીકે
કલ્પવાનો પહેલો પ્રયત્ન કર્યો હોય તો
તે ધંધુકાના મોઢ વાણિઆએ,
ગુજરાતના સાહિત્ય સ્વામીઓના
શિરોમણીએ,
કલિકાલ સર્વજ્ઞ
શ્રી હેમચંદ્રસૂરિએ.
એમનું 'કુમારપાળ ચરિત'
પાટણની મહત્તાની ભાવનામાંથી
ગુજરાતની અસ્મિતા
પ્રગટાવવાનો પહેલો પ્રયત્ન.
આ જ્યોતિર્ધરના તેજે
વસ્તુપાળ–તેજપાળના કાળમાં
અનેક કવિઓએ પોતાની
કૃતિઓ
ઉજ્જવળ કરી....

—શ્રી કનૈયાલાલ મુનશી.

[ કરાંચી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકેના તેમના વ્યાખ્યાનમાંથી ]

આચાર્ય
શ્રી
હેમચ
જૈનોના જ નહિ પણ સમસ્ત ગુજરાતની મહત્તાના પ્રતિનિધિ છે. સિદ્ધરાજ અને કુમારપાળના વિજયો પણ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ વડે જ ઓળખાય છે.

## નિઃશસ્ત્ર વીરોના અગ્રીમ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય

મહત્તા અનેક સ્વરૂપે વ્યક્ત થાય છે. યુદ્ધવીરને જ મહાન માનવાની ભૂલ કરતી માનવજાત મુત્સદ્દીઓને પણ ઓળંગી સાહિત્યકાર, વિદ્વાન, વૈજ્ઞાનિક અને સાધુ જીવનની મહત્તા પરખે તો જગત વધારે સુખી થવાનો સંભવ છે. મહત્તા ભૂમિ વિજયમાં ઊતરે ત્યારે અતિમોહક લાગે છે એ ખરું. પરંતુ ઇતિહાસ તપાસીએ તો કેટલા વિજયો સ્થિર રહી શક્યા કેટલ વર્ષ પહોંચ્યાં છે? છેલ્લાં છેલ્લાં વીસ વરસોમાં જ કેટકેટલા વિજયો પરાજય બની ગયાં છે?

ગુજરાતનો સોલંકી યુગ મહાન હતો. સોલંકીઓ પરાક્રમી હતાં. મહારાજા સિદ્ધરાજ અને કુમારપાળ મહારાજશ્રીઓ હતા. તેમના વિજયો મહાન હતા. પરંતુ તેમના ભૂમિ વિજયો આજ ક્યાં છે? એ વિજયોના લીસોટા પણ આજ તો ભુંસાઈ ગયા છે.

અને એવા પરાક્રમી મહારાજાઓને પણ પોતાના વિજયોનો અસંતોષ રહેતો હતો. એ અસંતોષને સંતોષવા તેમની દૃષ્ટિ વિદ્વાનો, સાહિત્યકારો, તપસ્વીઓ અને સાધુઓ તરફ ઢળતી. અને ભૂમિ વિજય કરતાં વધારે શાંતિ, વધારે સુખ તેમને એ શસ્ત્રરહિત વીરો પાસેથી જ મળતાં.

ગુજરાતના શસ્ત્રરહિત વીરોના એક મહાન અગ્રણી તે શ્રી હેમચંદ્રાચાર્ય. તપસ્વી એ તેમનો જીવનક્રમ.

વિદ્વત્તા એ તેમની મોજ. સાહિત્ય એ તેમની સેવા. અહિંસાનો જ આગ્રહ રાખી, અહિંસાને જ આદર્શ ગણી આગળ વધવા મથતા જૈન ધર્મનું સ્થાન માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં અનેરું જ છે. ધર્મો તો સઘળા અહિંસાને મહત્ત્વ આપે જ છે. છતાં જૈન ધર્મની સમગ્ર રચનામાં રહેલી અહિંસા એ આત્મબળનો પ્રથમ સ્પષ્ટ સ્વીકાર કરનાર માર્ગસ્તંભ છે. એ ધર્મના એક મહાન પરિણામ સરખા આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ જૈનોના જ નહિ પણ સમસ્ત ગુજરાતની મહત્તાના પ્રતિનિધિ છે. સિદ્ધરાજ અને કુમારપાળના વિજયો પણ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ વડે જ ઓળખાય છે.

બ્રાહ્મણ ધર્મ—વૈદિક ધર્મ અને જૈન તથા બૌદ્ધ ધર્મની પરસ્પરમાં મળી જવાની વિશિષ્ટ ઉદારતાનો સાચો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે ખરો. પરંતુ એ આર્ય સંસ્કૃતિની ત્રણ પાંખડીઓની જ્યારે ઓળખ થશે ત્યારે તેમાં આચાર્યશ્રી હેમચંદ્રસૂરિનું સ્થાન મહત્ત્વનું જ રહેશે. શૈવમાર્ગી સિદ્ધરાજના પૂજ્ય બની ચૂકેલાં આ જૈનાચાર્ય આપણા મતમતાંતરોની વિશિષ્ટ ઉદારતાના એક ભવ્ય પ્રતિક સરખા છે.

અને તેમની વિદ્વત્તા ? એક જ વાત કહી દઉં. હેમવ્યાકરણનું એક પ્રકરણ અભ્યાસ અર્થે મારે જોવાનો પ્રસંગ આવ્યો. એ પ્રકરણનાં અદ્ભુત

ગુજરાતી
સાહિત્યના લોકલાડીલા
નવલકથાકાર

**સ્વ. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ**

ઉદાહરણોમાં રહેલું તે સમયનું ઉત્કૃષ્ટ સાહિત્ય આજ પણ ગુજરાતી સાહિત્યના આદિ પ્રવાહ તરીકે ઓળખી શકાય એમ છે. વ્યાકરણના નિયમો તો મને ના આવડયા. આવડયા હશે તો ભૂલી ગયો. પરંતુ દૃષ્ટાંતોમાં રહેલાં સાહિત્ય અને સાહિત્યમાં રહેલાં જૂના ગુજરાતના સંસ્કારની છાપ હજી ભૂંસાતી નથી એટલું જ નહિ તે તરફ વારંવાર વળવાની–અભ્યાસ કરી તેની ખૂબીઓ સમજવાની વૃત્તિ રહ્યા જ કરે છે. અને તેમ નથી બની શકતું એનો ભયંકર અસંતોષ રહ્યા કરે છે.

આજસુધી જેની પ્રેરણા પહોંચ્યા કરે છે એવા મહાન ગુજરાતી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિનો વિજય ભૂમિ વિજય કરતાં વધારે વિસ્તૃત, વધારે વ્યાપક અને વધારે દીર્ઘ છે. સિદ્ધરાજ કરતાં આચાર્યશ્રી વધારે જીવંત છે. ચક્રવર્તી સિદ્ધરાજે પણ એ સ્વીકાર કર્યો જ હતો. નહિ તો હેમવ્યાકરણ–સિદ્ધવ્યાકરણને હાથી ઉપર મૂકી તેનું રાજવૈભવી સરઘસ કઢાડનાર મહારાજાએ સો, બસો, હજાર કે લાખ સુવર્ણ મુદ્રાઓ આપી વેચાતું લેવાની સરળ આવડત બતાવી ન હોત?

વિદ્વાન આચાર્યશ્રીને આ માનની જરૂર ન હતી. કલિકાળ સર્વજ્ઞને માનની–અંગત માનની અપેક્ષા ન જ હોય. પરંતુ પુસ્તકને અપાયલા ઐતિહાસિક માનમાં વિદ્વાન વીર–સાધુવીર–સાહિત્યવીરના માન સ્વીકારનો એક ભવ્ય પ્રસંગ રચાયેલો છે. કલમ અને વાણી અહિંસાનો આશ્રય લે, કલમ અને વાણીનો ઘડનાર અહિંસાનો આશ્રય લે, તપસ્વી બને તો તેનું સાક્ષર જીવન હજાર વરસ જેટલું તો લાંબુ ચાલે જ. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના જીવનનું આ રહસ્ય.

એ મહાન ગુજરાતીની જયંતિ પ્રસંગે આપણે અહિંસાને વધારે ઓળખીએ, આપણે વિદ્વત્તાને વધારે ઓળખીએ તો આપણી માનવતા વધારે ચોખ્ખી થાય.

અને માનવતા વગર મહત્તા કેવી? માનવતાભરી મહત્તા જોવી હોય તો આચાર્યશ્રી હેમચંદ્રસૂરિને આપણે પ્રથમ જોવા પડશે.

કારણ—

એ હજી સજીવન છે. આપણે

સૌ ભુલાઈ ગયા હોઇશું ત્યારે યે જીવતા હશે.

કારણ ?

આચાર્યશ્રી હેમચંદ્રસૂરિની માનવતા. તપશ્ચર્યા વચ્ચે સચવાઈ રહેલી વિદ્વત્તા અને એ વિદ્વત્તામાં પણ જળવાઇ રહેલી સેવા ભાવના. નહિ તો એ ગ્રંથરચના કેમ કરત ?

અને તેમણે કેટકેટલું લખ્યું છે ? આજનો કોઇ સાહિત્યકાર તેનું માપ તો કહાડે ખરો !

એ સ્વતંત્ર ગુજરાતના, ધાર્મિક ગુજરાતના સેવાભાવી ગુજરાતના પ્રતિનિધિ હતા.

અને આજનો સાહિત્યકાર ?

એ પ્રશ્ન પૂછીને વિરમું છું.

અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઇએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની અખંડ—અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લા પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
| --- | --- | --- |
| **શેઠ વાડીલાલ રાઘવજી**<br>૬૧, ત્રાંબા કાંટા,<br>**મુંબઈ ૩.** | ૪૫૭, સરદાર વી. પી. રોડ,<br>૨ જે માળે,<br>**મુંબઇ ૪.** | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ<br>ઇશ્વરલાલ કસ્તુરચંદ<br>**સાળવી** |

© મુનિશ્રી પુણ્યવિજયજી

# મહાન આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ

ગુણવંતી ગૂર્જરભૂમિના સાર્વત્રિક ગૌરવમાં ઉમેરો કરનાર મહાન ગૂર્જરેશ્વર મહારાજાધિરાજ શ્રી સિદ્ધરાજ જયસિંહદેવના હૃદયમાં અને તેમની રાજસભામાં અગ્રસ્થાન પ્રાપ્ત કરનાર, ગૂર્જરેશ્વર મહારાજ શ્રી કુમારપાળ દેવનો અને જૈન પ્રજાનો તારણહાર, ભારતીય પ્રજાના કરકમલમાં અપૂર્વ અને વિશાળ સાહિત્યનો વારસો અર્પી જનાર અને કરનાર વિશ્વતોમુખી પ્રતિભાથી ભારતભૂમિને તેમજ જૈનપ્રજાને સમગ્ર વિશ્વમાં અમર કરનાર કલિકાલ સર્વજ્ઞ મહાન આચાર્ય શ્રી હેમચંદ્રનાં સંબંધમાં કાંઇ પણ લખવું, એ આ પળે માની લઇએ તેટલું સહેલું નથી. તે છતાં એ મહાપુરુષની પ્રતિભા, એમનું ગંભીર જ્ઞાન, એમની સાધુતા; એમનું સ્વપર શાસ્ત્ર વિષયક પારંગતપણું, એમની રાજનૈતિક નિપુણતા અને વ્યાવહારિક દક્ષતા, પોતાના જમાનાની સમર્થ વ્યક્તિઓમાં તેમનું સ્થાન વગેરે હકીકતોનો સામાન્ય જનતાને ખ્યાલ આવે એ બદલ સહજ ભાવે આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### જન્મ સ્થાનાદિ

"વિશ્વની મહાન વિભૂતિઓના જીવનની કિંમત તેમના જન્મ સ્થાન, જાતિ. માતા–પિતા આદિ ઉપરથી આંકવામાં નથી આવતી"—એ વાત સંપૂર્ણ રીતે સત્ય હોવા છતાં સામાન્ય પ્રજા તેમના વિષેની આ જિજ્ઞાસાને રોકી શકતી નથી; એટલે સૌ પ્રથમ અહીં ભગવાન શ્રી હેમચંદ્રના જન્મસ્થાન આદિનો પરિચય આપવામાં આવે છે.

ભગવાન શ્રી હેમચંદ્રનો જન્મ વિક્રમ સંવત્ ૧૧૪૫ની કાર્તિકી પૂનમને દિવસે ધંધૂકામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ચાચિગ હતું, માતાનું નામ પાહિણી હતું અને તેમનું પોતાનું નામ ચંગદેવ રાખવામાં આવ્યું હતું. તેમની જ્ઞાતિ મોઢ હતી.

### ભવિષ્યવાણી

શ્રી હેમચંદ્રનાં જન્મ પહેલાં તેમનાં ગુરુ ભગવાન શ્રી દેવચંદ્રસૂરિનાં દર્શન તેમનાં માતા પિતાને થવાં હતાં. જેઓ ચંદ્રગચ્છ મુકુટમણિ અને પૂર્ણતલ ગચ્છના પ્રાણ સમા હતા. તે વખતે તેમણે ચાચિગ અને પાહિણીને જણાવ્યું હતું કે—"તમારો પુત્ર જૈન શાસનનો ઉદ્ધારક મહાપ્રભાવક પુરુષ થશે."

### બાલ્યકાળ અને ગૃહસ્થ જીવન

આચાર્ય હેમચંદ્રના બાલ્યકાળ અને ગૃહસ્થ જીવન વિષે આપણે ફક્ત

એટલું જ જાણી શકીએ છીએ કે, ચંગદેવ બાળક ( ભાવિ હેમચંદ્રાચાર્ય ) પાંચ વર્ષનો થયો ત્યારે, એક વખત તે તેની માતા સાથે દેવ મંદિરમાં દર્શન કરી ગુરુ વંદન માટે ઉપાશ્રયે ગયો. આ પ્રસંગે ચંચળ સ્વભાવનો બાળક ચંગદેવ, વિહાર કરતાં કરતાં ત્યાં (ધંધૂકામાં) આવીને રહેલાં શ્રી દેવચંદ્રસૂરિના આસન ઉપર બેસી ગયો. આ સમયનો લાભ લઈને આચાર્યે બાળકનાં લક્ષણો જોઈ લીધાં અને તેની માતાને તેના જન્મ પહેલાં પોતે કહેલી વાત યાદ કરાવી.

## શિષ્ય ભિક્ષાની યાચના

આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિએ ચંગદેવમાં જૈન શાસનના મહાપ્રભાવક પુરુષ તરીકેની યોગ્યતાના દરેક શુભ ચિહ્નો અને સ્વાભાવિક ચપળતા જોયા પછી સંઘના આગેવાન ગૃહસ્થોને બોલાવ્યા અને કેટલીક વાતચીત કરીને તેમને સાથે લઈ તેઓશ્રી ચાચિંગ અને પાહિણીને ઘેર ગયા.

આચાર્યશ્રી અને શ્રી સંઘને પોતાને આંગણે પધારેલાં જોઈ, પાહિણીએ તેમનું યોગ્ય સ્વાગત કર્યું અને તેમના આગમનનું કારણ પૂછ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે—"તારો પુત્ર જૈન શાસનનો ઉદ્ધાર કરનાર મહાપુરુષ થઈ શકે તેવાં શુભ લક્ષણોથી અલંકૃત છે, માટે તારાં પુત્રને તું અમને શિષ્ય તરીકે અર્પણ કરી દે." આ સાંભળી પાહિણી પોતે એકલી હોવાથી વિમાસણમાં પડી ગઈ કે—"એક તરફથી બાળકનો પિતા ઘરમાં નથી અને બીજી બાજુ ગુરુદેવ અને શ્રી સંઘ મારે આંગણે પધારેલા છે. આ સ્થિતિમાં મારો ધર્મ શો હોઈ શકે? તેમજ પોતાના ગુણવાન ને પ્રાણાધિક પુત્રને આપી પણ શી રીતે દેવો?" આખરે પાહિણીએ જાતે જ નિર્ણય કરી લીધો કે—"ગુરુદેવ અને શ્રી સંઘ મારા સદ્ભાગ્યે મારે આંગણે પધારેલાં છે, તેમના વચનનો અનાદર કરવો જોઈએ નહિ તેમજ મારો પુત્ર જૈન [illegible]ન અને જગતનો તારણહાર થતો હોય તો મારે આનંદ જ મનાવવો જોઈએ."—આ પ્રમાણે વિચાર કરી પાહિણીએ પોતાના પ્રિય પુત્રને ગુરુ મહારાજના કરકમલમાં અર્પણ કરી દીધો.

## દીક્ષા

જન્માંતરના શુભ સંસ્કારી બાળક ચંગદેવે ગુરુ મહારાજનાં નિર્મળ સ્નેહભર્યા ઉપદેશામૃતનું પાન કર્યું અને આંતરિક ઉત્સાહ પૂર્વક ગુરુ ચરણમાં વિક્રમ સંવત ૧૧૫૦માં સંસારતારિણી પ્રવ્રજ્યા સ્વીકારી અને તેમનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું.

## વિદ્યાભ્યાસ

વિશ્વના ઝગમગતા સિતારા સમાન મહાપુરુષોમાં કુદરતી જ એવી પ્રતિભા અને બુદ્ધિ વૈભવ હોય છે કે, જેના અગમ્ય રીતે જ દરેક પ્રકારની સિદ્ધિ

સહજમાં અને સ્વલ્પ સમયમાં મેળવી લે છે. તેમને કોઈ સરસ્વતીને પ્રસન્ન કરવા જવું પડતું નથી કે નથી તેમને કોઇના વધારે પડતા ગુરુત્વની પણ આવશ્યકતા હોતી. આપણા બાળમુનિ **શ્રી સોમચંદ્ર** પણ પોતાની સ્વાભાવિક પ્રજ્ઞાના બળે થોડાં જ વર્ષોમાં વિદ્યાના દરેક ક્ષેત્રમાં પારંગતપણું મેળવી લીધું હતું.

## આચાર્યપદ

બાળમુનિ શ્રી સોમચંદ્ર બાળક હોવા છતાં અબાળ સ્વભાવી ઉત્તમ સંસ્કાર સંપન્ન મહાપુરુષ હતાં. એ જ કારણે તેમના બાળ સ્વભાવ–સુલભ ચંચળતા આદિ ગુણોએ તેમને વિદ્યાભ્યાસ અને ત્યાગ–સંયમનો આદર્શ સાધવામાં ખૂબ જ સહાય કરી હતી. બાલ્યાવસ્થાથી જ તેઓશ્રી જિતેન્દ્રિય, સંયમી અને સ્થિર ચિત્તવાળા હતા. એમના એ વિશિષ્ટ ગુણોનો પરિચય આપણને એમના બાળ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાંથી સહેજે મળી રહે છે.

એમનો ઊંડો અભ્યાસ, અપૂર્વ ત્યાગવૃત્તિ, પ્રૌઢ તપઃપ્રભાવ અને સ્વાભાવિક ઓજસ્વિતા વગેરે પ્રભાવશાળી ગુણો જોઈ ગુરુદેવ આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિ અને શ્રી સંઘે મળી સંવત ૧૧૬૨ માં સત્તર વરસની ઉંમરે પહોંચેલા બાળમુનિ શ્રી સોમચંદ્રને આચાર્યપદ ઉપર સ્થાપન કર્યાં અને એમનું નામ સોમચંદ્રને બદલે **હેમચંદ્ર** રાખવામાં આવ્યું. આ પછી તેઓશ્રી **હેમચંદ્રાચાર્ય** તરીકે ઓળખાવા લાગ્યા.

## ગૂર્જરેશ્વર શ્રી સિદ્ધરાજ સાથે સમાગમ

ભગવાન હેમચંદ્રાચાર્ય દેશવિદેશમાં વિહાર કરતાં કરતાં અને સ્થાનમાં પોતાના ત્યાગ અને પાંડિત્યની સૌરભને વેરતા વેરતા અનુક્રમે ગુર્જરેશ્વરની રાજધાની પાટણ નગરમાં પધાર્યા. એમના પાટણના નિવાસ દરમિયાન લોક સમુદાયમાં અને વિદ્વદ્ વર્ગમાં તેમનાં ત્યાગ, તપ, પાંડિત્ય વગેરે ગુણોની ખ્યાતિ ખૂબ વધી, છેવટે આ બધાય સમાચાર ગૂજરાતના પ્રજાપ્રિય માન્ય વિદ્વાન મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવની રાજસભામાં પણ પહોંચી ગયા. અને વિદ્વાન ગૂર્જરેશ્વરે ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યને ઉત્કંઠાભર્યા હૃદયે આમંત્રણ મોકલ્યું. આચાર્યશ્રીએ પણ ધર્મ ભાવનાની વૃદ્ધિ વગેરે ધ્યાનમાં લઈ એ આમંત્રણને કબૂલ રાખ્યું અને ગૂર્જરેશ્વરને દર્શન આપવા માટે પોતે તેમનાં સ્થાનમાં ગયાં.

ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનાં દર્શન અને વચનામૃતનું પાન કરી ગૂર્જરેશ્વર એટલા પ્રસન્ન થયાં કે તેમણે આચાર્યશ્રીને પ્રસંગે પ્રસંગે પોતાને ત્યાં પધારવા માટે ભાવભીનો આગ્રહ કર્યો. આચાર્યશ્રી પણ ગૂર્જરેશ્વરની વિનંતીને

માન્ય રાખીને અવારનવાર જતા આવતા. આ પછી ઉત્તરોત્તર ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન ગૂર્જરેશ્વરની રાજસભા અને તેના વિદ્વદ્વર્ગમાં ઘણું જ આગળ પડતું થઇ ગયું.

વિક્રમ સંવત ૧૧૮૧ માં ગૂર્જરેશ્વરની રાજસભામાં ખુદ ગૂર્જરપતિ અને કવિ ચક્રવર્તિ શ્રીપાળના અધ્યક્ષપણા નીચે કર્ણાટક દેશીય દિગંબર તાર્કિકાચાર્યવાદી શ્રી કુમુદચંદ્ર સાથે થયેલ ગૂર્જર દેશીય શ્વેતાંબર તાર્કિક શિરોમણિ સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથના પ્રણેતા મહાવાદી શ્રી દેવચંદ્રસૂરિના વાદ પ્રસંગે રાજસભામાં શ્રી હેમચંદ્રાચાર્યનું મહત્તાભર્યું સ્થાન હતું.

## સિદ્ધહેમ વ્યાકરણની રચના

વિદ્વાન ગૂર્જરેશ્વર મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવની રાજસભા એટલે સમગ્ર ગુજરાતના અને દેશ-વિદેશના પંડિત ચક્રવર્તિઓની સભા. એ રાજસભાના સઘળા વિદ્વાનો ભગવાન હેમચંદ્ર પ્રત્યે તેમના અબાધ્ય પાંડિત્યને કારણે બહુમાનની નજરે જોતાં હતાં. વિક્રમ સંવત ૧૧૯૨ માં માલવપતિ શ્રી યશોવર્માને હરાવ્યા પછી ત્યાંની લૂંટમાં ત્યાંનો રાજકીય જ્ઞાનભંડાર (પુસ્તકાલય) ગૂર્જરેશ્વરના હાથમાં આવ્યો હતો, તેનું અવલોકન કરતાં તેમાં ભોજ વ્યાકરણની નકલ જોયા પછી, ગૂર્જરેશ્વરના હૃદયમાં પોતાના દેશમાં સ્વતંત્ર વ્યાકરણના સર્જન માટેની તીવ્ર ઊર્મિ ઉત્પન્ન થઇ અને પોતાનો એ વિચાર તેમણે રાજસભાના દરેક પ્રખર વિદ્વાનો સમક્ષ જાહેર કર્યો. આ પ્રસંગે રાજસભાના દરેક વિદ્વાને ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય તરફ આંગળી ચીંધી એકી અવાજે જણાવ્યું કે "મહારાજ! આપની આ અતિ મહાન ઇચ્છાને પૂર્ણ કરવા માટે આ મહાપુરુષ સિવાય બીજું કોઇ સમર્થ નથી." છેવટે ગૂર્જરેશ્વરે આચાર્યશ્રીને જોઇતાં દરેક સાધનો પોતાની રાજકીય લાગવગથી પૂરાં પાડયાં અને આચાર્યએ પોતાશ્રીનાં અને ગૂર્જરેશ્વરના નામને અમર કરતાં સર્વાંગપૂર્ણ સિદ્ધહેમ વ્યાકરણની રચના કરીને માત્ર ગૂર્જરેશ્વરને જ નહિ પણ આખા વિશ્વને પોતાના અજોડ પાંડિત્યનો પરિચય આપ્યો. કહેવાની જરૂર નથી કે, આ પછી ગૂર્જરેશ્વર ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનો અનન્ય મિત્ર ને સેવક બની ગયો હતો.

## રાજનૈતિક નિપુણતા

ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના જેમ તેમના ગુણથી આકર્ષાયેલા સંખ્યાબંધ પૂજકો અને મિત્રો હતાં તે જ રીતે તેમના વિરોધીઓની સંખ્યા પણ તેટલી જ હતી. આમ છતાં પોતાની પ્રખર પ્રતિભા અને રાજનૈતિક નિપુણતાને પ્રતાપે તેઓએ બધાંનો અડગપણે સામનો કરી શક્યા હતાં;

અને એમનાં આખા જીવનમાં એવો એક પણ પ્રસંગ આવ્યો નથી કે કોઈપણ પ્રસંગે કોઈપણ એમનો તેજોવધ કરી શક્યું હોય. ખરે જ માનવ જાતિ માટે બધું જ શક્ય હશે પણ પરસ્પર વિરુદ્ધ વાતાવરણ અને કાવા દાવાથી ભરપૂર રાજસભામાં અડગપણે ટકી રહેવું અને તે પણ સંખ્યાતીત વર્ષોના પારસ્પરિક વિરોધના ભોગ બનેલ શ્રમણ સંસ્કૃતિનાં ધારક સાંપ્રદાયિક પુરુષ માટે-ઘણું જ અઘરું છે. છતાં આપણે આજે એ પ્રત્યક્ષ અનુભવી શકીએ છીએ કે ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય એ સ્થિતિમાં અડગપણે ઊભા રહી શક્યાં હતાં. એટલે આ રીતે વિચાર કરતાં ખરે જ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યે જગત સમક્ષ ધાર્મિકતા પ્રધાન રાજનૈતિક નિપુણતાનો અપૂર્વ આદર્શ દાખલો ખરો કર્યો છે.

## કુમારપાળ સાથે સંબંધ

ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય એ ચૌલુક્યવંશી ગૂર્જરેશ્વરોના ગાઢ સમાગમમાં આવ્યા હતા. એક મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવ અને બીજા મહારાજા શ્રી કુમારપાળ દેવ એકની સાથે અમુક અંશે ધાર્મિકતાનો સંબંધ હોવા છતાં મુખ્યત્વે વિદ્વત્તાનો સંબંધ હતો. જે આપણે ઉપર જોઈ ગયા છીએ; જ્યારે બીજાની સાથેનો સંબંધ ધાર્મિકતામાંથી જનમ્યો હતો અને ધાર્મિકતામાં જ પરિણમ્યો હતો.

આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યનો મહારાજા શ્રી કુમારપાળદેવ સાથેનો સંબંધ, તેઓ જ્યારે મહારાજ સિદ્ધરાજ તરફના મૃત્યુ ભયથી ત્રાસીને નાસભાગ કરતા હતા તે પ્રસંગે થયો હતો. અને મુખ્યત્વે કરીને ભય પ્રસંગના તેમના રક્ષણની ધાર્મિક વૃત્તિમાંથી જનમ્યો હતો અને આદિથી અંત એ સંબંધ એ રૂપમાં જ કાયમ બન્યો હતો.

## ઉપદેશની અસર

ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશે મહારાજ શ્રી કુમારપાળદેવના હૃદયમાં એટલી તીવ્ર અને ઉંડી અસર નીપજાવી હતી કે આખરે એ એક ધાર્મિક અથવા જૈન ધર્માવલંબી રાજા બની ગયો હતો. તે છતાં ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યે તેમની પાસે જૈનધર્મને લગતાં જ કાર્યો કરાવવામાં તત્પરતા રાખી હતી એમ નહોતું; પરંતુ સર્વ સામાન્ય હિતનાં કાર્યો પણ તેમણે કરાવ્યાં હતાં.

સર્વ સામાન્ય હિતના કાર્યોમાં મુખ્યપણે સાત વ્યસન જેમાં જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને વ્યભિચારનો સમાવેશ થાય છે અને જે પ્રજા જીવનને અને માનવતાને હલકે દરજ્જે લઈ જનાર છે તે ઉપદેશ અને રાજસત્તા દ્વારા અટકાવવામાં આવ્યા હતાં. જ્યાં લાગવગ પહોંચી શકે તેવાં અન્ય રાજ્યોમાં પણ વિવિધ સાધનો દ્વારા તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ સિવાય અતિ પ્રાચીન સમયથી ચાલ્યો આવતો નિર્વારસદાર વિધવા સ્ત્રીઓની મિલકત પડાવી લેવાનો રિવાજ—જેની વાર્ષિક આવક બોત્તેર લાખની આસપાસની હતી. તેને પણ જતો કરવામાં આવ્યો હતો.

આ બધાય કરતાં ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનાં ઉપદેશની મહાભારત અસર એ થઇ હતી કે, માંસાહાર નિમિત્ત તેમજ યજ્ઞ યાગાદિમાં નિરર્થક રીતે થતા અનેક પશુઓના સંહારને દયાળુ ગૂર્જરેશ્વર દ્વારા અટકાવવામાં આવ્યા હતો.

ટૂંકમાં આપણે એમ કહી શકીએ કે ગૂજરાત વગેરે દેશોમાં આજે પણ જે દુર્વ્યસનોનો અલ્પ પ્રચાર છે, નિર્વંશીયાનું ધન પડાવી લેવાનો રિવાજ જોવામાં નથી આવતો તેમજ યજ્ઞ—યાગાદિ નિમિત્ત થતો પશુવધ લગભગ અટકી ગયો છે એ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિના પવિત્ર ઉપદેશ અને ગૂર્જરેશ્વર શ્રી કુમારપાળની અજોડ ધાર્મિકતાનો જ પ્રતાપ છે.

## ગ્રંથ રચના

**[ લેખક મુનિશ્રીએ જે ગ્રંથોની યાદી આ લેખમાં આપી છે તે આ અંકમાં અન્યત્ર અલગ પ્રગટ કરેલી છે. —સંપાદક ]**

ભગવાન શ્રી હેમચંદ્રસૂરિકૃત ગ્રંથોના નામોની જે યાદી આપવામાં આવી છે તેમાંના વિવિધ વિષયો, તે તે ગ્રંથમાં કરવામાં આવેલો તે તે વિષયોનો ઉહાપોહ અને તે તે ગ્રન્થમાં કરેલી તતદ્વિષયક અનેકાનેક શાસ્ત્રોની ઝીણવટભરી ચર્ચા—આ બધા તરફ ધ્યાન આપતાં જાણી શકાય છે કે તેઓશ્રીએ સાહિત્યના પ્રત્યેક અંગને કેટલો ન્યાય આપ્યો છે, એ પ્રત્યેક અંગની કેટલી ઝીણવટથી મીમાંસા કરી છે અને એ પ્રત્યેક અંગનો વિચાર કરવા માટે તે સમયના વિશાળ સાહિત્યનું તેમણે કેટલી ગંભીરતાથી અવગાહન કર્યું હશે અને તે સાથે તેમની પ્રતિભા તેમનું સૂક્ષ્મદર્શિપણુ, તેમનું સર્વ દિગ્ગામી પાંડિત્ય અને તેમના બહુશ્રુત-પણાનો પરિચય આપણને મળી રહે છે.

## ગ્રંથોનું ગૌરવ

ભગવાન શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા ગ્રંથો એટલે ગંભીર અને સર્વાંગપૂર્ણ રચના. સિદ્ધહેમ વ્યાકરણ, દ્વાયાશ્રય મહાકાવ્ય, અભિધાનકોશો કે કાવ્યાનુ-શાસન આદિ જેવા પ્રસાદભૂત ગ્રંથો જ નહિ પણ અન્યયોગ—વ્યવચ્છેદ દ્વાત્રિં-શિકા જેવા ફક્ત કર કાવ્યના એક નાના સરખા સ્તુતિ ગ્રંથને લઇને વિચાર કરવામાં આવે તોપણ આપણે એમ જ કહેવું પડે કે આચાર્ય શ્રી હેમચંદ્ર-સૂરિએ આ નાનીશી કૃતિમાં સ્યાદવાદ, નય, પ્રમાણ અને સપ્તભંગી વિષે તેમજ સ્વપર દર્શનનાં સિદ્ધાંતો ઉપર અતિ ગંભીર અને સૂક્ષ્મ વિચારો રજૂ કરી જગતને પોતાના મહાન વિજ્ઞાનનો પરિચય કરાવ્યો છે.

## ગ્રંથોનું સ્થાન

આચાર્યશ્રી હેમચંદ્રસૂરિની કૃતિ-

ઓના સાહિત્યના સમરાંગણમાં કોઈ પણ સ્થળે પરાભવ કે અનાદર થયો નથી એટલું જ નહિ કિંતુ તેમની કૃતિઓને ભારતવર્ષમાં પ્રાચીન સમર્થ જૈનેતર વિદ્વાનોએ સુદ્ધાં માન્ય રાખી છે. છંદ શાસ્ત્રના ટીકાકાર હલાયુધ જેવા વિદ્વાનોએ તો પોતાની કૃતિઓમાં આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિની કૃતિઓમાંથી ગ્રંથસંદર્ભનાં સંદર્ભો જ અપનાવી લીધાં છે.

**જૈન સંપ્રદાયમાં ભગવાન શ્રી હેમચંદ્રસૂરિનું સ્થાન**

ભગવાન શ્રી હેમચંદ્રસૂરિનું જૈન સંપ્રદાયમાં જે અતિ ઉચ્ચ સ્થાન હતું તેનું વર્ણન કરવું તે એક રીતે વધારે પડતું જ ગણાય. તે છતાં ટૂંકમાં એટલું કહેવું જોઈએ કે તેમનાં સમયના કોઈ ગચ્છ કે પરંપરા એવાં ન હતાં કે જે એમનાં ગુણોથી મુગ્ધ ન હોય અને જેણે એમના ગુણોનું વર્ણન ન કર્યું હોય ટીકાકાર તરીકેનું અજોડ કૌશલ ધરાવનાર સમર્થ આચાર્ય શ્રી મલયગિરિએ તો આવશ્યક સૂત્રની વૃત્તિમાં **તથા ચાહુ: સ્તુતિષુ ગુરવઃ** એ પ્રમાણે લખીને ભગવાન શ્રી હેમચંદ્રસૂરિ કૃત અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાંના શ્લોકનો ઉલ્લેખ કર્યો છે. અને એ રીતે ભગવાનને પોતાના ગુરુત્વ સ્થાનમાં માની લીધાં છે.

**કાર્યદક્ષતા**

ભગવાન શ્રી હેમચંદ્રસૂરિએ તેમના જીવનમાં રાજા અને રાજાના અનુયાયીઓ, મિત્રો અને વિરોધીઓ, જૈન અને જૈનેતર, ધર્મોપદેશ અને નવસાહિત્ય સર્જન, નિર્ગ્રંથ જીવન અને જગતનો સંબંધ એ દરેકને એક સરખો ન્યાય આપવાનો હતો. આ દરેક કાર્ય પૈકી એક પણ કાર્યને તેઓશ્રીએ તેમના જીવનમાં ઓછો ન્યાય આપ્યો નથી. ઉપરની બાબતોનો વિચાર કરતાં ખરેજ આપણે આશ્ચર્યમુગ્ધ બની જઈએ છીએ કે એ મહાપુરુષ કયે સમયે કઈ વસ્તુને કેવી રીતે ન્યાય આપતા હશે, એમનું જીવન કેટલું નિયમિત હશે અને જીવનની પળેપળને તેઓ કેટલી મહત્ત્વની લેખતા હશે. ખરેજ વિશ્વની મહાવિભૂતિઓમાં ભગવાન શ્રી હેમચંદ્રસૂરિનું સ્થાન કોઈ અનેરું જ છે અને એ એમની કાર્યદક્ષતાને જ આભારી છે.

**ઉપસંહાર**

અંતમાં એટલું કહેવું વધારે પડતું નથી કે દેશવિદેશના લાખો જ નહિ બલકે કરોડો કે અબજો વરસોનો ઇતિહાસ એકઠો કરવામાં આવે તો પણ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય જેવા નિર્લેપ, આદર્શજીવી, વિદ્વાન, સાહિત્યસર્જક, રાજનીતિ નિપુણ, વ્યવહારજ્ઞ, વર્ચસ્વી અને પ્રતિભાશાળી પુરુષની જોડ જડવી અતિ મુશ્કેલ બને. અને એ જ કારણસર ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય માટે કલિકાલ સર્વજ્ઞ તરીકેનું જે બિરુદ યોજવામાં આવ્યું છે તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

★

# આચાર્ય હેમચંદ્રસૂરિ
# તેમની સર્વગ્રાહી વિદ્વતા.

લે : દિ. બા. શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી

**આ**ચાર્ય હેમચંદ્રસૂરિનાં રચેલાં સાહિત્યના ગ્રંથો તેમનાં પોતાના સમયમાં તો અનુપમ સ્થાન ભોગવતાં હતાં એ ખરું, પણ તેમણે સાહિત્યમાં આપેલા ફાળાનું પૂર જોતાં હંમેશને માટે તેઓ અનુપમ સ્થાન ભોગવે છે એમ કહેવું ખોટું નથી. એમનો સમય સમર્થ વિદ્વાનો અને પંડિતોનો હતો. તે વખતે ઉત્તરમાં કાશ્મીરથી માંડીને દક્ષિણમાં ઠેઠ કાન્યકુબ્જ સુધી ભરતખંડ વાગ્ભટ્ટ, વિશ્વેશ્વર, દેવબોધ શ્રીપાલ, વાદિદેવસૂરિ એવા એવા સમર્થ વિદ્વાનો અને પંડિતોથી રાચતો હતો. અને તેવા પંડિતોમાં એક અનુપમ સ્થાન મેળવવું એ ખરેખર એક અપૂર્વતા જ હતી. તે સમયના અથવા ત્યાર પહેલાંના યુરોપીય વિદ્વાનો, પંડિતો, કવિઓ, નાટયકારો, તત્ત્વજ્ઞો લો, તો પણ એમની બરોબરી કરી શકે તેવું કોઈ નથી. એરીસ્ટોટલ અને પ્લેટો પણ શ્રી હેમચંદ્રસૂરિની કક્ષામાં આવી શકતાં નથી કારણ હેમચંદ્રાચાર્યની સાહિત્ય કૃતિઓનો વિસ્તાર વિષય સંબંધે સર્વગ્રાહી હતો. એરીસ્ટોટલ વગેરેનો તેવો સર્વગ્રાહી ન હતો.

વ્યાકરણ જેવો કઠિન અને નિરસ વિષય તેમણે પોતાની કલમથી શોભાવ્યો, સરળ કર્યો ને પાણિનિનું સ્થાન મેળવ્યું. 'સિદ્ધહૈમ' વ્યાકરણ સિદ્ધરાજની પ્રેરણાથી કેવી રીતે લખાયું તે સર્વેની જાણમાં છે. આવા કઠિન વિષય પર તેમણે બે ત્રણ વરસના ગાળામાં એવો ગ્રંથ રચી કાઢયો કે આજે પણ તે અજોડ છે; અને તે સંસ્કૃત અને પ્રાકૃત બંનેમાં રચાયેલાં વ્યાકરણના એક બે નહિ પણ નવ ગ્રંથો છે, જેમાં ધાતુપાઠ, લિંગાનુશાસન વગેરેનો સમાવેશ થઈ જાય છે.

કાવ્ય ગ્રંથોની સંખ્યા છની છે. જેમાંના કેટલાક સંસ્કૃત, તેમ જ પ્રાકૃત બંનેમાં રચાયેલાં છે. જેમ કે 'દ્વયાશ્રય' શ્રી હેમચંદ્રાચાર્યને ઇતિહાસના પુસ્તકો રચવા તરફ નૈસર્ગિક પ્રીતિ હતી. આપણને એમ સમજાવવામાં આવ્યું છે કે સ્વાભાવિક રીતે ઈસ્લામી લેખકો જ તવારિખ કે ઇતિહાસ લખવા પ્રેરાય છે. પરંતુ એ બરાબર નથી. શ્રી. હેમચંદ્રાચાર્યનો તથા તેમની આસપાસના સમયનો સાહિત્યનો વિકાસ એ તરફ ઘણો ઢળેલો હતો.

જો તેમ હોય નહિ તો 'પ્રબંધચિંતા-મણિ' 'કુમારપાલ ચરિત્ર' 'પ્રભાવક ચરિત્ર' 'દ્વયાશ્રય' વગેરે ગ્રંથો લખાત જ નહિ.

કોશરચના તરફ એમનું કેટલું તીવ્ર વલણ હશે એ માત્ર એ કોશોની સંખ્યા તથા નામ જાણવાથી જ તરત ધ્યાનમાં આવશે. તેમણે એક નહિ પણ પાંચ કોશ રચ્યાં છે. અભિધાન-ચિંતામણી, અનેકાર્થકોશ. શેષકોશ નિઘણ્ટુકોશ અને દેશી નામમાળા. (સવૃત્તિ). આમાંથી છેલ્લો ગ્રંથ આજે પણ ઘણી રીતે ઉપયોગી થઈ પડે તેમ

ન્યાયનો વિષય એમને અપરિચિત ન હતો. પ્રયાણમિંમાસા સાથે ન્યાયના તત્ત્વજ્ઞાનના એમના ચાર ગ્રંથ જાણીતા છે.

યોગશાસ્ત્ર તથા રાજનીતિ એ બંને વિષય પણ એમણે ખેડયા છે. નાટક અને નાટયશાસ્ત્રને તે સમયના વિદ્વાનો પોતાનો અભ્યાસનો તથા પોતાની કલમને અજમાવવાનો સાધારણ વિષય ગણતા. સૂરિજીએ તેટલા માટે-'ચંદ્રલેખા વિજય પ્રકરણ'-નાટક લખીને તે વિષય પણ પોતાને સુલભ હતો તેમ ભાન કરાવ્યું.

કાવ્યાનુશાસન અને અલંકાર ચૂડામણિ વિવેક એ બે અલંકારના ગ્રંથો જોતાં આચાર્યનું સંસ્કૃત સાહિત્યનું જ્ઞાન કેટલું બહોળું હતું તે સહજ સમજાય છે.

છેવટ, પોતે ચુસ્ત જૈન હોવા છતાં-જૈનોનું શાસન જ્યાં ત્યાં અમલમાં મુકાવવા પોતાના ધર્મથી બંધાયેલાં હોવા છતાં બીજા ધર્મ પ્રત્યે કેટલા સહિષ્ણુ હતાં તે એમનો, 'મહાદેવ સ્તોત્ર' નામનો સ્તુતિગ્રંથ બતાવી આપે છે; અને તે હકીકત દરેક રીતે તેમના મોટા મન ને એમની વિશાળ ભાવનાની સાબિતી પૂરી પાડે છે.

એમના કાવ્યમાં મધુરતા, સરળતા અને વિષયની ગંભીરતા ઠેક ઠેકાણે પ્રસરી રહેલી છે. એમણે પોતાના સમયમાં પણ પોતાની વિદ્વત્તા, કલા અને આત્મ જ્યોતિને લઇને ઘણા સુધારા કર્યાં છે, એ હકીકત એમના તથા એમના સાહિત્યના સમયની આસપાસના સાહિત્યનો બારીક અભ્યાસ કરવાથી તરત જણાઇ આવે છે.

એવી વ્યક્તિને માટે જ્યોતિર્ધર કહો, યુગ પ્રવર્તક કહો, કલિકાલ સર્વજ્ઞ કહો અથવા તેથી પણ વધારે ઉચ્ચતા દર્શાવતા વિશેષણ વાપરો, તો તેમાં સહેજ પણ અતિશયોક્તિ વાપરી કહેવાશે નહિ.

✱

# પરમાર્હત
# કુમારપાળનો
# દૈનિક કાર્યક્રમ

લ : શ્રી જિનવિજય મુનિ

કુમારપાળની દિનચર્યા બરાબર વ્યવસ્થિત હતી. વિલાસ કે વ્યસનને તેમના જીવનમાં સ્થાન જ નહતું. તે બહુ જ દયાળુ અને ન્યાય પરાયણ હતો. તે અંતરથી ખરેખરો મુમુક્ષ હતો. અને ઐહિક કામનાઓથી તેનું મન ઉપશાંત થયું હતું. રાજધર્મ છે એમ જાણીને તે રાજની સર્વ પ્રવૃત્તિ કાળજી પૂર્વક જોતો પણ તેમાં તેની આસક્તિ ન હતી. તેની દિનચર્યાના સંબંધમાં શ્રી હેમચંદ્રચાર્યે–પ્રાકૃત દ્વયાશ્રય કાવ્યમાં અને સોમપ્રભાચાર્યે કુમારપાલ પ્રતિબોધ નામના ગ્રંથમાં જે સુચવ્યું છે તે પરથી સમજાય છે કે—

કુમારપાળ સવારના વખતમાં, સૂર્યોદય થયાં પહેલાં જ શય્યામાંથી ઊઠી જતો અને સૌથી પ્રથમ જૈનધર્મમાં મંગલભૂત ગણાતા અરિહંત, સિદ્ધ, આચાર્યાદિ પાંચ નમસ્કાર પદનું સ્મરણ કરતો.

પછી શરીર શુદ્ધિની ક્રિયા વગેરેથી નિવૃત્ત થઈ, પોતાના રાજમહાલયમાં જે ગૃહચૈત્ય હતું તેમાં જઈ પુષ્પાદિથી જિન પ્રતિમાની પૂજા કરી સ્તવના સાથે પંચાંગ પ્રણિપાત કરતો.

ત્યાંથી નીકળી, પછી તે તિલકાવસર નામના મંડપમાં જઈને સુકોમલ ગાદી ઉપર બેસતો. ત્યાં તેની સામે બીજા સામંત રાજાઓ આવીને બેસતાં. પાસે ચામર ધારણ કરનારી વારાંગનાઓ ઊભી રહેતી. પછી રાજપુરોહિત કે બીજા બ્રાહ્મણો આવીને રાજાને આશીર્વાદ આપતાં અને તેમના કપાળમાં ચંદનનું તિલક કરતાં. તે પછી બ્રાહ્મણો તિથિ વાચન કરતા, તે કુમારપાળ સાંભળતો. ત્યારબાદ બ્રાહ્મણોને દાન આપી તેમને વિદાય કરતો અને પછી તરત જ અરજદારોની અરજીઓ સાંભળતો.

પછી ત્યાંથી ઊઠીને મહેલોની અંદર જ્યાં માતા અને તેની બીજી માતા જેવી રાજવૃદ્ધા સ્ત્રીઓ રહેતી ત્યાં જઈને તેમને નમસ્કાર કરતો અને તેમના આશીર્વાદ મેળવતો.

તે પછી ફળ, ફુલ, આદિ વડે રાજલક્ષ્મીની પૂજા કરાવતો અને બીજા પણ દેવી દેવતાની જે પ્રતિમાઓ

રાજમહેલમાં રહેલી હતી તેમની સ્તુતિ વગેરે કરાવતો. વૃદ્ધ સ્ત્રીઓ વગેરેને સહાયતાર્થે ધન આપતો.

ત્યાંથી પછી તે વ્યાયામશાળામાં જતો અને યથાયોગ્ય વ્યાયામ કરતો.

પછી સ્નાન કરી, વસ્ત્ર વગેરે પહેરી રાજમહેલના બહારના ભાગમાં આવતો. ત્યાં તે પહેલાંથી જ સવારી માટે તૈયાર કરી રાખેલા રાજગજ ઉપર આરૂઢ થઈ, સઘળા સામંત, મંત્રી આદિ પરિવાર સાથે પોતાનાં પિતાના પુણ્ય નામથી અંકિત ત્રિભુવન-પાલ વિહાર નામનું જે મહાવિશાળ અને અતિ ભવ્ય જૈન મંદિર કરોડો રૂપિયા ખર્ચ કરી તેણે બંધાવ્યું હતું તેનાં દર્શન અને પૂજન કરવા માટે જતો. જે વખતે તે જિનમૂર્તિને અભિષેક કરાવતો. તે રંગમંડપમાં વારાંગનાઓ ઘણા આડંબર સાથે નૃત્ય અને ગાન કરતી.

જિનમંદિરમાં પૂજા વગેરેનો વિધિ સમાપ્ત કરી તે પછી શ્રી હેમચંદ્રાચાર્ય પાસે જઈ તેમના ચરણ વંદન કરતો અને ચંદન કપૂર અને સુવર્ણ કમળો વડે તેમના ચરણોની પૂજા કરતો. તેમના મુખેથી યથાવસર ધર્મબોધ સાંભળી ત્યાંથી રાજમહેલ તરફ પાછો ફરતો.

પાછા ફરતી વખતે તે હાથી પૂર ન ચઢતાં ઘોડા ઉપર સવાર થતો અને સ્વસ્થાને પહોંચતો. ત્યાં પછી યાચકાદિ જનોને યથાયોગ્ય દાન વગેરે આપીને ભોજન કરતો.

તેનું ભોજન બહુ જ સાત્ત્વિક પ્રકારનું રહેતું. જૈનધર્મનાં બોધ પ્રમાણે તે ઘણીવાર એકાસણાં વગેરે તપ કરતો. અને લીલા શાક વગેરે સ્વાદવાળા પદાર્થોનો ત્યાગ કરતો.

જમી રહ્યા પછી તે આરામગૃહમાં બેસતો અને ત્યાં યથા પ્રસંગ વિદ્વાનોની સાથે શાસ્ત્ર અને તત્ત્વ સંબંધી વિચાર કરતો.

ત્રીજો પહોર ઢળ્યા પછી તે રાજ-વાટિકાએ નીકળતો. રાજા પોતાના બધા રાજશાહી ઠાઠ સાથે રાજમહેલ-માંથી નીકળી, શહેરના રાજમાર્ગે જઈ, બહાર ઉદ્યાનમાં જઈ ઘડી બે ઘડી જે ઉદ્યાન ક્રીડા કરે તેનું નામ રાજવાટિકા. ગુજરાતી ભાષામાં એનું નામ છે 'રાયવાડી' અને રાજપૂતાની ભાષામાં એનો ઉચ્ચાર છે 'રેવાડી.'

સંધ્યા સમય થતાં ત્યાંથી તે રાજમહેલ તરફ પાછો ફરતો. અને મહેલોમાં આવી દેવની આરતિ વગેરેનું સંધ્યા કર્મ કરતો. તે વખતે વારાંગ-નાઓ વગેરે જે નૃત્ય અને ગાન કરતી તે એક પાટ પર બેસીને તે સાંભળતો. સ્તુતિ પાઠકો અને ચારણો વગેરે તે વખતે તેની ખૂબ સ્તુતિઓ કરતા.

ત્યાંથી પછી તે સર્વાવસર નામના

મુખ્ય સભા મંડપમાં આવીને સિંહાસનાસીન થતો. સર્વ રાજવર્ગીય અને પ્રજાવર્ગીય સભાજનો ત્યાં ઉપસ્થિત થતાં. રાજપુરોહિત આવીને રાજા અને રાજ્યના કલ્યાણાર્થે મંત્રપાઠ ભણતા. પછી ચામર ધારણ કરનારી વારસ્ત્રીઓ આસપાસ ચામરાદિ રાજ-ઉપકરણો ધારણ કરીને ઊભી રહેતી. પછી મંગલ વાજિંત્રો વાગતા ને પછી બીજી બીજી તેવી સ્ત્રીઓ પોતપોતાનું કામ કરવા માટે હાજર થતી. પછી વારાંગનાઓ આવીને રાજાનાં ઓવારણાં લેતી. બીજા સામંતો અને મંડિયા રાજાઓ તે વખતે હાથ જોડીને ઊભા રહેતાં. રાજાની સન્મુખ રાજ્યના બીજા મહાજનો જેવા કે શેઠિયાઓ, વ્યાપારિયો, પ્રધાન, ગ્રામજનો વગેરે આવીને ઊભા બેસતાં. પર રાજ્યોનાં દૂતો આવતાં તે દૂર બધાની પાછળ બેસતાં. વારવનિતાઓનો નીરાજના વિધિ પૂરો થતો એટલે પછી તેઓ પણ એક બાજુ બેસી જતી. અને આખી સભા પછી એકાગ્ર થઇ રાજ્યકાર્યની પ્રવૃત્તિ જોતી.

રાજ્યકાર્યમાં સૌ પ્રથમ સંધિવિગ્રહક એટલે પરદેશ મંત્રી (ફોરેઇન મિનિસ્ટર) પર રાજ્યો સાથેના સંબંધોની કાર્યવાહી રાજાને નિવેદન કરતો. કયા રાજા સાથે સંધિ થઈ છે, કયા રાજાએ શું ઇષ્ટ કે અનિષ્ટ કર્યું છે, શત્રુ-મિત્ર થાય છે ઇત્યાદિ પરરાજ્ય સાથે સંબંધ ધરાવતી સઘળી કાર્યવાહીઓ તે રાજાને નિવેદન કરતો અને આખરે સમય થતાં સભા બરખાસ્ત કરી યથાવસરે શયનાગારમાં જઈ તે શય્યાધીન થતો.

જૈનધર્મનાં વ્રતોનો વિશિષ્ટ સ્વીકાર કર્યા પછી, ઘણા ભાગે તે બ્રહ્મચર્ય વ્રત પાળતો હતો અને પૂર્ણ પત્નીનિષ્ઠ હતો. એ બાબતમાં એ પહેલેથી જ સદાચારી હતો અને તેને લઇને તેના આશ્રિતો સમસ્ત રાજવર્ગીય જનોમાં એનો મોટો પ્રભાવ હતો.

આ પ્રમાણે કુમારપાળનો દૈનિક કાર્યક્રમ હતો. વિશેષ અવસરો ઉપર એ કાર્યક્રમમા તે ફેરફાર કરતો તે પ્રાસંગિક હતો.



# શ્રી જૈન આશ્રમ (મહાવીર નગર) વટવા

વાયા–મણીનગર

# નમ્ર નિવેદન

**શ્રીમાન ધર્મ પ્રેમી સજ્જનો,**

આપને જણાવતાં હર્ષ થાય છે કે "શ્રી જૈન આશ્રમ વટવા" નામની સંસ્થા લગભગ ૩૧ વર્ષથી વટવામાં "મનુષ્ય સેવા" ના મુખ્ય ધ્યેયથી ચલાવવામાં આવે છે. સંસ્થામાં અનાથ, અપંગ અને વૃદ્ધોને કોઇ પણ નાત, જાત અને સંપ્રદાયના ભેદ રાખ્યા સિવાય દરેક જૈન કોમના માણસને નિયમ પ્રમાણે રાખવામાં આવે છે અને તેમની દરેક પ્રકારે ખાવા, પીવા, રહેવા, કપડા લત્તા, દવા તેમજ યોગ્ય શિક્ષણ મારફત સારવાર કરવામાં આવે છે. વૃદ્ધો ને અપંગોને મરણ પર્યંત આસરો આપવામાં આવે છે.

આજ સુધી સેંકડો માણસોએ આ સંસ્થાથી લાભ લીધો છે. જે સંસ્થાના રીપોર્ટ ઉપરથી માલુમ પડી શકે છે, ગવર્નમેંટના નિયમ મુજબ સંસ્થા રજિસ્ટર પણ થઇ ચુકી છે.

આ સંસ્થા સંવત ૧૯૮૪ માં પૂજ્ય શ્રી આચાર્ય માણેકમુનિના સતત પ્રયાસથી શરૂ કરવામાં આવેલી હતી તેઓ સંસ્થાના પ્રાણ હતા પરંતુ સંવત ૧૯૯૩ માં તેઓશ્રી કાલધર્મ પામ્યા પછીથી અમે લોકો સંસ્થાને યથાશક્તિ મહેનત કરી ચલાવતા આવ્યા છીએ. છેલ્લા ૩–૪ વર્ષોથી તો મોંઘવારીનો ખુબ સપાટો આવ્યો છે. તેમજ જોઇતી મદદ મળી શકતી નથી. ખરચો વધતો જ જાય છે.

અમારી સર્વ સજ્જનોને નમ્ર વિનંતી છે કે આપ આ સંસ્થાને સમાજનો અગત્યનો અંગ લેખી ઉદાર ભાવે મદદ કરશો તો અમે વિશેષ ઉત્સાહ અને ખંતથી "મનુષ્ય સેવા" સંસ્થા દ્વારા કરી શકીશું.

રૂ. ૧૨) ૫) ૨) વાર્ષિક સભાસદ લવાજમ છે.

મોટી રકમના સદ્‌ગૃહસ્થોની ઇચ્છા મુજબ કમિટી તેમની કાયમી યાદગીરી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરશે.

ચતુર્વિધ સંઘ કે જેમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા જેઓ શ્રી પૂજ્ય સાધુ મહારાજ કે સાધ્વીજી મહારાજ જે વિહારચારી કરી શકતા ન હોય તેમજ શારિરીક સંયોગો વસાત અટકી ગયેલ હોય તેને પણ આ આશ્રમમાં રાખી પૂરતી સેવા કરવામાં આવે છે.

મદદ મોકલવાનું ઠેકાણું

(૧) મંત્રી પં. છોટાલાલ પરવાર, દિપાશ્રમ, દ. સોસા. મણીનગર, **અમદાવાદ ૮.**

(૨) ગૃહમંત્રી:–બાબુભાઇ મગનલાલ, ભાવનગરી ફોટોગ્રાફર.

બાલાહનુમાન સામે, **અમદાવાદ.**

કૃપાકાંક્ષી :

પ્રમુખઃ–**નરોત્તમદાસ કેશવલાલ ઝવેરી** ગૃહમંત્રી **બાબુલાલ મગનલાલ**

ઉપપ્રમુખઃ–**જેસીંગભાઇ ઉગરચંદ.** **પં. છોટાલાલ પરવાર.**

# શ્રી હેમચંદ્રાચાર્યની અપભ્રંશ સેવા

લે : શ્રી ચતુરભાઈ શંકરભાઈ પટેલ
એમ. એ., એલ. એલ. બી.

સિદ્ધહેમ ' ના સાત અધ્યાય સંસ્કૃત માટે છે જ્યારે આઠમો છેલ્લો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ માટે છે.

સંસ્કૃત સાથે પ્રાકૃતનો સમાવેશ એ આ શબ્દાનુશાસનની ખાસ વિશિષ્ટતા છે. તેમાંય ખાસ કરીને અપભ્રંશના નિરૂપણમાં આચાર્યશ્રીએ વિસ્તૃત અને અનુપમ ફાળો આપ્યો છે. અપભ્રંશ ભાષા ગુજરાતીની જનની હોઈ આપણી ભાષાના ક્રમિક અભ્યાસ માટે એ પરમ આશીર્વાદરૂપ છે. અપભ્રંશ ઉદાહરણો આપણને તે સમયના સાહિત્યનો પરિચય કરાવે છે એટલું જ નહિ પણ ગુજરાતી ભાષાની શરૂઆત સામાન્ય રીતે મનાય છે એમ ૫૦૦ વર્ષ ઉપર નથી પણ ૯૦૦–૧૦૦૦ વરસ ઉપર છે તે દર્શાવે છે. ખાસ કરી વીરરસની અછતવાળી કહેવાતી આપણી ગુજરાતી ભાષામાં તે સમયે વીરરસનું કેવું સુંદર સાહિત્ય હતું તેનો આપણને ખ્યાલ આપે છે. આપણે એમાંના થોડાં ઉદાહરણો જોઈએ.

એ ઉદાહરણો મુખ્યત્વે ત્રણ જાતનાં છે. શૃંગાર રસનાં, વીર રસનાં, અને ઉપદેશનાં, શૃંગારમાં પણ સંભોગ શૃંગારનાં અને વિપ્રલંભ શૃંગારનાં એમ બે જાતનાં છે. નમૂના દાખલ આપણે દરેક પ્રકારનાં બબ્બે, ઉદાહરણ અનુક્રમે જોઈએ. ઉદાહરણ સાથે એનાં સમશ્લોકી ભાષાંતર આપ્યાં છે જેથી અર્થ સુગમ થાય અને અપભ્રંશ તેમજ ગુજરાતી વચ્ચેનું સામ્ય યથાર્થ સમજાય.

## ઉદાહરણો.

ચંદ્રને વાદળમાં છુપાયેલો જોઈ કવિ કલ્પના કરે છે કે ચંદ્ર ગૌરીના સુંદર મુખથી જિતાયી ગયો છે એટલે એ તો શરમનો માર્યો તે વાદળ પાછળ સંતાઈ ગયો છે:

ઓ ગોરી–મુહ–નિંજ્જિઅઉ
વદ્દલિ લુક્કુ મિયંકુ
અન્નુ વિ જો પરિહવિય–તણુ
સો કિવં ભવંઈ નિસંકુ ॥

જો ગોરી મુખ હારીઓ
વાદ લલીન મયંક;
અન્ય થકી જે પરભવ્યો
તે કયમ ભમે નિઃશંક?

શૃંગારના બીજા ઉદાહરણમાં આપણે

માલવાના પૃથિવીવલ્લભ મુંજ સંબંધી એક શ્લોક જોઈએ. શ્રી હેમચંદ્રાચાર્યે શૃંગારના ઉદાહરણોમાં બે દોહા મહાપ્રશસ્ત માલવપતિ મુંજ વિષે આપ્યાં છે. એ દર્શાવે છે કે મુંજ વિષેનું સાહિત્ય અપભ્રંશ ભાષામાં શ્રી હેમચંદ્રાચાર્યનાં સમય પહેલાં રચાયેલું હતું. અર્થાત્ અપભ્રંશ ભાષા તે સમયે સારી રીતે પ્રચલિત હતી.

મુંજને ઉદ્દેશીને નાયિકા કહે છે કે તું મારો હાથ તરછોડી ચાલ્યો જાય એમાં શું ? જ્યારે મારા હૈયામાંથી ઊડીને ચાલ્યો જાય ત્યારે જાણું કે મારો મુંજ ખરેખરો રોષે ભરાયો છે !

બાહ વિછોડવિ જાહિ તુહું
હઉ તેવંઈ કો દોસુ ।
હિઅય–ટ્ઠિઉ જઈ નીસરહિ
જાણઉં મુજ્જ સરોસુ ।।

" બાહુ વછોડી જા ભલે,
ના તેમાં કંઈ દોષ;
હૈયા થકી જો નીસરે,
જાણું મુંજ સરોષ. "

વિપ્રલંભ શૃંગારનાં ઉદાહરણમાં કવિએ અત્યુક્તિ દ્વારા પ્રોષિતભર્તૃકા નાયિકાનું રસિક ચિત્ર રજૂ કર્યું છે.

બારણે કાગડાને બોલતો સાંભળી વિરહિણી એને ઉડાડતી હોય છે. કાગડો બોલે તો મહેમાન આવે તેવી માન્યતા છે. નાયિકા પોતાના મોંઘામૂલા મહેમાનની–નાયકની અપેક્ષાથી બારણે આવે છે. પણ કોઈને નહિ જોતાં એ ખોટા બોલા કાગડાને ઉડાડે છે. તેમ કરતાં વિરહથી કૃશ થએલ એના હાથમાંથી અર્ધા વલય નીકળી પડે છે. અને જમીન પર પડી તૂટી જાય છે. એટલામાં એ સહસા પોતાના પિયુને આવતો જુએ છે. અને એથી તેને એટલો બધો હર્ષ થાય છે કે એ હર્ષથી હૃષ્ટપુષ્ટ થતાં બાકીના અર્ધા વલય પણ તડાક દઈને તૂટી જાય છે. એ આલેખતાં કવિ કહે છે:—

વાયસુ ઉડ્ડવંતિઅએ પિઉ
દિટ્ઠુઉ સહસત્તિ ।
અદ્ધા વલયા મહિહિ ગય
અદ્ધા ફુટ્ટ તડત્તિ ।।

"વાયસ ઉડાડન્તીએ,
દીઠો પિયુ ભડાક;
અર્ધ બલૈયાં મહી પડયાં,
ફુટયાં અર્ધ તડાક."

બીજા ઉદાહરણમાં એક સુંદર સંભાવનાનું આપણને દર્શન થાય છે.

શિશિર ઋતુમાં સરોવરનાં પાણીમાં વરાળ નીકળતી જોઈ કવિ કલ્પના કરે છે કે વિરહાગ્નિથી બળતો કોઈક એમાં પડયો છે, કે જેથી તેમાંથી એનો ધુમાડો નીકળે છે!

વિરહાણલ જાલ કરાલિઅઉ પહિઉ
કો વિ બુડ્ડિવ ઠિઅઉ ।
અનુસિસિર-કાલિ સીઅલ જલહુ
ધૂમુ કહન્તિ હુ ઉટ્ઠિઅઉ ॥

"વિરહીનલ જ્વાલાથી બળેલો,
પથિક કોઇ સંભવે બૂડેલો;
નહિ તો શિશિર સમે ધૂમ ક્યાંથી?
ઉઠે આમ શીતલ જલમાંથી?"

ગુજરાતીમાં વિરલ મનાતા વીર-રસનાં અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણો–સિદ્ધ-હેમ–માં આપેલાં છે. જે આપણાં જ્વલંત વીરરસ સાહિત્યની સરસ ઝાંખી કરાવે છે. એમાંથી ફક્ત બેજ આપણે જોઇશું.

કેસરભીના કંથના ઔદાર્ય અને શૌર્યથી મંત્રમુગ્ધ બનેલી નાયિકા વ્યાજ સ્તુતિ વડે પતિના બે દોષ પોતાની સખીને જણાવે છે. એક તો આપવા બેઠા એટલે માત્ર પત્ની બાકી રહે અને બીજો લડાઈમાં ઝૂઝયા એટલે તલવાર બાકી રહે.

ધીરોદત્ત એ વીરનું વર્ણન કરતાં કવિ કહે છેઃ—

મહુ કતહો બે દોસડા હેલ્લિ
મ ઝંખહિ આલુ ।
દેન્તહો પર હઉં ઉવ્વરિઅ
જુજ્જંતહો કરવાલુ ॥

"મમ કંથ તણા દોષ બે,
સખી મા ખોટું ધાર;
દેતાં એક હું ઉગરું,
ઝુઝંતા તલવાર."

વીરરસના બીજા ઉદાહરણમાં તલવાર વડે દુશ્મનનાં માથાં વધેરતાં પતિને તલવાર છોડી ભાલો લેવા પત્ની વિનંતી કરે છે, જેથી બિચારા કાપાલિકને આખી ખોપરી તો મળે! વજ્રપ્રહાર જેવા જેના ઝટકાથી કઠણ ખોપરીનાય કકડા થઈ જાય છે એવા એ નરવ્યાઘ્રના વીરત્વને ધ્વનિત કરતાં કવિ લખે છેઃ—

પ્રિય એમ્વહિં કરે ભલ્લુ
કરિ છડ્ડુહિ તુહું કરવાલુ ।
જં કાવાલિય બપ્પુડા લેહિં
અભગ્ગુ કવાલુ ॥

"પ્રિય, ભાલો કર લે
અને છોડી દે કરવાલ,
લે કાપાલિક બાપડા
જેથી અભગ્ન કપાલ."

છેલ્લે આપણે સુભાષિતનાં ઉદાહરણ જોઈએ. સંસ્કૃત ભાષા એટલે સુભાષિતોનો રત્નાકર. માતાનો અમૂલ્ય વારસો પુત્રીઓને પણ મળેજ ને? એટલે અપભ્રંશનો ય રત્નભંડાર નાનો સૂનો નથી. આપણે તો એમાંથી માત્ર બેજ મુક્તક-મૌક્તિકો જોઈ સંતોષ માનીશું.

સહુ કોઈ મોટા થવા ફાંફા મારે છે, પણ હાથ છુટ્ટો રાખ્યા વિના મોટાઈ મળતી નથી એ વ્યવહારુ સત્ય દાખવતાં કવિ કહે છેઃ—

સાહુ વિ લોક તડપ્ફડઈ
વહ્રુત્તણહો તણેણ
વહુપ્પણુ પરિ પાવિઅઈ હત્થિં
મોક્કલડેણ ॥

"વડપણ માટે તડફડે
સર્વ લોકનો સાથ
મોટપ કિંતુ મળી શકે
ફક્ત મોકળે હાથ."

બીજા સુભાષિતમાં તલની અન્યોક્તિ દ્વારા કવિ આપણને અનુપમ ઉપદેશ આપે છે. તલ-સ્નેહ (તલ) હોય ત્યાંસુધી જ તલ કહેવાય સ્નેહ (તેલ) જતાં એજ તલ, તલ મટી ખળ (ખોળ) બને છે. એજ રીતે માણુસ સ્નેહ (પ્રેમ) હોય ત્યાંસુધી જ સજ્જન કહેવાય છે. સ્નેહ જતાં માણુસ ખલ (દુર્જન) બની જાય છે. માટે સ્નેહ એજ ખરું જીવન રસાયન છે એ કવિ દર્શાવે છેઃ—

તિલહ તિલત્તણુ તાઉ
પર જાઉ ન નેહ ગલન્તિ ।
નેહિ પણટ્ઠઈ તે જિજ તિલ
તિલ ફિટ્ટવિ ખલ હોન્તિ ॥

"તલનું તલપણું ત્યાં સુધી
જ્યાં સુધી સ્નેહ ન જાય,
સ્નેહ જતાં પછી તેજ તલ,
તલ મટીને ખલ થાય."

આ બધા ઉદાહરણો ઉપરથી આચાર્યશ્રીએ અપભ્રંશ ભાષાની કેવી અપૂર્વ સેવા કરી છે એનો આપણને સચોટ ખ્યાલ આવે છે. અપભ્રંશ ભાષાની આવી વિશદ સમીક્ષા એમનાં પહેલાં કોઈએ કીધી નથી.

સર્વ વ્યાકરણોના નિષ્કર્ષ સમા 'સિદ્ધહેમ' માટે ગુજરાત જેટલો ગર્વ ધરે તેટલો ઓછો છે. જગતભરનાં વ્યાકરણ સાહિત્યનાં '**સિદ્ધહેમ**' નું સ્થાન અનોખું છે અને એવુંજ અનોખું સ્થાન છે 'સિદ્ધહેમ' ની રૂપાવલિને સોલંકી વંશની કીર્તિ-કથા સાથે સાંકળતાં મહાકાવ્ય-'**દ્વયાશ્રય**' નું ગુર્જરદેવીનાં ઉભય મહામૂલાં આભૂષણો છે. આચાર્યશ્રીના પરિણત પ્રજ્ઞાથી અંકિત ઉભય ગુજરાતના મહા તેજસ્વી રત્નો છે.

★

—ભાઈલાલ પ્ર. કોઠારી

# હેમ પ્રસંગો.

વિક્રમની બારમી સદી લગભગ અડધે રસ્તે પહોંચી હતી, ગુજરાતના સંસ્કારના ઘડતરમાં ધર્મ મહત્વનું સ્થાન ભોગવતો, અને રાજકારભાર મુત્સદ્દી વણિકો ચલાવતા. આશ્રમ ધર્મને અનુસરી જીવવું અને સમાજે રચેલાં જીવન વ્યવસ્થાનાં બંધનોને સ્વેચ્છાપૂર્વક સ્વીકારી તે પ્રમાણે આચરણ રાખવું એમાં કર્તવ્યની ઇતિશ્રી મનાતી. દેશકાળ પ્રજાના નિર્વાહ માટે અનુકૂળ હતો. વિદ્યાવૃદ્ધિ માટે પ્રમાણમાં સામગ્રી પૂરતી હતી. આશ્રમ ધર્મને ફગાવી મૂકનારાઓના યુગને હજી ઘણાં વર્ષોનાં અંતર હતાં. આખી પૃથ્વીનાં તો શું પણ તેના એક નાના વિભાગમાં રહેતા માનવીઓને પણ સંપર્ક સાધવા માટે જહેમત ઉઠાવવી પડતી હતી. છતાંય સંસ્કૃતિનો વિકાસ અટકયો ન હતો. તેવા સમયે અત્યારે જે પ્રદેશને આપણે ગુજરાત એ નામથી ઓળખીએ છીએ તેમાં આવેલા ધંધુકા ગામમાં એક જ્યોતિર્ધરનો જન્મ થયો. જેને આજે નવસો વરસના લાંબા ગાળા પછી પણ આપણે આપણા ગુજરાતની સાંસ્કારિક એકતાની યોજનને અખંડિત રાખનાર એક મહાપુરુષ તરીકે આપણી ભાવભીની માનાંજલિ આપવા આવા પ્રાસંગિક અંકો, પ્રગટ કરીએ છીએ. સ્વત્વના સાચા ભાનથી થતું આપણી પ્રાચીન મહત્તાનું જ્ઞાન એ આવા પ્રસંગનું મંગલ સૂચન છે.

(૧)

મહાપુરુષોના જીવનમાં બનતાં પ્રસંગો તો માત્ર તેમના જવલંત વ્યક્તિત્વનાં આવિર્ભાવનાં સાધનો બની રહે છે. ચાચિગ અને પાહિણીને અમર કરી જનાર બાળક ચાંગદેવમાં જે અપૂર્વ તેજ અને ચેતનની ચિનગારીઓ હતી તેનાથી સાધુ દેવચંદ્રસૂરિનું ધ્યાન સહજ ખેંચાય છે. જનકલ્યાણ એ જેના જીવનનો શુભ વ્યવસાય છે તેવા સાધુજનને એ વ્યવસાયને પ્રગતિમાન બનાવનારા શિષ્યો મળે તેથી વધારે શું જોઈએ? શ્રી દેવચંદ્રસૂરિ પાહિણી પાસે બાળક ચાંગદેવની જૈનધર્મ અર્થે ભિક્ષા માંગે છે. પિતા કે જે અન્યધર્મી છે તે બહારગામ વેપાર અર્થે ગયેલો છે. માતાનું હૃદય આવા સંજોગોમાં પુત્રપ્રેમ અને ધર્માનુરાગ વચ્ચે ખેંચતાણ અનુભવે છે. ધર્મકર્તવ્ય પુત્રપ્રેમ કરતાં મહાન ઠરે છે. ચાંગદેવ જૈન આચાર્યના રક્ષણ નીચે મૂકાય છે. એટલામાં પિતા

પ્રવાસેથી પાછો આવે છે. સ્ત્રીની ધાર્મિક વૃત્તિ તેને ઘેલછા લાગે છે. તેને જૈન સાધુ પ્રત્યે ક્રોધ થાય છે. પુત્ર વિરહથી તે ઘેલો બને છે અને પુત્રનું મુખ ન જુએ ત્યાં સુધી ઉપવાસ આદરે છે. કર્ણાવતી ગયેલા શ્રી દેવચંદ્રસૂરિની પાછળ જઈ તેને શોધી કાઢી પુત્રને પોતાની ગેરહાજરીમાં લઈ જવા માટે તેમને ફિટકાર આપે છે. રાજાનો મંત્રી ઉદયન તેને શાંત પાડી આખી ઘટનાથી તેને વાકેફ કરે છે તેમજ તેને પોતાના વડીલ ભાઈ જેટલું માન આપે છે. એ અપૂર્વ માનથી ચાચિગનું હૃદય પીગળે છે. અંતે પોતે એક મહાન દીક્ષા મહોત્સવ કરી ચાંગદેવને જૈન ધર્મને ભેટ કરે છે. પરિણામે ગુજરાતને એક અતિ માનવ પંડિતરત્નની પ્રાપ્તિ થાય છે.

( ૨ )

એ વાતને વર્ષો વહી જાય છે. ચાંગદેવનો સર્વાંગી વિકાસ થઈ હવે એ સૂરીશ્વર હેમચંદ્રાચાર્ય બન્યાં છે. જૈન અને હિંદુ ધર્મશાસ્ત્રો, સાહિત્ય, વ્યાકરણ, ન્યાય, મિમાંસા, યોગ પ્રત્યાદિનું તેમણે તલસ્પર્શી જ્ઞાન સંપાદન કર્યું છે. જૈન ધર્મનો દેશમાં યોગ્ય રીતે પ્રચાર કરવા માટે તે પ્રવાસ આદરે છે. અને માર્ગમાં સિદ્ધરાજ જયસિંહની રાજધાની અણહિલવાડ પાટણમાં પ્રવેશ કરે છે. તેઓ એક સાંકડી શેરીમાં થઈને પસાર થતાં હોય છે ત્યારે એકાએક—પરમ ભટ્ટારક-મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહનો જય હો—ની ઉદ્‌ઘોષણા સંભળાય છે.

મુખ ઉપર સહજ સ્મિત સહ સૂરિજી ઊભા રહે છે. પ્રજાજનો નમન કરી રાજાના હાથીને જવા માટે માર્ગ આપે છે. શૌર્ય અને પ્રતાપના અંબારથી ઓપતો સિદ્ધરાજ તપસ્ અને વિદ્યાના ભર્ગથી પ્રકાશતા આ યુવાન સૂરિને જોઈ ઘડીભર મુગ્ધ બને છે. હાથી ઘડીભર થંભી જાય છે. માનવમેદની આ બે પુરુષોનો વિરલ મિલન સંયોગ કાંઈક ઉત્સુકતા, કાંઈક કુતૂહલથી નિરખી રહે છે. ત્યાં તો પ્રતાપી આચાર્યશ્રીની અમૃતવાણી સરી પડે છેઃ—

કારય પ્રસરં સિદ્ધ !<br>
હસ્તિ રાજમશંકિતમ।<br>
ત્રસ્યન્તુ દિગ્ગજાસ્તેન<br>
ભૂસ્ત્વયૈ વોદ્ધૃતા યતઃ॥

હે સિદ્ધરાજ ! તમારા આ શ્રેષ્ઠ હસ્તિરાજને શંકારહિતપણે આગળ ચલાવો અને તેનાથી દિગ્ગજો ત્રાસ પામો, કારણ પૃથ્વીનો ઉદ્ધાર તમે જ કર્યો છે !

સિદ્ધરાજ આ વાણી પ્રભાવથી અત્યંત આનંદ પામે છે. હાથી પરથી નીચે ઊતરી નમસ્કાર કરી એ સાધુ પુરુષને રાજમહાલયમાં પધારી પોતાને

કૃતાર્થ કરવા પ્રાર્થના કરે છે. એ પછી સૂરિજીની વિદ્વત્તાનાં પૂજન થાય છે અને ગુજરાતના એ સમાનશીલ મહાપુરૂષો વચ્ચે વ્યસન સખ્ય જામે છે. સિદ્ધરાજની રાજસભામાં પાંડિત્યનાં તેજપુંજથી શોભતાં આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ તેજસ્વી સૂર્યની જેમ પ્રકાશમાન બની રહે છે.

(૩)

વર્ષો પછી.........

પાટણમાં આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. સ્ત્રીઓ, પુરૂષો, બાળકો સૌ ઉત્સવઘેલાં બન્યાં છે કારણ તેમનો રાજા આજે માળવાના રાજા યશોવર્મા પર જીત મેળવી નગરપ્રવેશ કરે છે પૌરજનો નગરના પ્રવેશ દ્વારે જઈ રાજાનું સામૈયું કરે છે અને પછી એક વિરાટ સરઘસના સ્વરૂપમાં નગરના રાજમાર્ગે થઈ રાજમહાલય તરફ વળે છે. ફુલથી શણગારેલા હાથી પર સોનાની સુશોભિત અંબાડી પર મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ સર્વના નમસ્કાર ઝીલતા. મુખ પર વિજયના આનંદની સ્મિત સુરખી રેલાવતાં બેઠેલા જણાય છે. પૌર અંગનાઓ તેમના પર પુષ્પવૃષ્ટિ કરે છે, કુમારિકાઓ તેને વધાવી લે છે, નગરજનો નમસ્કાર કરી કૃતકૃત્યતા અનુભવે છે, તે સમયે રાજાને આશીર્વાદ આપવા ઊભેલા આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના મુખેથી નીચેની શ્લોક પ્રશસ્તિ સરી પડે છેઃ—

**"સિદ્ધરાજ પૃથ્વી જીતીને આવે છે. માટે હે કામદુધા! તમે તમારા ગોમય રસથી ધરતીનું સિંચન કરો; સમુદ્ર! તમે મોતીના સ્વસ્તીક રચો; હે ચંદ્ર તમે તમારાં પૂર્ણ તેજથી પ્રકાશમાન થાઓ, હે દિશાના ગજો! તમે તમારી સૂંઢો વતી કલ્પતરૂનાં પાંદડાંનું તોરણ બનાવો!"**

આ અપૂર્વ સ્તુતિ રચના સાંભળી સિદ્ધરાજના મુખ પર પરમ આનંદની રેખાઓ ઝળકી ઊઠે છે. અને મુનિ તરફ તે પ્રેમળ અને કૃતજ્ઞ નયનમીટ માંડે છે.

વિજયની યશઃ પતાકારૂપ ગણી, રાજ માતંગ પર બેસાડેલો વિદ્યાવિલાસી રાજા યશોવર્મા પણ આ શોભન ઉક્તિથી આશ્ચર્ય પામે છે અને ઘડીભર પોતે બંદીવાન છે એ ભૂલી જઈ મુનિ તરફ સસ્મિત પ્રશંસાપૂર્વક જોઈ રહે છે.

'પરમ ભટ્ટારક મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહનો જય હો!' ની પ્રચંડ ઘોષણા વાતાવરણને વિદ્યુત ચેતનાથી ભરી દે છે પ્રજાના ઇતિહાસમાં એ પ્રસંગ ચિરસ્મરણીય બની રહે છે.

સિદ્ધરાજને જીતમાં મળેલી માળવાની મહામૂલ્યવાન પુસ્તક સંપત્તિ

નજર કરવામાં આવે છે. વિદ્વતા પ્રેમી રાજા એ વિપુલ જ્ઞાનભંડારને આશ્ચર્ય-ચકિત થઈ જોઈ રહે છે. યશોવર્માની સરસ્વતી પૂજા માટે તેને અપ્રતિમ માન ઉત્પન્ન થાય છે. એટલામાં એક વ્યાકરણની પોથી તરફ તેની નજર ૮ડે છે. એ સંબંધી કંઈક વિશેષ જાણવાની ઇચ્છાથી તે પૂછે છે–'આ ગ્રંથ શી બતાવવાનો છે? "પંડિતે કહે છે કે–મહારાજ! ઉજ્જયની પાત મહારાજ ભોજનું રચેલું આ નિરુક્ત સંબંધી પુસ્તક છે." સાહિત્યપ્રેમી સિદ્ધરાજ એ સાંભળી સહજ ગ્લાનિ પામે છે. તે કહે છે–"મારા રાજ્યમાં આટલા બધા પંડિતો હોવા છતાં મારા ગ્રંથ ભંડારમાં આવા અમૂલ્ય ગ્રંથો નથી એ શોકનો વિષય છે!"

આસપાસ બેઠેલ વિદ્વાનો ઝંખા પડી જાય છે. સૌની નજર સૂરીશ્વર શ્રી હેમચંદ્રાચાર્ય તરફ વળે છે. વિદ્વાનોના મનનો તેમજ રાજાના મનનો ભાવ સમજી ગયા હોય તેમ એ આચાર્ય શ્રેષ્ઠ ઊભા થઈ ભગ્નોત્સાહ સિદ્ધરાજને આશ્વાસન આપતા હોય તેમ કહે છેઃ– 'રાજન્! આપે ખિન્ન થવાનું જરાય કારણ નથી. મને જોઈતી પોથી સામગ્રી પૂરી પાડવાની આપ રાજ્યના કર્મચારીઓને આજ્ઞા કરશો એટલે થોડા જ સમયમાં આપની ઉજ્જવળ કીર્તિને શોભે તેવો વ્યાકરણ ગ્રંથ રચવાનું હું માથે લઉં છું. આચાર્યશ્રીના આ પ્રોત્સાહન વચનોથી રાજાના મુખ પરનું વિષાદ વાદળ દૂર થાય છે. અને જયઘોષણા સાથે રાજસભાનું વિસર્જન થાય છે.

જે કાળમાં પ્રવાસ પારાવાર મુશ્કેલીઓ અને સંકટોથી પૂર્ણ થતો તેવા સમયમાં પણ જુદા જુદા પ્રદેશોમાંથી ઉપલબ્ધ વ્યાકરણની અનેક પ્રતો મંગાવાય છે. જુદી જુદી પદ્ધતિઓ સમજનાર વિદ્વાનોને પાટણને વડલે બોલાવવામાં આવે છે. અને એક જ વર્ષમાં સિદ્ધરાજની કીર્તિને દેશ દેશાંતરમાં ફેલાવનાર–સિદ્ધ હેમચંદ્ર–વ્યાકરણની અપૂર્વ રચના થાય છે. પાંચ વિભાગોમાં વહેંચાયેલો બત્રીસ અક્ષરનો એક શ્લોક એવા સવા લાખ શ્લોકોનો બનેલો એ મહાગ્રંથ સિદ્ધરાજની અને શ્રી હેમચંદ્રસૂરિની યશઃ કાયાને જરા મરણના ભયથી મુક્ત એવું અમરત્વ અર્પે છે.

રાજમહાલયમાં અને નગરમાં ફરી એકવાર અનેરા ઉત્સાહનાં પૂર રેલાય છે. મહારાજાધિરાજ સિદ્ધરાજ આજે આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત–સિદ્ધહૈમચંદ્ર વ્યાકરણરૂપી અમૂલ્ય ગ્રંથને ખૂબ સન્માન આદિથી વિધિપૂર્વક રાજભંડારમાં પધરાવવાના છે. નિયત સમયે જુદાં જુદાં વાદ્યો વગાડનારાઓના સંઘ સહિત પૌરજનોના મોટા સમૂહથી ગાજતું એક વિરાટ સરઘસ

રાજમહાલય તરફ મંગલ પ્રસ્થાન કરે છે. મુખ પરની અચલ શાંતિ અને સાધુ સુલભ નમ્રતાથી વધુ વંદનીય લાગતા, આજુબાજુ પંડિતો અને પ્રતિષ્ઠિતોથી વીંટળાયલા આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ સૂરઘસની મધ્યમાં તેજ રાશિ જેવા શોભે છે. તેમની પાછળ બહુવિધ રંગ સામગ્રીથી શોભન બનેલો, પહેરાવેલી પુષ્પમાળાઓના પમરાટથી વાતાવરણને ભરી દેતો, અને જાણે આ મહાગ્રંથને નિજ મસ્તકે ધારણ કરવાના મહા ભાગ્યથી પોતાને કૃતકૃત્ય સમજતો હોય તેવો રાજગજશાળાનો મુખ્ય માતંગ ગર્વિષ્ઠ ડગલાંથી પ્રતાપ પાડતો ચાલે છે; અને તેની પાછળ ચાલતી શોભનવસના પૌર અંગનાઓનાં સરસ્વતી ગીતોથી સમગ્ર વાતાવરણ ઉલ્લાસ અને ઉત્સાહની પરિસીમાએ પહોંચે છે.

રાજમહાલયના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ જઇ સિદ્ધરાજ પોતાના દરબારીઓ અને અન્ય ગૃહસ્થો સાથે જઈ સામૈયું કરે છે અને એ મહાગ્રંથને હાથીની પીઠ પરથી અત્યંત માનપૂર્વક ઉતારી રાજદરબારમાં લાવવામાં આવે છે. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના વ્યાકરણ—સારસ્વત સત્રનો એ મંગળ દિવસ બની રહે છે.

એ પછી એ ગ્રંથની નકલો કરવા માટે ત્રણસો લહીયાઓને રોકવામાં આવે છે. જુદા જુદા પંડિતો અને ધર્માધ્યક્ષોને એ ગ્રંથ ભેટ પુસ્તક તરીકે મોકલવામાં આવે છે તેમજ કાશ્મીર, નેપાળ, સિંહલદ્વીપ અને ઇરાન જેવા દૂરના પ્રદેશોમાં તેની પ્રતો મોકલી સિદ્ધરાજ અને શ્રી હેમચંદ્રસૂરિ હિંદુસ્તાનની બહારના દેશોમાં પણ ગણનાપાત્ર બની રહે છે.

(૪)

એ પછી કેટલાંય વર્ષ વહી જાય છે. સિદ્ધરાજ જયસિંહ પરલોક પામે છે અને તે પછી દેશ પર અતિશય પ્રતાપી અને ધારાધિપ બલ્લાલ તથા જંગલ ભૂપરૂપી હાથીઓના મસ્તક ઉપર તરાપ મારવામાં સિંહ જેવા કુમારપાળનું રાજશાસન પ્રવર્તે છે—આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિએ તેના પર જે ઉપકારો કર્યાં છે તેના પરિણામે કૃતજ્ઞ કુમારપાળ તેમનો ખૂબ આદર સત્કાર કરી તેમને ગુરુપદે સ્થાપી પોતાનું રાજ સમસ્ત તેમને ચરણે ધરે છે. આમ રાજા અને સૂરિ વચ્ચે મૈત્રી સંબંધ જામે છે.

ગામમાં પડહ વાગે છે, "મહારાજ કુમારપાળ સોમનાથ, ગિરનાર અને શત્રુંજયની યાત્રાએ પધારે છે. જે કોઇ પ્રજાજનોને જોડાવું હોય તેમણે વાટ ખરચીની રકમ અને જોઇતાં સાધનો સાથે રાખવાં." નિયત શુભ મુહૂર્તે અણહિલવાડ પાટણના રાજમાર્ગેથી રાજાનો વિશાળ યાત્રા સંઘ

નીકળે છે. જેમાં હાથી, ઘોડા, બળદો અને બીજાં પ્રવાસનાં અનેક સુખ સાધનો રાખવામાં આવ્યાં છે.

રાજાના કૃપાપાત્ર શ્રી હેમચંદ્રસૂરિ જૈન સાધુ હોવાથી સોમનાથ મહાદેવની યાત્રાએ નહિ આવી શકે એવી કેટલીક અન્ય ધર્મીઓની સંકુચિત ધારણાને ખોટી પાડતાં શ્રી હેમચંદ્રસૂરિ પણ જૈનાચાર અનુસાર પગે ચાલતાં આ સંઘના યાત્રાળુ બન્યાં છે. લોક સમુદાય એ ઘટના કાંઇક આશ્ચર્યથી જોઇ રહે છે.

સંઘ પ્રભાસપાટણ પહોંચે છે. રાજા સોમનાથ મહાદેવની ભક્તિભાવથી પૂજા કરે છે, સૌના આશ્ચર્ય વચ્ચે સામે આસન માંડી બેઠેલા આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના મુખેથી મહાદેવનું સ્તુતિ સ્તોત્ર ઝરે છેઃ–

**પ્રશાંતં દર્શનં યસ્ય,**
**સર્વ ભૂતા ભયપ્રદમ્ ।**
**માંગલ્યં ચ પ્રશસ્તં ચ,**
**શિવસ્તેન વિભાવ્યયતે ॥**

જેને અંતેઃ—

**ભવબીજાંકુર જનના રાગાદ્યાઃ**
**ક્ષયમુપાગતા યસ્યા ।**
**બ્રહ્મા વા વિષ્ણુર્વા હરો,**
**જિનો વા નમસ્તસ્મૈ ॥**

અર્થાત્—"સંસારની પરંપરાને વધારનારા જેમના રાગ વગેરે દોષો ક્ષીણ થઇ ગયા છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે જિન હો–ગમે તે હો તેમને નમસ્કાર હો."

તથા—

**યત્ર યત્ર સમયે યથા યથા,**
**યોડસિ સોડસ્યભિધયા યથા તથા;**
**વીતદોષકલુષઃ સચેદ્દ ભવાન્,**
**એક એક ભગવન્ નમોડસ્તુતે.**

એટલે કે—ગમે તે સમયે ગમે તે રીતે અને ગમે તેવા નામ વડે જે વીતરાગ એક જ છે તે તું હો તો હે ભગવાન ! તને મારા નમસ્કાર હો !

કુમારપાળ સૂરીશ્વરની ધર્મવિષયક વિશાળ દૃષ્ટિને અંતરથી વારંવાર પ્રણિપાત કરે છે. શંકરની આવી સુંદર સ્તુતિ જીવનમાં એ પહેલી જ વાર સાંભળે છે.

હરપતિએ પૂજાવિધિ બતાવ્યા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક શિવપૂજન કરીને ધર્મશીલા પર તુલાપુરુષ, ગજદાન વગેરે દાનો અપાય છે. રાજા સોમેશ્વરની કર્પૂર આરતી ઉતારે છે. એ પછી સૌ મંડળીને દૂર કરી પોતે સૂરીશ્વરને લઇ મંદિરનાં ગર્ભગૃહમાં પ્રવેશ કરે છે.

ત્યાં રાજા સૂરિને કહે છેઃ— ભગવાન્ ! આપની વિશાળ દૃષ્ટિથી મારાં પ્રજ્ઞાચક્ષુ ખૂલી ગયાં છે. હવે મારી એક જ પ્રાર્થના છે મહાદેવ, સુનિ

અને રાજા એ ત્રણેનો અહીં સુભગ સંયોગ થયો છે એવા આ તીર્થક્ષેત્રમાં આપ મારી એક શંકાનું નિવારણ કરો. દરેક સંપ્રદાયનો જુદો દેવ એવી બહુવિધ ધર્મવ્યવસ્થામાં જેને શ્રદ્ધાપૂર્વક ભજવાથી મુક્તિ મળે એવો દેવ કયો હશે?

રાજાના પ્રશ્નથી સૂરીશ્વર ક્ષણવાર વિચાર સમાધિમાં પડે છે અને અંતે કહે છેઃ—

'રાજન્! દેવ તો એકજ છે. માત્ર જુદા જુદા ધર્મોએ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે તેને જુદા જુદા નામો આપેલાં છે એટલું જ, સાચી આરાધના દ્વારા સોમનાથ મહાદેવ આપણને મુક્તિનો સાચો રાહ બતાવશે.'

એ પછી રાજા અને સૂરિ વિધિપૂર્વકની આરાધના શરૂ કરે છે. રાજા ધૂપદાનીમાં ધૂપ નાખ્યા કરે છે. ધુમાડાથી ગર્ભગૃહ ઊભરાઇ જાય છે. નક્ષત્ર માળાના દીપકો ઠરી જાય છે. ત્યાં એકાએક ચારે તરફ દૈવી પ્રકારનો અંબાર ફેલાઈ રહે છે અને કુમારપાળને જળધારી પર સુવર્ણકાંતિથી ઝળહળતા શાંત, પદ્માસનસ્થ, શશધર મુકુટ, પંચવકત્ર, ત્રિનેત્ર, નાગપાશ ડમરૂ આદિથી વિભૂષિત એવા મહાદેવનાં દર્શન થાય છે. આ દશ્યથી પરમાનંદ પુલકિત બનેલો રાજા સ્તુતિના સ્વરૂપમાં કશુંક બોલી શકે ત્યાં તો એ વિરાટ સ્વરૂપમાંથી વાણી પ્રગટે છેઃ—

**"હે રાજા! આ મહર્ષિને રખે તું માત્ર જૈન સાધુ સમજતો. એમની અધ્યાત્મ દૃષ્ટિ સંપ્રદાયનાં પડળો ભેદી પરબ્રહ્મ સાથે એકત્વ સાધે છે. એ તને જે માર્ગ બતાવે તેને તું નિઃસંશય મુક્તિનો સાચો માર્ગ સમજજે......"**

પોતે સ્વપ્નમાં છે કે જાગૃતિમાં એનો જે નિર્ણય કરી શક્યો નથી એવો રાજા આ દેવવાણી સમજવાને હજી પ્રયત્ન કરે છે ત્યાં તો મંદિરનાં ગર્ભગૃહમાં તે માત્ર પોતાને, ધ્યાનસ્થ મુનિને અને સોમનાથનાં શિવલિંગને જ જુએ છે.

થોડીવારે જાણે કોઇ ઊંડી ગુફામાંથી આવતો હોય તેવો ધ્વનિ સંભળાય છે.

'કુમારપાળ!'

અદ્દભૂત દર્શનથી જે પુનિત બન્યો છે કૃતકૃત્ય બન્યો છે એવો રાજા પરમ ભક્તિના આવેશમાં સૂરીશ્વરનાં ચરણમાં પડે છે અને કહે છેઃ "મહારાજ! મારી શંકાનું નિવારણ થયું છે. મને આદેશ આપો!"

સૂરીશ્વર રાજાને ઉઠાડી ઊભો કરે છે અને કહે છેઃ "રાજન્! આજથી માંસ ભક્ષણ અને મદિરાનો ત્યાગ કર અને મારો આશીર્વાદ છે કે તારૂં પરમ કલ્યાણ થાઓ!"

એ પછી દેવતાના દર્શનથી જેનાં નેત્રોમાં વિશુદ્ધિનાં અંજન અંજાય છે એવો રાજા અને સૂરીશ્વર શ્રી હેમચંદ્રા-

ચાર્ય પ્રસન્ન વદને સોમનાથના મંદિર બહાર આવે છે. માનવમેદની પર પણ જાણે કલ્યાણની વર્ષા વરસે છે.

માનવજીવન અનંત નથી એની સાચી પ્રતીતિ એક મૃત્યુ સિવાય બીજા કશાથી થતી નથી. સૂરીશ્વર શ્રી હેમ-ચંદ્રાચાર્યની કાયા પણ માનવીની છે અને જરા મૃત્યુની ચૂડથી પર નથી. આજ ચોર્યાશી વર્ષનાં ઉજ્જવળ જીવન પ્રવાસને અંતે શ્રાન્ત પથિકની જેમ હવે એ જીવનલીલા સંકેલે છે. આગામી મૃત્યુના પગલાં તેમને સ્પષ્ટ સંભળાય છે. પોતે માનવી છે અને ભૂલને પાત્ર છે એ સત્ય દૃષ્ટિ સન્મુખ રાખી અંતઃશુદ્ધિ માટે તેમણે છેવટ સુધી અવિરત પ્રયત્ન કર્યો છે.

રામચંદ્ર અને ગુણચંદ્ર, યશશ્ચંદ્ર અને ઉદયચંદ્ર, વર્ધમાનગણી અને મહેન્દ્રમુનિ એ સૌ શિષ્યો ગુરુની અંત સમયની પ્રાયોપવેશન સ્થિતિમાં પણ ચિત્તની પ્રસન્નતા અને અંતર્મુખ નિશ્ચળ ધર્મબુદ્ધિને સપ્રણિપાત ભાવ-ભીરી રીતે જોઈ રહે છે. બુઝાતા દીપ-કનો એ છેલ્લો પ્રકાશ હતો. વિહારમાં મૃત્યુની શાંતિ હતી.

થોડીવારે જાણે ઊંડી સમાધિમાંથી જાગ્યા હોય તેમ ગુરુદેવનાં મુખની અંતિમ વાણી સંભળાય છે.

"સૌ કોઈ ચિત્તની પ્રસન્નતાની અંતરમાં શોધ કરો. વાસના તજો. નિર્મોહત્વ કેળવો. માનવતાનાં કલ્યાણ વાંછો. સર્વ શક્તિમાનની વ્યાપકતા સમજવા હૃદયથી પ્રયત્ન કરો. પ્રાણીમાત્રનાં દુઃખોનું હૃદયે ચિંતન રાખો. પ્રજાને શુભ નિષ્ઠાવાન બનાવો. રાજાને ધર્મરક્ષક, પ્રજાપાલક અને નીતિમાન બનાવો. ધર્મનું રક્ષણ કરો અને તે તમારું રક્ષણ કરશે. સૌનું કલ્યાણ થાઓ. જય અરિહંત ! જય અરિહંત !"

આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના માનવ જીવનની અવશેષ સુવર્ણ ઘડીઓ સંકેલાઈ જાય છે. તેમનો મહાન આત્મા શાંત જગતમાંથી અનંતતામાં પગલાં માંડે છે. તેમની ઉન્નત માનવ-તામાંથી નરી પ્રભુતા વિલસી રહે છે.

## ગ્રાહકોને નમ્ર વિનંતી

**'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**બુદ્ધિપ્રભા**
C/o શ્રી જે. એસ. દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઈવાડો, ૧ લે માળે,
મુંબઈ ૨.

—પ્રભા

# ગુજરાતની અસ્મિતા

પંચાસરના યુદ્ધમાં પ્રગટેલી એક ચિનગારી–અને એ ચિનગારીમાંથી ગુજરાતની અસ્મિતા જનમી છે.

રૂપસુંદરીનો લાડકવાયો ને તેજસ્વી પુત્ર વનરાજ બાળવયમાં તેણે સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવ્યું. યુવાનવયે તેણે ગુજરાતનો અગત્યનો ભાગ જિત્યો રાજધાની પાટણની સ્થાપના કરી. તે મધ્યકાલીન ગુર્જર સંસ્કૃતિનો સ્થાપક ને ધર્મ સહિષ્ણુતાનો અવતાર હતો. ગુજરાતની રાજકીય પ્રવૃત્તિમાં જૈનત્વના આશ્રયે અહિંસા અને સત્યને ગૂંથનાર તે પ્રથમ રાજવી હતો.

પછી આવ્યો યોગરાજઃ વીર વનરાજનો સુચરિત પુત્ર પણ પ્રભાત સૂર્યના પૂજન આગળ દેદિપ્યમાન સૂર્ય જેમ ઉપેક્ષિત લાગે એમ વનરાજના સ્વતંત્ર વ્યકિતત્વે તેના તેજને ઢાંકી દીધું. સરસ્વતીનો તે પ્રિયતમ હતો. ન્યાય અને નીતિનો તે અવતાર હતો. પુત્રે કરેલ નીતિભંગનું પ્રાયશ્ચિત આત્મ બલિદાનથી વાળવાનું જગતના ઈતિહાસને તેણે જવલંત દૃષ્ટાંત આપ્યું.

પછી આવ્યા અનુક્રમે ક્ષેમરાજ, ભૂવડ, વૈરસિંહ, રત્નાદિત્ય અને સામંતસિંહ. પૂર્વજોની અગાધ શક્તિનો તેમનામાં અભાવ હતો. છતાં રત્નાદિત્ય વગેરેએ પાટણની રાજ્ય-લક્ષ્મીના વિકાસ ક્ષેત્રને વિશાળ બનાવ્યું. ચોર–લૂંટારાઓનો કાંટો કાઢ્યો. પિતૃઓએ સોંપેલી મિલ્કતને સાચવી રાખી.

છેલ્લા રાજાની વિષય લંપટતા, અશક્તિ અને દારૂના વ્યસને વનરાજના વંશનો ઉચ્છેદ કરાવ્યો. તેના વિશ્વાસ-ઘાતી ભાણેજ મૂળરાજે તેનો અને તેના કુટુંબીજનોનો નાશ કરાવી રાજ્ય પચાવી પાડયું. લૂંટેલ રાજ્યને પચા-વવાની તીવ્ર આકાંક્ષાએ તેને અમર્યાદિત બનાવ્યો. પાટણ ઉપર હલ્લો લઈ આવતાં લાટ અને અજમેરનાં સૈન્યોને તેણે નસાડયાં. ગિરનારનાં આહરિપુનો નાશ કર્યો. વૃદ્ધાવસ્થામાં તેણે ઉત્તરા-પથના બ્રાહ્મણો નિમંત્ર્યા ને તે રીતે, યુવાન વયે કરેલ પાપોના પ્રાયશ્ચિત માટે તેને નિષ્ફળ ફાંફા મારવાં પડયાં.

પિતાના રાજશાસનમાં જ પરા-ક્રમની અવધિએ પહોંચનાર ચામુંડ મૂળરાજના રાજ સિંહાસને બિરાજ્યો. ઇતિહાસકારોએ તેની કારકિર્દી વિષે જો કે ચૂપકીદી સેવી છે પણ, જો વસ્તુ ઉપલબ્ધ છે તેથી માની શકાય છે કે પિતાના પાપી કાર્યોના સ્મરણને

તેને નીતિ શિથિલ બનાવ્યો. પાપનાં પ્રાયશ્ચિતાર્થે, બહેનના અતૂટ ને તેજભર આગ્રહથી, રાજ્ય છોડી તેને કાશીનો માર્ગ ગ્રહણ કરવો પડ્યો.

પછી આવ્યો વલ્લભરાજ. પિતાના અપમાનનો બદલો લેવા જતાં દેહનો તેણે ભોગ આપ્યો. તેનો નાનો ભાઈ દુર્લભરાજ તેના સિંહાસને બેઠો. શાંતિ ને સુલેહનો તે દૂત બન્યો. મોહ પર જય મેળવી, નાના ભાઈના પુત્ર ભીમદેવને રાજધુરા સોંપી તેણે સન્યસ્ત ધારણ કર્યું.

ભીમદેવ એટલે દુઃશાસન વિજેતા, ભીમનો અવતાર સિંધ, ચેદી અને અવંતિપતિ ભોજને હરાવી તેણે ગુજરાતનો ડંકો વગાડયો. વિમળશાહે તે સમયમાં આબુના જગપ્રસિદ્ધ દેરાસરો બંધાવ્યાં. તેના સમયમાં સોમનાથની સવારી મુખ્ય ગણી શકાય. પણ સોમનાથનાં પરાજયમાં પણ તેની કીર્તિ તો ઝળહળી ઊઠી. મુસલમાન ઇતિહાસકારોએ તેના શૌર્યના મુક્તકંઠે વખાણ કર્યાં. મૂળરાજ સરીખા દાનેશ્વરી પુત્રનું તેને પિતૃપદ મળ્યું.

તેના અવસાન પછી યુવરાજ ક્ષેમરાજે રાજત્યાગ કરી નાનાભાઈ કર્ણદેવને પોતાના પદ પર અધિષ્ઠિત કર્યો. રાજા કર્ણ કરતાં મીનળદેવીનાં પતિ અને સિદ્ધરાજનાં પિતા તરીકે તે વધારે વિખ્યાત છે. પુત્રને બાળવયે જ રાજ્ય સોંપી તેણે કર્ણાવતી વસાવી ત્યાં જઇ રહેવાનું પસંદ કર્યું.

સિદ્ધરાજ એટલે મહત્ત્વકાંક્ષીની પ્રતિમૂર્તિ. માળવા, લાટ અને જુનાગઢ પર તેણે વિજય મેળવ્યો. સહસ્ત્રલિંગ રૂદ્રમાળ સરીખાં અનેક ભવ્ય સ્થાપત્ય મંદિરોનો તે સ્થાપક બન્યો. કુમારપાળને પણ ટપી જાય તેવી તેની રાજ્ય વ્યવસ્થા હતી. પણ ચારિત્ર્યના એક જ દુર્ગુણને લીધે તેને કુમારપાળ કરતાં હીણપદ પ્રાપ્ત કરવું પડયું. કુમારપાળ રાજગાદીનો વારસ ન બને તે માટે તેણે અજમાવેલી સર્વ યુક્તિઓ વ્યર્થ ગઈ.

તેના યુગમાં મુંજાલ, શાંતુ, સજ્જન અને ઉદયન સમા મંત્રીશ્વરો થયાં. તેજભર વ્યક્તિત્વે ઓપતી મીનળદેવી કે નિર્મળ સતીત્વે પૂજ્યતા પ્રસરાવતી જસમા, ને રાણકદેવીની વિરલ મૂર્તિઓ પણ તેના જ યુગના વારસો છે પણ જેનાં નિર્મળ છતાં દિગંત વ્યાપી પ્રતાપી યશે તેના યુગને અમર બનાવ્યો એ કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો જન્મ અને વિકાસ તે પ્રતાપી રાજવીના ભાગ્ય મંદિરે સુવર્ણ કળશ સમ નીવડયો છે.

એ બંને તેજ સંયોગે ગુજરાતને સમૃદ્ધ વ્યાકરણ આપ્યું. સ્વતંત્ર

વ્યકિતત્વ આપ્યું. ઉન્નત ભાવના આપી પણ સિદ્ધરાજને ભોગ વિલાસ પ્રિય હતા તે આચાર્યશ્રી હેમચંદ્રસૂરિને સ્વકીર્તિના આશય સિવાય પૂરા ઝીલી કે ઝીલાવી શકયો નહિ.

પણ જ્યારે વીર કુમારપાળ ગુજરાતના સિંહાસને બેઠો ત્યારે પંચાસરમાંથી પ્રગટેલી ચિનગારી સ્વર્ગીય પ્રભારૂપે ચમકી ઊઠી.

અને ગુજરાત સંસ્કાર, સમૃદ્ધિ ધર્મ, સાહિત્ય ને પરમ ભાવનાના કીર્તિ મંદિર સમું બન્યું. મહાન ભારતવર્ષના નયન તેજ તરીકે દેવી ભારતીના વિશુદ્ધ હૃદય તરીકે જગતમાં તેની સ્થાપના થઇ.

અને ગુજરાતને આંગણે અસ્મિતાનો ઝળહળતો દીપક પ્રગટયો !!!

★

ઉચ્ચ બનાવટ

વિશુદ્ધ માલ

મનોહર ઘાટ વ્યાજબી ભાવ

રાજકમલ સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વાપરો.

ઉત્પાદકો:—રતીલાલ નગીનદાસ એન્ડ કુાં૦

૧૧૮, કંસારા ચાલ, મુંબઈ ૨.

ઓફિસ ફોન : ૩૩૫૨૧૧. રેસીડંસ ફોન : ૩૦૨૦૮૬

# શ્રી હેમચંદ્રાચાર્યનું રાજકારણ

—સ્વ. શ્રી નાગકુમાર મકાતી

એ સર્વમાન્ય હકીકત છે કે વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં અને તેરમી સદીના પૂર્વાર્ધમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે ગુજરાતના રાજકરણમાં મહત્ત્વનો ભાગ ભજવેલો છે. ગુજરાત તે વખતે એક વિકાસ પામતું સામ્રાજ્ય હતું અને ગુજરાતની સીમાઓ દૂર દૂર સુધી વિસ્તરેલી હતી. સિદ્ધરાજ જયસિંહ ગુજરાતને મહાન બનાવવાનાં સ્વપ્નો સેવતો હતો. તેવામાં તે શ્રી હેમચંદ્રસૂરિના પરિચયમાં આવ્યો.

કુમુદચંદ્ર અને શ્રી વાદિદેવસૂરિના વિક્રમ સંવત ૧૧૮૧ માં થયેલ વાદ પ્રસંગથી જ તે શ્રી હેમચંદ્રાચાર્યની તેજસ્વી બુદ્ધિનો પ્રશંસક બન્યો હતો. પરંતુ માલવાના વિજય પછી ભોજદેવ કૃત—વ્યાકરણ જોતાં તેનું આત્મ ગૌરવ હણાયું ત્યારે ગુજરાતનું સાહિત્ય પ્રદેશનું દારિદ્ર દૂર કરવા, નવું વ્યાકરણ રચવા, તેણે સૂરીશ્વરને વિનંતી કરી. તેમની વિશિષ્ઠ શક્તિઓનું પ્રદર્શન અને ગુજરાતના ઘડતરમાં સક્રિય હિસ્સો આપવાનો પ્રારંભ આ પ્રસંગથી થયો.

વ્યાકરણ તૈયાર થયે જે બહુમાન પૂર્વક પોતાના ખાસ હાથી ઉપર પધરાવી તેને રાજમહેલમાં લાવવામાં આવ્યું તે ઉપરથી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ વિષે સિદ્ધરાજને કેટલું માન છે તે પ્રતીત થતું હતું. સૂરીશ્વરની પ્રતિભાની અસર તળે તે ધીમે ધીમે આવતો જતો હતો. પરંતુ વ્યાકરણની સમાપ્તિ પછી ત્રણ ચાર વરસનાં ટૂંકા ગાળામાં જ—વિ. સં. ૧૧૯૯ માં તે મૃત્યુ પામ્યો. અને શ્રી હેમચંદ્રસૂરિની જામતી જતી અસર થોડો વખત ઓળંભે પડી.

ત્યારપછી કુમારપાળ ગુજરાતના સિંહાસને આવ્યો અને શરૂઆતનાં થોડાં વર્ષો બાદ શ્રીમદ્ હેમચંદ્રસૂરિની અસર તળે ગુજરાત પુનઃ આવવા લાગ્યું. અને વિ. સં. ૧૨૧૬ થી ૧૨૩૦ સુધી તે તેમના સોએ સો ટકા પ્રભાવ નીચે રહ્યું.

સૂરીશ્વર શ્રી હેમચંદ્રાચાર્યનો પોતાનો, રાજા અને રાજ્ય બાબત વિશિષ્ટ આદર્શ હતો. કુમારપાળની પોતાના પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધાનો તેમણે તે આદર્શ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો.

રાજકરણ ઉપર જબ્બર પ્રતાપ છતાં તેઓ મેલી રાજરમતમાં કદી પડયાં નથી. સ્વભાવ, સંયોગો અને સંયમપૂર્ણ જીવનને લીધે તેમ કરવાની

તેમને આવશ્યકતા પણ ન હતી. સ્વભાવથી તેઓ ત્યાગી હોઈ અંગત સ્વાર્થનો તેમનામાં તદ્દન અભાવ હતો. આ સંયોગોમાં કુમારપાળનો તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ હતો. અને તેમનાં સંયમી જીવનમાં કાવાદાવાને સ્થાન નહોતું.

તેમનું રાજકારણ, અલબત્ત ધર્મભાવનાના સંમિશ્રણવાળું હતું પરંતુ તે તદ્દન લોકહિતાર્થે હતું તે તેમની નીચેની સિદ્ધિઓથી ખાત્રી થશે.

### ૧. ગુજરાતનું દષ્ટિપરિવર્તન

અહિંસાના સિદ્ધાંતનો પ્રચાર કરીને ગુજરાતના રાજકીય સાંસ્કૃતિક જીવનમાં તેમણે જબ્બર ક્રાંતિ કરી છે. હિંસા એ મનુષ્ય સ્વભાવની વિરુદ્ધની વસ્તુ છે. અને માનવતાની દષ્ટિએ તે ત્યાજ્ય છે. ધર્મની દષ્ટિએ તેનો કોઈ રીતે બચાવ થઇ શકે તેમ નથી. આ મહાન સંદેશથી તેમણે સમસ્ત ગુજરાતનું દષ્ટિ પરિવર્તન કરી નાખ્યું. અહિંસામાં અનેક ગૂઢ શક્તિઓ રહેલી છે. એ આજના ગાંધીયુગમાં પ્રતીત થાય છે. ગુજરાત અહિંસાનો સાચા દિલથી અમલ કરી તેની શકયતાઓ પ્રકટાવે એ ઇચ્છવા યોગ્ય છે.

### ૨. લોકજીવનની શુદ્ધિ

શ્રી હેમચંદ્રાચાર્યે લોકજીવનની શુદ્ધિ અને સાફસુફી કરી તેમનાં જીવનધોરણ ઊંચા લાવવા પ્રખર પ્રયાસો કર્યા છે. મદિરા, જુગાર, માંસભક્ષણ આદિ પ્રજાજીવનમાં ઘર કરી બેઠેલાં અનેક અનિષ્ટોને મૂળમાંથી કાઢવા તેમણે સખ્ત આંદોલનો ગતિમાન કર્યાં હતાં. તેમના પછી શુદ્ધિનું ધોરણ ઘટી ગયું છે. તોપણ તેમણે પ્રચલિત કરેલાં શુદ્ધિનાં આંદોલનો આજે પણ તેટલું જ ધ્યાન માંગી લે છે.

### ૩. આદર્શ રાજા

સુખી પ્રજાજીવનની ચાવી વ્યસનરહિત અને આદર્શ રાજામાં રહેલી છે તે પોતે સંયમી અને ચારિત્રશીલ હોય તો જ પ્રજાજીવનનો ઉદ્ધાર શકય છે. કુમારપાળને પોતાના આદર્શ પ્રમાણે ઘડી ગુજરાતને તેમણે એક સંસ્કારમૂર્તિ રાજા અને તેનો આદર્શ સદાને માટે આપ્યાં છે. ગુજરાતના રાજકીય જીવનને ઉચ્ચ બનાવનાર મહાન શક્તિ તરીકે તેમનું સ્થાન અદ્વિતીય છે.

### ૪. સ્ત્રી-સ્વાતંત્ર્ય

સ્ત્રી સ્વાતંત્ર્ય અને તેમના વારસાના હક્કો સ્વીકારાવી તેમની આર્થિક અસમાનતા દૂર કરાવવાનો યશ આચાર્યશ્રીના ફાળે જાય છે. તેમણે પાડેલા ચીલે ચાલી ગુજરાતને હજી ઘણી પ્રગતિ કરવાની બાકી છે. સ્ત્રીઓનાં આર્થિક સમાનતાના સિદ્ધાંતનો તેમણે ગુજરાતને આપેલો વારસો અમૂલ્ય છે.

તેમના સમય સુધી કોઇ પણ માણુસ અપુત્ર મરણ પામે તો તેનું તમામ ધન રાજ્ય-તિજોરીમાં જતું. શ્રી હેમચંદ્રાચાર્યે આ સર્વે બંધ કરાવી અપુત્રિયાનું ધન તેની સ્ત્રી કે પુત્રીને મળે તેવો ધારો ઘડાવ્યો. અને તેમ કરી સ્ત્રીઓના વારસા હક્કનો સૌ પ્રથમ સ્વીકાર કરાવ્યો. આ કાયદાથી બોંતેર લાખની આવક રાજ્યને બંધ થઇ. પરંતુ અપુત્રિયાનું ધન રાજ્ય લે એ હડહડતો અન્યાય છે એમ તેમણે કુમારપાળને સમજાવ્યું.

## ૫. અસ્મિતા

ગુજરાતની અસ્મિતા તેમનાં સમયમાં જ જનમી એમ કહીએ તો ચાલે રાજા ભોજદેવ કૃત વ્યાકરણ જોઈ સિદ્ધરાજ ગુજરાતની ગૌરવહીનતા અનુભવવા લાગ્યો ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યે ગુજરાતની અસ્મિતાનો દીપક સૌથી પ્રથમ પ્રકટાવ્યો. અને ત્યારપછી અનેક સ્વરૂપે તેનો પ્રકાશ ગુજરાતને ઘેર ઘેર ફરી વળેલો આપણે આજે ય જોઈ શકીએ છીએ.

ઉપરના મુખ્ય તારણ ઉપરથી જોઈ શકાશે કે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય માત્ર જૈન સમાજના જ નહોતા પરંતુ તેઓ [illegible] સમસ્ત ગુજરાતના ભારત વર્ષ અને સારાય જગતના હતા. તેમના જેવી વિભૂતિઓ કોઈ પણ એક પંથની રહી શકતી જ નથી. તેમની વિશિષ્ઠ શક્તિઓ તેમને સારા રાષ્ટ્રની મિલકત બનાવે છે. સાહિત્ય સમ્રાટ ઉપરાંત એક પ્રખર રાષ્ટ્ર અને સમાજ સુધારક તરીકે તેમનું નામ ચિરંજીવ રહેશે.

તેમનું જીવન સમસ્ત પ્રજાને માટે હતું સદેહે તેઓ સમાજના હતા. વિદેહ છતાં તેમનો અક્ષરદેહ આજે ય સમાજ માટે જ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

જૈન ધર્મનો પ્રચાર તેમને મન સર્વોદ્ધાર Mass Uplift નું સાધન હતું. અને રાજકારણમાં ભાગ લઈ આ ધ્યેયની સિદ્ધિ અર્થે તેમણે પ્રયત્નો કર્યા છે.

કુમારપાળના રાજા તરીકેનાં તમામ ફરમાનોમાં શ્રીમદ્ હેમચંદ્રસૂરિનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. તે પ્રભાવ જન સમાજની કલ્યાણની ભાવના અને તેમના સંયમ રંગથી રંગાયેલો છે, તેમનું રાજકારણ ખટપટથી તદ્દન અલિપ્ત, ઉચ્ચકોટિનું અને સામાન્ય રાજકારણથી નિરાળા પ્રકારનું છે, ચાણક્ય સમી તેજસ્વી બુદ્ધિની દોરવણીવાળું છતાં તે તેની રાજરમતથી

મુક્ત છે. તેમના રાજકારણને ધર્મનો અવિહડ રંગ લાગેલો છે. રાજ્યસૂત્ર ધર્મ સિદ્ધાંતોથી દોરવાયેલું હોવું જોઇએ એમ તેઓ માને છે. ધર્મ-રાજ્ય એ જ રાજ્યધર્મ એ જ રાજ્યા-દર્શ. ગુજરાતમાં એ ધર્મરાજ્ય ઉતારવા પૂરતું જ તેમનું રાજકારણ હતું.

જ્યાં સત્તાની પ્રાપ્તિ માટે ખેંચતાણ ચાલતી હોય, સત્તાનાં સ્થાનો કબજે કરવાની હરિફાઇઓ થતી હોય ત્યાં રાજરમતનું ગંદુ સ્વરૂપ દેખા દે છે. શ્રી હેમચંદ્રસૂરિને સત્તાનો મોહ નહોતો. તેમની રાજ્યનીતિ સ્પષ્ટ અને ખુલ્લી હતી. તેમને કશું સંતાડવાપણું નહતું. સત્ય અને અહિંસા ઉપર જ મની રાજ્યનીતિનું બંધારણ થયેલું હતું, સત્યને ભોગે નહિ પણ સત્યને માટે જ તેમનું રાજકારણ હતું. અહિંસાના ભોગે નહિ પણ અહિંસાના માટે તેમનો પ્રયત્ન હતો. જુઠ, પ્રપંચ અને કુટિલતા રાજ્યમાંથી દૂર કરવા તેમની શક્તિયો ખરચાઈ હતી.

તેમનું રાજકારણ સ્વચ્છ અને નિર્મળ હતું. સત્ય અને અહિંસાના પાયા ઉપર રચાયેલું સત્ય અને અહિંસાનો વિજયધ્વજ ફરકાવવા અર્થે હતું. તેમના રાજકારણથી ગુજરાત હતું તે કરતાં વધુ સમૃદ્ધ, વ્યસનોથી વધુ મુક્ત અને વધુ તેજસ્વી બન્યું હતું; ગુજરાતે તે પહેલાં અને પછી કદી ન જોયેલાં એવા સુવર્ણયુગનાં દર્શન કર્યાં હતાં.

—('સુવાસ' ના સૌજન્યથી)

Grams : **SUKESHI** Phone : 334238

Please Contact For.

ALLOY TOOL STEEL.

AND

◀ *High SPeed Steel*
◀ O. H. N. S. Steel
◀ Stainless Steel
◀ High Carbon High Chrome
◀ Carbon Steel
◀ Nickle Chrome Steel
◀ Hot Die Steel

**UNITED STEEL AGENCY**

(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

—પીતાંબર પટેલ

# કળા: કંચન અને કામિની

અરવલ્લીના પહાડોની વનરાજી વીંધતો ઘોડેસ્વાર વચ્ચે વચ્ચે વનકેસરીની પેઠે ચોમેર દૃષ્ટિ ફેલાવી, આખીયે સૃષ્ટિને આંખમાં ભરી દેતો આગળ વધે જાય છે. એ આગળ ને આગળ વધે જાય છે. પાછળ તેનો વિશ્વાસુ ભીલ સરદાર હમીરસિંહ ઘોડાને દબાવતો એને અનુસરે છે.

આમ્રકુંજમાં લપાઇ, કોકિલા વસંતના ગીત ગાઇ રહી હતી. નવપલ્લવિત બનેલાં વૃક્ષો પણ હવાની મસ્તીમાં મસ્ત બની ઝૂમી રહ્યાં હતાં. આ તેજીલા ઘોડેસ્વારની એના પર પણ નજર ઠરતી નહોતી. એની આંખ શું ઢૂંઢતી હતી?

એક ખીણમાં ઉતર્યા. ત્યાં થોડીક સમતલ જગ્યા દેખાઇ ઊંચેથી દડતું પાણીનું ઝરણું દેખાયું. જળાશય પાસે જતાં ઘોડેસ્વાર થંભી ગયો. એની આંખ સામેનાં દૃશ્ય પર જડાઇ ગઇ.

ત્યાં વાઘ પાણી પી રહ્યો હતો. તેની નજીકમાં હંસનું ટોળું કિલ્લોલ કરી રહ્યું હતું. ને થોડેક દૂર ગાય ચરી રહી હતી. વાઘ આવ્યો છે એનો જાણે કોઇને ફફડાટ જ નહોતો.

વાઘ પાણી પી ચાલ્યો ગયો.

"મળી ગયું...મળી ગયું. હું જે ઢૂંઢતો હતો એ સ્થળ મળી ગયું."

"શાનું સ્થળ માલિક?"

"પ્રભુનો સંકેત છે કે અહીં દહેરાં કરાવવાં એવાં દહેરાં કે તેની કલા જોઇ પ્રવાસીઓની આંખ ઠરે અને દર્શન કરી અંતર ઠરે."

તેજપાળે ઘોડા પરથી ઉતરી જળાશયમાં હાથપગ ધોયા. ઝરણાંનું મીઠું પાણી પીધું અને ઘોડાને પાણી પાઇ ચરવા છુટો મૂક્યો.

તેજપાળ અને સરદાર હમીરસિંહે ત્યાં ફરીને જગ્યા જોઇ. ત્યાંનો પથ્થર જોયો.

"અહીંથી આરસ મળે તેમ છે. કાલથી જ મજુરોને કામે લગાડી દઇએ અને ઢંઢેરો પીટી જાહેર કરો કે સંગેમરમરને સજીવ કરે એવાં કારીગર જોઇએ છે. કારીગરને તેની કલાના પ્રમાણમાં મોં માંગ્યા દામ મળશે."

થોડા દિવસોમાં તો આબુના એ પહાડોમાં સલાટોનાં ટાંકણાંના રણકાર શરૂ થયાં. તેજપાળે આબુના દેરાસરની જગ્યાની વિશિષ્ટતાનું વર્ણન કર્યું ત્યારે તો વસ્તુપાળને પણ ખૂબ આનંદ થયો. વસ્તુપાળે ગિરનાર પર અને

શત્રુંજય પર જિન પ્રભુનાં દેરાસરો શરૂ પણ કરાવ્યાં હતાં. ગુજરાતના ત્રણ પર્વતો પર યાત્રાધામો બંધાઈ રહ્યાં એ જાણી મંત્રીશ્વરોની પત્નીઓ અને માતાજીને પણ ખૂબ આનંદ થયો.

જ્યારે જમીનમાંથી આકસ્મિક ધન મળ્યું ત્યારે મંત્રીશ્વરના ઘરનાં સૌને આનંદ થયો હતો. અને તેમા પ્રભુની કૃપાનું દર્શન થયું હતું. એવો જ આનંદ આબુ પરની જગ્યાની પસંદગીથી થયો.

વસ્તુપાળ અને તેજપાળ બંને ભાઈઓએ મંત્રીઓ તરીકે ગુજરાતમાં ડંકો વગાડયો હતો. ધોળકાના રાજા લવણપ્રસાદની કીર્તિ વધારી હતી. પ્રજાને પણ ખૂબ જ સુખશાંતિ હતી. વસ્તુપાળ મુત્સદ્દી અને ગણતરીબાજ હતો. ઓછામાં ઓછા કરવેરાએ સાચો વહીવટ ચાલે તેવી શાસન પદ્ધતિથી રાજ્યની પ્રજા આબાદ થતી જતી હતી. અને તેજપાળ વીર યોદ્ધો હતો. તે પોતે જ રણસંગ્રામમાં મોખરે હતો. અને દુશ્મનોને પડકારતો તેણે ગોધરાના માંડલિક રાજા ઘુઘુલને બૂરા હાલે પકડયો હતો. ઘુઘુલે વીર ધવલનું ભારે અપમાન કર્યું હતું. તેની આજ્ઞાનો તીરસ્કાર કરી સામેથી કાજળની દાબડી અને સાડી મોકલ્યાં હતાં. પણ તેજપાળે તેના હાથમાં જ એ દાબડી અને સાડી મૂકી ભર સભામાં એનું નાક કાપ્યું હતું.

તેજપાળના એ પરાક્રમ અને શૌર્યથી વીરધવલ ખૂબ જ પ્રસન્ન થયા. અને મંત્રીને સોનામહોર બક્ષીસ આપી.

વસ્તુપાળે પણ તેની મુત્સદ્દીથી દિલ્હીના સુલ્તાનને પ્રસન્ન કર્યો હતો. દિલ્હીના સુલતાન મુઝુદ્દીનની માતા મક્કા હજ કરવા જતી હતી, તેના વહાણને ચાંચિયાએ એ સ્તંભતીર્થ (ખંભાત) પાસે લૂંટી લીધું. વસ્તુપાળ પાસે ફરીયાદ આવી.

દિવસમાં તો ચાંચિયાઓને પકડી લીધા અને લૂંટનો માલ સુલતાનની અમ્માને સોંપ્યો.

'અમ્મા ! મારી હકુમતમાં ચાંચિયાઓએ જે હરકત કરી છે એ આપનું નહિ પણ અમારું અપમાન છે. દરિયામાર્ગે આપને ફરીથી કંઈ આપદા ન પડે તે માટે હું વળાવિયા મોકલું છું. એ આપનું રક્ષણ કરશે.

દિલ્હીના સુલતાને જ્યારે આ વાત જાણી ત્યારે તે વસ્તુપાળ પર પ્રસન્ન થયો.

દિલ્હીમાં સુલતાને વસ્તુપાળનું સન્માન કર્યું.

'મારી અમ્મા તમારી ખૂબ જ પ્રશંસા કરે છે. તમે અમ્માની હજમાં સહાય કરી છે. તમે માંગશો તે આપવામાં સુલતાન પાછો નહિ પડે.'

'સુલતાનની કદરદાની માટે અહેશાનમંદ છું.'

'ના, ના તો ય કંઈ માંગો.'

'સુલતાન અમારી સાથે મૈત્રી રાખે.'

'મંજુર છે. પણ હું તમને કંઇક માંગવાનું કહું છું.'

'તો એક વસ્તુ માંગવાની રજા લઉં છું. મારી માતાજીની ઇચ્છા છે કે અમારા આદિનાથ પ્રભુની પ્રતિમાની શત્રુંજય પર્વત પર પ્રતિષ્ઠા થાય. આપના મુલકમાં જે દૂધ જેવા સફેદ સંગેમરમર મળે છે તે આપો તો જિનપ્રભુનું દેરાસર બંધાવું.'

'જાઓ, મારી આજ્ઞા છે કે તમારે જોઇએ તેટલો આરસ મળશે.' અને એ ઉપરાંત વસ્તુપાળને સોનામહોર આપીને પણ સુલતાને પોતાની પ્રશંસા વ્યક્ત કરી.

વસ્તુપાળે દિલ્હીના સુલતાનની મૈત્રી સાધી એથી રાણાની ખુશીનો પાર ન રહ્યો.

વીરધવલે કીનખાબથી ઢાંકેલો સોનાનો થાળ વસ્તુપાળને બક્ષિસ આપ્યો. ઘેર જઇને જુએ છે તો અંદર સોનામહોર હતી અને હીરા માણેકના કિંમતી હાર હતાં.

વૃદ્ધ માતા આ બધામાં જિન પ્રભુની કૃપા જ જોતાં હતાં. 'દીકરાઓ, તમારી બહાદુરી અને પરાક્રમની વાતો સાંભળી મને પોરસ ચઢે છે પણ પ્રભુની કૃપા વગર કંઈ બનતું નથી."

એકવાર માતાજીએ દીકરાઓ આગળ ઇચ્છા પ્રદર્શિત કરી રાજ્ય વહીવટમાંથી તમે સમય કાઢી શકો તો આપણે સહકુટુંબ યાત્રાએ જઇએ."

અને યાત્રાનો કાર્યક્રમ ગોઠવવા લાગ્યો. જતાં પહેલાં ધન જમીનમાં દાટતા જવા વિચાર્યું તે માટે જમીનમાં ખાડો ખોદ્યો તો અંદરથી મોટો ધનભંડાર હાથમાં આવ્યો.

'આ તો પ્રભુની પ્રસાદી છે. એ કંઇ બીજું જ ઇચ્છતો લાગે છે. બેટા ! આ તો પ્રભુનું ધન છે. આ ધન પર આપણો કોઇ હક્ક નથી. એ ધન એના નામ પાછળ જ ખર્ચાવું જોઇએ. એ તમને સારા કામના નિમિત્ત બનાવવા માંગે છે.'

'અમે પણ એમ જ માનીએ છીએ.'

'તો એમ કરો. જિનપ્રભુના દહેરાં બનાવો. એવાં દહેરાં બનાવો કે સૈકાઓ પછી પણ જોનારા દિંગ થઇ જાય અને દૂર દૂરથી દર્શને આવે.'

'જેવી માતાજીની આજ્ઞા. અમે પણ એમ જ વિચારતા હતા. ગિરનાર અને શત્રુંજયની પેઠે આબુ પર આપ ઇચ્છો તેવાં અનુપમ કોતરણીવાળા આરસનાં દહેરાં બનાવીશું.'

તેજપાળે એ દહેરાં માટે પ્રભુના સંકેતવાળી શાંતિ ધામવાળી જગ્યા શોધી કાઢી. દૂર દૂરથી શિલ્પીઓ આવ્યા હતા. એક એકથી અદકી કોતરણી કરતા હતા.

ત્યાં પહાડોમાં આરસ સજીવ થઈ રહ્યા હતાં. પ્રતિમાઓ જાણે હમણાં બોલશે, હમણાં નૃત્ય કરશે. એવી ચેતનવંતી લાગતી હતી. કારીગરો એકમેકની સ્પર્ધા કરતા હતાં. તેમની શક્તિ અને કલાને રૂપ આપી રહ્યાં હતાં. ને આ મંત્રીશ્વરો તેના બદલામાં છૂટે હાથે સોનું આપતાં હતાં.

એકવાર તેજપાળની પત્ની અનુપમાદેવી દહેરાની કલા—શિલ્પવિધાન જોવા ડોળીમાં બેસી ત્યાં આવી. તેણે જોયું તો કારીગરો મીણ જેવાં આરસ પર નકશીદાર આકૃતિઓ ઉતારી રહ્યા હતાં.

તેને થયું. પોતાની યાદ રહે એવો ગોખ બનાવે તો, 'શિલ્પી ! તારી કલાને મારે અમર કરવી છે.'

'આજ્ઞા કરો દેવી !'

'મારે આ દહેરામાં એક એવો ગોખ બનાવવો છે કે દહેરાં જોનાર બધું જુએ...પણ તેના પગ તો ત્યાં આવી થંભી જાય. એવી કારીગરી દેખાડો કે એ ગોખ અને તમારી કલા અમર બની રહે હું તમને મોં માંગ્યો પુરસ્કાર આપીશ.'

'જેવી દેવીની આજ્ઞા, હું મારા જીવનની કલા સાધના એમાં રોકીશ.'

લલિતદેવીએ આ ગોખની વાત જાણી ત્યારે તેને દ્હાય લાગી.

લલિતાદેવીએ બીજા શિલ્પીને બોલાવી દેરાણી કરતાં ય સવાયો સુંદર ગોખ બનાવવાનો હુકમ કર્યો તેણે કહ્યું:–'હું એના બદલામાં હીરાનો હાર આપીશ. પણ એવો ગોખ બનાવ કે બીજી બધી કારીગરી તેની આગળ ઝાંખી પડે.'

ને દેરાણી–જેઠાણીની સ્પર્ધા ચાલુ થઇ. બંને જણાં ત્યાં જાય અને શિલ્પીઓને ઉશ્કેરે.

ગર્ભદ્વાર આગળ દેરાણી–જેઠાણીના ગોખ તૈયાર થવા લાગ્યાં. બંને શિલ્પીઓ તેમનું હીર નિતારી રહ્યા હતા. તેમના ટાંકણાં જાણે ફુલ પર નકશી કંડારતાં હોય તેમ બારીકાઇથી પડતાં હતાં. આરસ રૂપ ધારણ કરતો હતો. પણ એ રૂપમાં ચેતન પુરાતું ન હતું શિલ્પીઓને પણ થતું હતું

કે તેઓ આટઆટલી કાળજી રાખે છે, તેમની બધી કારીગરી અંદર ઉતારે છે, છતાં પ્રતિમાઓ હંસ, હાથી, નર્તિકાઓ કેમ નિષ્પ્રાણ લાગે છે !'

એકવાર તો નર્તિકાઓની વિવિધ અંગભંગીઓ જોઈ લલિતા છેડાઈ પડી.

શિલ્પી ! બોલતી ચાલતી પ્રતિમાઓ કંડારતા હતા તે કલા ક્યાં ગઈ ? આ નર્તિકાઓમાં ચેતન ક્યાં છે ? તેનું નર્તન પણ કેવું નિર્જીવ લાગે છે !'

પણ શિલ્પીઓ એ શું કરે ? તેઓ તો આંગળા દ્વારા અંતરને આરસમાં રેડી રહ્યાં હતાં. પણ શિલ્પ સજીવ કેમ થતાં નથી ? બંને શિલ્પીઓ ગોખની રચના સામે તાકી રહ્યાં.

શિલ્પીઓએ આરસના બીજા ટુકડા પસંદ કર્યાં. નવો જ નકશો તયાર કર્યો.

પણ દસ દિવસ પછી જોયું તો એવીજ નિર્જીવ પ્રતિમાઓ ઉપસી આવી.

અનુપમાદેવીની ચીડનો પાર ન હતો.

લલિતાદેવીના ઉશ્કેરાટની સીમા નહતી.

એવામાં મંત્રીશ્વરના માતાજી ત્યાં આવી ચઢ્યાં. તેમણે ફરી ફરીને દહેરાનાં સ્થંભ જોવાં. ગોખ જોયાં, છત જોઈ, પ્રભુની પ્રતિમાઓ જોઈ તેમને મહાવીર ભગવાનની માતુશ્રીને સ્વપ્ના આવ્યાં હતાં તેનું દર્શન ગમ્યું. એ કલા તેમને જીવતી લાગી. પ્રભુનું શાંતિધામ અહીં પરમ પુનિત યાત્રાધામ બની રહ્યું છે એ જોઇ એમની આંખ ઠરી. ફરતાં ફરતાં પેલા કારીગરો પાસે આવ્યા.

"માતાજીએ પૂછ્યું: આ શાનું કોતરકામ ચાલે છે !"

" દેરાણી–જેઠાણીનો ગોખ તૈયાર થાય છે."

" પણ તમારી કલા નિઃષ્પ્રાણ કેમ લાગે છે ?"

" માતાજી ! અમે પણ એજ મુંઝવણમાં છીએ. અમારી બધી શક્તિ હોડમાં મૂકી. પણ પ્રતિમાઓમાં ચેતન આવતું નથી."

"ક્યાંથી આવે ?........" વાત બધી પામી ગયાં હોય તેમ માતાજીએ કહ્યું..."જીવ તો એક પ્રભુ પૂરી શકે, માનવી નહિ. પ્રભુના નામના ગોખ તૈયાર કરો...તુરત તેની કૃપાનો પ્રસાદ તમને દેખાશે. માનવીના ગોખમાં ઇર્ષ્યા અને અહંકારનું જ દર્શન થશે. આ યાત્રાધામમાં તમારે માનવીની પામરતાનું દર્શન કરાવવું છે ?

ને શિલ્પીઓ વિચારમાં પડી ગયા.

અનુપમાદેવી અને લલિતાદેવીએ આ વચનો સાંભળ્યાં ત્યારે તે ડોક ઊંચી ન કરી શક્યાં.

' આ તે પ્રભુનું મંદિર બનાવીએ

છીએ કે માનવીનું ? પ્રભુનાં દહેરામાં આપણા અહંકારને રજા કરવો છે ?"

બંને દેરાણી-જેઠાણીએ શિલ્પીઓને કહ્યું: 'કલાકારો! અમારા ગોખ નહિ, પણ પ્રભુના ગોખ બનાવો. અંદર પ્રભુની પ્રતિમાઓ બિરાજે અને શોભે એવી પુનિત મંગલકારી કલાકૃતિઓ કંડારો. એના પૈસા પણ અમે આપીશું. પ્રભુનાં ચરણે જે કંઈ એ ધરી ધન્ય બનીશું.'

અહંકાર વિગલિત થતાં જાદુ થયો. એ પ્રતિમાઓમાં છૂપું ચેતન સંચાર થવા લાગ્યું. શિલ્પીઓનો હાથ ફરતાં એ શિલ્પ વિધાન લસલસતું ચેતનવંતું બન્યું.

પ્રભુનાં ગર્ભદ્વાર આગળ જ્યારે આ બે ગોખ તૈયાર થયા ત્યારે કયો સારો અને ચડીયાતો એ કહેવું મુશ્કેલ હતું. બંને ગોખ માનવીની બે આંખોની પેઠે એક સરખા શોભી રહ્યા હતા.

આકર્ષક અને લોકપ્રિય..............

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવા હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

# સંકલ્પની દૃઢતા

સાંકેતપુર નામના એક નગરમાં ચંદ્રાવતંસક નામનો રાજા રાજ્ય કરતો હતો. તે અતિ ધર્મપરાયણ અને દૃઢસંકલ્પવાળો હતો.

એક વખત તે રાજા રાત્રે સામાયિક લઈને બેઠો હતો. તેણે દૂર રહેલા દીપકને જોયો. એથી તેણે અભિગ્રહ કર્યો. "જ્યાંસુધી આ દીપક બળે ત્યાંસુધી હું સામાયિકમાં રહીશ" દીપકમાં લગભગ એક પ્રહર બળે તેટલું તેલ હતું. હવે એ જ સમયે ત્યાં રાજાની દાસી આવી ચઢી. તેણે જોયું કે રાજા સામાયિકમાં બેઠા છે અને દીપકમાંનું તેલ પુરું થવા આવ્યું છે. આથી તેણે વિચાર્યું કે જો દીપક ઓલવાઈ જશે તો રાજાના ધર્મધ્યાનમાં બાધ આવશે આથી રાજાને ધર્મધ્યાનમાં બાધ ન આવે તે હેતુથી તેણે દીપકને બળતો રાખવાનું વિચારી તેમાં વિશેષ તેલ પૂર્યું અને એજ પ્રમાણે થોડી થોડી વારે છેક સવાર સુધી તેલ પૂરવાનું ચાલુ જ રાખ્યું. કારણ કે દાસીને રાજાના અભિગ્રહ—દૃઢ સંકલ્પની ખબર ન હતી અને તેલ પૂરવામાં તેનો આશય પણ શુભ હતો.

પરંતુ, રાજાનું શરીર આવો અતિ લાંબો પરિશ્રમ સહેવાને સમર્થ ન હોવાથી તૂટવા લાગ્યું. છતાં પણ તેણે દાસીને ઇશારા માત્રથી પણ તેલ પુરવાની ના કહી નહીં, અને પોતાનો દૃઢ સંકલ્પ પણ છોડયો નહીં.

પરિણામ એ આવ્યું કે સવાર થતાં જ રાજાનું અવસાન થયું. પરંતુ પોતે જે શુભ કર્મબંધન કર્યું હતું અને પોતાના દૃઢ-સંકલ્પને કારણે પોતાના વ્રતમાં જે સ્થિરતા રાખી હતી તેને પરિણામે તેણે પોતાના સર્વ અશુભ કર્મોનો ક્ષય કર્યો અને તેઓ શુભ ગતિમાં ગયા. આજે પણ દૃઢ સંકલ્પ કરનારાઓમાં ચંદ્રાવતંસક રાજાનું નામ અગ્રસ્થાને આવે છે.

# રાજુલ અને રથનેમિ

રથનેમિ તે નેમિનાથ પ્રભુનો અનુજ બંધુ; રાજુલ તે ઉગ્રસેનની પુત્રી રાજીમતી–તેને પરણવા જતાં નેમિનાથે ત્યાં ભોજન માટે વધ કરવા રાખેલાં પ્રાણીઓનો કરુણ સ્વર સાંભળી ત્યાં જઈ તે સર્વને છોડાવી પોતાનો રથ પાછો ફેરાવ્યો ને વૈરાગ્ય થતાં દીક્ષા લીધા પછી અવિવાહિત રહેલ રાજીમતી પાસે રથનેમિએ આવી પોતાને પરણવા એકાંતમાં માંગણી કરી, એટલે રાજીમતીએ ઘણો બોધ આપ્યો પણ તે ન સમજ્યો. બીજી વખત તે આવતાં રાજીમતીએ સુવર્ણના થાળમાં પીધેલું દૂધ વમન કરી બતાવ્યું કે વમન કરેલું પાછું પીવા યોગ્ય નથી તેમ નેમિનાથે પોતાને વમન કરી દીધેલી તે ઉપભોગ કરવા યોગ્ય હોઈજ ન શકે. રથનેમિ ચાલી ગયો. પછી રાજુલ અને રથનેમિએ અનુક્રમે નેમિનાથજી પાસે દીક્ષા લીધી.

ગિરનાર પર એક વખત વૃષ્ટિ થઈ. અંધકાર છવાઈ રહ્યો. રથનેમિ એક ગુફામાં પેઠા. રાજીમતી સાધ્વી પ્રભુને વાંદી આવતાં તે પણ વૃષ્ટિને લીધે અકસ્માત્ તેજ ગુફામાં જઈ પોતાનાં ભીનાં વસ્ત્ર સુકવવાને માટે કાઢી નાખ્યાં. રથનેમિ ભારેલા અગ્નિ માફક આ જોઈ કામાતુર થતાં રાજીમતી પાસે જણાવ્યું કે 'મેં પૂર્વે પણ તારી પ્રાર્થના કરી હતી, તો હમણાં તે ભોગનો અવસર છે.' રાજીમતીએ શરીર તરત જ ઢાંકી જણાવ્યું 'આ અનુચિત છે, તમે સર્વજ્ઞના અનુજ બંધુ ને શિષ્ય છતાં ઉભય લોકને વિરોધ કરનારી ભૂંડી મતિ કેમ થાય છે? હું સર્વજ્ઞની શિષ્યા. તમારી મારી સાથે આવી વાંછના તે તમને ભવસાગરમાં પાડનારી થશે. મુનિ અને સાધ્વીનું શીલભંગ તે બોધિનો નાશ કરનાર છે. અગંધન કુળના સર્પ અગ્નિમાં પેસે પણ વમન કરેલું પાછું ખાય નહિ. વમન કરેલ પાછું ખાવાની ઇચ્છા કરનાર તું કામીના મનુષ્યત્વને ધિક્કાર છે. તે કરતાં મરણ સારૂં છે...' આ પ્રમાણે રાજીમતીએ પ્રતિબોધિત કરેલા રથનેમિ વારંવાર પશ્ચાત્તાપ કરતા સર્વ પ્રકારે ભોગની ઇચ્છા તજી દૃઢને તીવ્રપણે વ્રત પાળવા લાગ્યા. અને ત્યાંથી તરતજ નેમિપ્રભુ પાસે આવી પોતાના સર્વ દુશ્ચરિત્રની આલોચના કરીને વિશુદ્ધ બુદ્ધિવાળા રથનેમિ મુનિએ એક વર્ષ પર્યંત છદ્મસ્થ-પણામાં રહીને છેવટ કેવળ જ્ઞાનને પ્રાપ્ત કર્યું.

[ ત્રિ. શા. પુ. ચ. પર્વ ૮ મું પૃ. ૧૯૨ અને ૨૧૨ ]

સ્વ.

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના સ્મૃતિમાં

ગાંધી–સ્મૃતિ અંકમાં તમે એક માનપત્ર વાંચ્યું હશે. અત્રે જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખસ્થાને અપાયેલ માનપત્રનો અનુવાદ આપ્યો છે. સ્વ. વીરચંદ ગાંધીએ વિદેશમાં કરેલ સ્તુત્ય પ્રયાસોનો એના પરથી સાચો ખ્યાલ આવશે. —સંપાદક.

## જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખસ્થાને અપાયેલ શ્રી વીરચંદ ગાંધીને માનપત્ર

અનુવાદક : **પન્નાલાલ રસિકલાલ શાહ.**

**શ્રી વીરચંદ રાઘવજી ગાંધી,**

બી. એ. એમ. આર. એ. એસ.

**સ્નેહી ભાઇશ્રી :**

અમેરિકાના લાગણીપ્રધાન લોકોમાં ભ્રાતૃભાવની લાગણી જન્માવી આપે સમગ્ર જૈન સમાજ અને આર્ય સંસ્કૃતિની સેવા તમે બજાવી છે તેને માટે અમો આભાર અને પ્રેમભરી લાગણી વ્યક્ત કરવા એકત્ર થયા છીએ.

ચિકાગો વિશ્વધર્મ પરિષદના જૈનધર્મના જ પ્રતિનિધિ તરીકે માત્ર નહીં, પરંતુ ભારતની આધ્યાત્મિક ભૂમિના બાહોશ હિમાયતી તરીકે અમે આપને સંતોષ અને મગરૂબીથી જોતાં આવ્યા છીએ.

હિંદુધર્મના રીતરિવાજોને લઇને વિદેશમાં પડતી મુશ્કેલીઓની અવગણના કરીને અમેરિકાના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરીને ભારતીય દર્શનનો જે ખ્યાલ આપ્યો છે અને એ રીતે અમેરિકાના આપણા ભાઇઓ-બહેનોમાં આપણા ધર્મ પ્રત્યે જિજ્ઞાસાભરી દૃષ્ટિ ખોલવામાં સફળ થયા છો અને એ માટે અમે અમારો આનંદ વ્યક્ત કરીએ છીએ.

ત્યારબાદ તમે ભારતીય સ્ત્રીઓની નિરક્ષરતા તરફ અમેરિકાના લોકોનું ધ્યાન ખેંચવામાં પ્રવૃત્ત થયા, અને ભારતીય સ્ત્રીઓના ઉત્કર્ષ માટે "ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ધ એજ્યુકેશન ઓફ ઇન્ડિયા" નામક સંસ્થાની સ્થાપના દ્વારા ત્રણ ભારતીય બહેનોને અભ્યાસાર્થે અમેરિકા મોકલવા ઉપરોક્ત સંસ્થાના ખર્ચે પ્રબંધ કર્યો. અમેરિકાના લોકોની આપણા પ્રત્યેની મમતા માટે આભાર માનવાની આપને નમ્ર વિનંતિ કરીએ છીએ.

ભારતમાંના છેલ્લા દુષ્કાળ વખતે (૧૮૯૬-૯૭) ના તમોએ દુષ્કાળ રાહત સમિતિ સ્થાપી અમેરિકાના લોકોની દયા ભાવનાને પુષ્ટિ આપી એક સ્ટીમર ભરી અનાજ અત્રે મોકલાવ્યું એ માટે તમે અમારા તરફથી માન અને આભારના સંપૂર્ણ અધિકારી બન્યા છો. તદુપરાંત માંસાહારીઓને શાકાહારના ફાયદા દર્શાવી 'અહિંસા પરમો ધર્મ' જેવા ભારતના ઉદાત્ત તત્ત્વજ્ઞાનનો વિશ્વવ્યાપી પ્રચાર કર્યો છે.

અમેરિકન મીશનરીઓ-પાદરીઓએ ભારતના લોકોની નીતિ-રીતિ માટે જે વિકૃત રજૂઆત કરી હતી તેને દૂર કરવામાં, અમેરિકન શિક્ષણપદ્ધતિ ભારતમાં દાખલ કરવામાં, અભ્યાસાર્થે

ઇંગ્લેંડ જતા ભારતીય નવયુવકોને ભારતના ઔદ્યોગિક વિકાસ માટે માર્ગદર્શન આપવામાં તમે જે અમૂલ્ય સેવા બજાવી છે તેનો આભાર વ્યક્ત કરવા અમારા પાસે પૂરતા શબ્દો નથી.

કુટુંબ સહિત અમેરિકા જવા માટે તમે કરેલી શરૂઆત ખરેખર પ્રશંસા પાત્ર છે. તમારા પુત્ર મોહનની ચાલાકીથી અમને આપના જેવા ગુણી પુત્રની ઝાંખી થાય છે.

અંતમાં, તમે તમારા ભગીરથ પ્રયત્નમાં સફળ થાઓ અને આર્યસંસ્કૃતિનું વૃક્ષ અમેરિકામાં વિકસાવીને આનંદથી ભારત પુનરાગમન કરો.

મુંબઈ (સહી) એમ. જી. રાનડે

તા ૨૩-૯-૧૮૮૯ પ્રમુખ

'બુધ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—

'બુદ્ધિપ્રભા'

C/o શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨ / ૧૬, ત્રીજો ભોઇવાડો, ૧ લે માળે,
મુંબઇ ૨.

લેખક :—
યોગનિષ્ઠ
અધ્યાત્મજ્ઞાનદીવાકર
**શ્રીમદ્**
**બુદ્ધિસાગરસૂરિજી**

# જૈનોપનિષદ્

સંપાદક :
**શ્રી ગુણવંત શાહ**
માંદગીના બીછાને હોવાથી
**'તીર્થયાત્રાનું વિમાન'**નો
સંક્ષેપ આ અંકમાં આપી
શકાયો નથી તો વાંચકો મને
ક્ષમા કરશે. તેને બદલે
'જૈનોપનિષદ્' નો સંક્ષેપ રજુ
કરવામાં આવે છે.

સંક્ષેપકર્તા : **ભગવાન શાહ**

## જિનસ્યોપાસકાઃ

જે મનુષ્યો, જિનદેવ તીર્થંકર પરમાત્માના ઉપાસકો, સેવકો યા ભકતો છે તેઓ જૈનો કહેવાય છે.

શ્રી જિનેશ્વ સમવસરણાં બેસીને ચતુર્મુખે દેશના દે છે માટે તે સર્વજ્ઞ, વીતરાગ **બ્રહ્મા** કહેવાય છે.

રજોગુણ, તમોગુણ અને સત્ત્વ ગુણની પેલી પાર તેઓશ્રી ગયેલા હોવાથી શ્રી જિનેશ્વરોને **મહાદેવ–હેશ્વર** જાણવા.

કેવળજ્ઞાનથી શ્રી સર્વજ્ઞ જિનેશ્વર સર્વવ્યાપક હોવાથી તે **વિષ્ણુ** કહેવાય છે.

સુખના કર્તા હોવાથી શ્રી જિનેશ્વર, **શંકર** પણ છે. તેમજ શ્રી તીર્થંકર સદા શિવમય અર્થાત્ સદા કલ્યાણમય હોવાથી તે **સદાશિવ** પણ કહેવાય છે.

સર્વ જીવોને તે ધર્મમાં ખેંચે છે માટે તે **કૃષ્ણ** કહેવાય છે. સર્વ જીવોના પાપોને હરે છે માટે તે **હરિ** કહેવાય છે...સંપૂર્ણ તત્ત્વોના તે જ્ઞાતા હોવાથી તે **બુદ્ધ** કહેવાય છે. સર્વ વિશ્વમાં સમર્થ હોવાથી તે વિશ્વેશ્વર કહેવાય છે. પૃથ્વીના તે દેવ હોવાથી તે વાસુદેવ કહેવાય છે અને વિશ્વમાં બધાં ભક્તોનાં હૃદયમાં ધ્યાન વડે રમી રહેલાં હોવાથી તે રામ પણ કહેવાય છે.

આવા જિનેશ્વરના જેઓ રાગી છે તેમજ તેમણે ઉપદેશેલા સદ્વિચારો અને આચારોના જેઓ ઉપાસક છે તે જૈન છે.

## જિનવચનજ્ઞાઃ

શ્રી જિનેશ્વરે કહેલાં આગમ અને નિગમોને જે વાંચીને અગર તો સાંભળીને જાણે છે અને તેનો હૃદયમાં વિચાર કરીને સત્યરાગી બને છે તેમજ તેનો જેઓ યથાશક્તિ અમલ કરે છે તે જૈન છે.

## જૈનધર્મ સંસ્કારધારકાઃ

જૈન શાસ્ત્રોમાં સોળ સંસ્કારોનું વર્ણન છે. વિચારપૂર્વક તે સંસ્કારોને કેળવવાથી આત્મા પર અસર થાય છે. ખરેખર ગર્ભમાં રહેલાં સંતાનને ધાર્મિક સંસ્કારો આપ્યાં વિના જૈનોની ખરી પ્રગતિ થઈ શકતી નથી.

એ સંસ્કાર મંત્રોને પૂર્ણ શ્રદ્ધાથી સાધવા જોઈએ જેથી કરીને ધાર્યા પ્રમાણે ફળ મળી શકે.

જૈન ધર્મનો પુનરુદ્ધાર કરવાને માટે ગૃહસ્થ જૈન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોએ સ્વ. યોગ્ય સંસ્કારોને કેળવવા જોઈએ. ગૃહસ્થ જૈન બ્રાહ્મણો, જૈન શાસ્ત્રો પ્રમાણે સમ્યક્ત્વ વ્રતાદિ અંગીકાર કરીને ગૃહસ્થ ગુરુ બની; તે અન્ય ક્ષત્રિય જૈનો, વૈશ્ય જૈનો અને શુદ્ર જૈનોને ધર્મ સંસ્કારો આપી શકે છે.

## જિનાજ્ઞાપાલકો:

શ્રી જિનેશ્વરની આજ્ઞાઓનું જે પાલન કરનારા હોય છે તેઓને જૈનો કહેવાય છે.

જૈન આગમોમાં શ્રી જિનેશ્વરની આજ્ઞાઓ છે. ગૃહસ્થ જૈનોએ તે જિનાજ્ઞાઓ પાળવી જોઇએ.

આ આજ્ઞાપાલનથી વિશ્વનું કલ્યાણ કરી શકાય છે અને આ જિનાજ્ઞા-પાલકો અવશ્ય મુક્ત બને છે.

## જૈન સંખ્યા વૃદ્ધિકરો:

જેઓ પ્રતિદિન ધનબળથી, ઉપદેશબળથી, સહાયકબળથી તેમજ વિદ્યાબળથી, જૈનોની સંખ્યામાં વધારો કરે છે તે સત્ય જૈનો જાણવા.

જૈનોની સંખ્યામાં વધારો થાય તે માટે જે જે સુધારા કરવા ઘટે તે કરવા અને જૈનોમાં ગુરુકુળો સ્થાપવાં. જૈનોની સંખ્યા વધે એવી રીતે પૂર્વાચાર્યોની જેમ વર્તમાન કાલીન જૈનાચાર્યોએ વર્તમાન સંયોગોને અનુ-સારી ઉપાયો લેવાં.

**આ અંગે મૂળ ગ્રંથમાં શ્રીમદ્જીએ વિશદ ચર્ચા કરી છે જિજ્ઞાસુએ તે અવશ્ય વાંચવા જેવી હોઈ મૂળ ગ્રંથ વાંચવો. —સં**

## જૈનધર્મ પ્રચારકો:

જેઓ ખરા જૈનો છે તેઓ વિશ્વમાં જૈન ધર્મનો પ્રચાર કરનારાં હોય છે. શક્તિથી, વિદ્યાથી, ઉપદેશથી અને ધનથી, સકલ સંઘે જૈનધર્મનો પ્રચાર કરવા માટે જરા માત્ર પણ ખામી ન રાખવી જોઇએ.

દરેક જૈને જૈનધર્મનો પ્રચાર થાય એવા દરરોજ વિચારો કરવા અને યથા શક્તિ પ્રવૃત્તિ કરવી. **જેઓ મડદાલ માંયકાંગલા જેવા છે તેઓ જૈન નામ ધરાવીને દેવગુરુને લજવે છે.** દુનિયામાં જીતનારાઓ જૈનો હોય છે તેઓ કદાપી પાછા પડે જ નહિ. જેઓ **નગુરા** અને **નગુણા** છે તેઓ જૈનધર્મના પ્રચાર કાર્યના પ્રતિપક્ષી બની તે કાર્યમાં વિઘ્ન નાંખે છે, પરંતુ જીતનારા જૈનો તેઓને ગણકારતા નથી.

બીજા ધર્મો પર અને બીજો ધર્મ પાળનારાઓ પર દ્વેષ રાખવાથી જૈન ધર્મનો પ્રચાર થતો નથી. પરંતુ બીજા ધર્મોમાં, જૈન ધર્મનાં સત્યો રહેલાં છે તે જાણીને તેનો સત્ય પ્રચાર કરવાથી તેમજ પોતાના આત્મા કરતાં અન્યધર્મીઓનાં આત્માને વિશેષ માનીને **તેઓના દુ:ખમાં ભાગ લેવાથી તેમજ તેઓને સુખમાં સાથ આપીને** જૈનધર્મનો બોધ આપવાથી તેઓના આત્મામાં જૈનધર્મ ઉતરે છે. આમ પ્રેમ, સહાનુભૂતિ અને મૈત્રી ભાવથી બીજાનાં હૃદયમાં જૈનધર્મનાં જીવંત સત્યોને ઉતારી શકાય છે.

જૈન કોમમાં આવવાથી આર્થિક લાભ થાય, વિશાળ ભાવના ખીલે, એક બીજામાં ભેદ ન રહે, પરસ્પરમાં પ્રેમ ખીલી શકે, અને સુખી થવા માટે સર્વ પ્રકારની **સહાય મળી શકે તો જ આ કાળમાં જૈનધર્મનો પુનરૂદ્ધાર થાય.**

જૈનધર્મની જીવતી મૂર્તિ બન્યા વિના જૈનધર્મનો પ્રચાર કરી શકાતો નથી. કારણુ શુષ્ક વાતો કરવા માત્રથી કંઈ વળતું નથી. માટે જૈનધર્મને ચારે વર્ણમાં જીવતો રહે એવા ઉપાયો આદરવા.

જૈનધર્મનું શિક્ષણુ અપાય એવાં ઉપદેશકોનાં ગુરુકુળો સ્થાપવાં, આચાર્યોનાં મંડળો સ્થાપવાં, અને જે રૂઢિ બંધનોને લીધે જૈનોની વસ્તી ઘટી હોય તે સર્વને તિલાંજલિ આપવી.

હવે લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ નકામો ન જાય અને જૈનધર્મના પ્રચારાર્થે જૈન ગુરુકુળો, સાધુ ગુરુકુળો વગેરેમાં ખર્ચ થાય એવી વ્યવસ્થા કરવી જેથી જૈનધર્મનો પ્રચાર કરીને, **જૈનો કર્તવ્યથી જૈનો બને.**

## જિનાગમ નિગમ સ્વાધ્યાયાદિ તત્પરાઃ

જૈન આગમો અને નિગમોમાં સર્વ પ્રકારનં [illegible] છે. પૂર્વે ચૈત્યવાસીઓ [illegible] જૈન નિગમો (નિગમ એટ[illegible], **સંસ્કાર, ક્રિયાકાંડ વ[illegible]થ. ભરત ચક્રવર્તીના બનાવેલ વેદોને નિગમ** ક છે–સં.) ની પ્રવૃત્તિ હતી.

જૈનાગમોથી અવિરૂદ્ધપણે જે જે જૈન ઉપનિષદો હોય, શ્રુતિયો હોય તેને **સાપેક્ષ દૃષ્ટિએ** જૈનો ગ્રહી શકે છે.

એક વખત જૈન નિગમોની પ્રવૃત્તિથી જૈનધર્મ રાજકીય ધર્મ **હતો** હજી પણ તેના પ્રચારથી ભવિષ્યમાં રાજકીય જૈનધર્મ થશે.

આગમો અને નિગમોનો પ્રકાશ તેમજ પ્રચાર કરવાથી લોકોમાં જૈનધર્મની મહત્તાનો પ્રચાર કરી શકાય છે માટે જૈનોએ પરસ્પર અવિરૂદ્ધપણે **સાપેક્ષ દૃષ્ટિથી** બંનેનો સ્વાધ્યાય કરવો, કરાવવો અને તેના સ્વાધ્યાય આદિના પ્રચાર માટે સાધુ ગુરુકુળો વગેરેની સ્થાપના કરવી.

## ચતુર્વિધ સંઘ ભક્તિકરાઃ

જૈનોના ચાર ભેદ પડે છે. સાધુ, સાધ્વી, ગૃહસ્થ શ્રાવક અને ગૃહસ્થ શ્રાવિકા. આ ચાર પ્રકારની સંઘની ભક્તિ કરનાર જૈનો હોય છે.

આ સંઘની રક્ષા કરવી, આહાર પાણીથી પોષણ કરવું, વસ્ત્રાદિકનું દાન કરવું, સંઘ પર આવી પડેલાં સંકટો દૂર કરવાં, સંઘની પડતી દશાનો ઉદ્ધાર કરવો, સંઘમાં પ્રવર્તેલી અવ્યવસ્થાનો નાશ કરવો, સંઘનું બળ, શક્તિ વધે, સંઘ સંખ્યા વધે તેવી પ્રવૃત્તિઓ કરવી તે સંઘ ભક્તિ ગણાય છે.

જેનામાં ચતુર્વિધ સંઘની ભક્તિની લાગણી નથી તે જૈન નથી. મુસલમાનો જેમ દિનના નામે પ્રાણ આપવા તૈયાર થાય છે તેમ જેઓ ચતુર્વિધ સંઘની ભક્તિ માટે, જિનના નામે પ્રાણ આપવા જેઓ તયાર થાય છે તે ખરા જૈનો બની શકે છે.

## દેવગુરુ સેવારસિકાઃ

દેવ–ગુરુની પૂજા કરી આત્માની શુદ્ધિ કરી શકાય છે ગુરુની સેવા ભક્તિ કરવાથી જ્ઞાન–દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

ગુરુ પરથી જેના વિચારો ક્ષણે ક્ષણે સ્વચ્છંદથી બદલાયા કરે છે તે ગુરુની સેવામાં રસિક બની શકતો નથી. અને આ કાળમાં ગુરુની સેવા વિના પરમાત્માને ઓળખી શકાતા નથી. આમ જેઓ ગુરુની સેવા કરી તેમના આશીર્વાદ મેળવે છે તેમના હૃદયમાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

## ચતુર્વર્ણ ગુણકર્માનુસારેણ ધર્મારાધન તત્પરાઃ

ગૃહસ્થવાસી મનુષ્યોએ પોતપોતાના વર્ણ ગુણકર્માનુસારે વર્તીને ધર્મની આરાધનામાં તત્પર થવું જોઇએ. [ શ્રીમદ્જી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણભેદને માને છે. પરંતુ જન્મગત એ વર્ણ છે તેમ માનવાની સ્પષ્ટ ના પાડે છે. તે તે પ્રકારના કાર્ય કરવાથી જ માનવી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર હોય છે. એ પ્રકારના બધા જ કાર્ય કરનાર એક માનવી પણ હોઇ શકે છે. આ અંગે કર્મયોગમાં શ્રીમદ્જી વિશદ ચર્ચા કરી છે. જિજ્ઞાસુને તે વાંચવા વિનંતી છે. —સંપાદક ]

જ્યાં સુધી જૈનો પૂર્વે ગુણકર્માનુસારે લૌકિક બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ કર્મોનો ત્યાગ નહોતો કર્યો ત્યાં સુધી તેઓ તેઓ ચારે વર્ણના ટેકાથી જૈનધર્મને રાજકીય ધર્મ તરીકે જાળવી શકયા હતા; પરંતુ જ્યારથી ક્ષત્રિયના ગુણકર્મ કરવામાં પાપ છે, રાજાના કર્મ કરવામાં પાપ છે, સેનાધિપતિનાં કાર્ય કરવામાં પાપ છે ઇત્યાદિ વિચારો કરવા લાગ્યા. અને તેથી બ્રાહ્મણાદિ વર્ણના ગુણકર્મોથી ભ્રષ્ટ થયા, ત્યારથી જૈનો માત્ર વણિક કોમ તરીકે કાયમ રહ્યા. આથી જૈનોની કરોડોની વસ્તી ઘટતી ગઇ. માટે હવે પૂર્વના જૈનોની પેઠે ચતુર્વર્ણના ગુણકર્મે વ્યવહારથી વર્તીને લોકોત્તર જૈનધર્મની આરાધનામાં સ્વાધિકાર પ્રમાણે તૈયાર થવું જોઇએ.

## સાધુ વૈયાવૃત્યકારકાઃ

સાધુઓની સેવા કરવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. તેમના આશીર્વાદથી મનુષ્યોનું કલ્યાણ થાય છે. તેમજ સાધુઓ જીવતા દેવ સમાન છે માટે તેઓની સેવા ચાકરી કરવામાં જરા માત્ર પણ ખામી રાખવી જોઇએ નહિ. આમ જે સાધુઓની સેવા કરે છે તે ખરા જૈનો છે.

[ સાધુ ધર્મને નેવે મૂકીને જેઓ માત્ર વેષધારી સાધુ બની બેઠા છે અને બને છે તેવા માત્ર વેષધારી માનવોને શ્રીમદ્જી સાધુ ગણતા નથી. આ અંગેની વિશદ્ ચર્ચા તેઓશ્રીએ ધાર્મિક ગદ્ય સંગ્રહમાં કરી છે. જિજ્ઞાસુએ તે વાંચવા જેવી છે. —સંપાદક ]

## ધર્માચાર્યા જ્ઞાનુસાર પ્રવર્તકાઃ

જૈન ધર્માચાર્યો દેશોન્નતિ, તેમજ સંઘની ઉન્નતિ થાય તે પ્રમાણે ધર્મ કર્મની આજ્ઞાઓ ફરમાવે છે. વિદ્યા, સત્તા, ધન આદિથી જૈન કોમની સદા ચડતી થયા કરે છે અને બીજા ધર્મીઓની હરીફાઈમાં જૈનો પાછળ ન પડે એવી અંતરમાં લાગણી રાખીને જૈન ધર્માચાર્યો, જૈનોને દેશકાલજ્ઞ ધર્મ કર્મો કરવાની જે જે આજ્ઞાઓ કરે તે જૈનોએ શિરસાવંદ્ય માનીને, સર્વ સ્વાર્પણ કરીને તેનું પાલન કરવું જોઇએ.

## તથાવિધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવેન ધર્મરક્ષકાઃ

જે જે કાળે, જે જે ઉપાયો વડે જૈન ધર્મનું રક્ષણ થાય, તે તે ક્ષેત્રે તે તે કરવું જોઇએ. **જૈનધર્મનું રક્ષણ થાય એવાં સર્વ પ્રકારોનાં ઔત્સર્ગિક તેમજ અપવાદિક બળ મેળવવાં જોઇએ.**

**જૈનધર્મનો સર્વત્ર પ્રચાર કરવા** માટે આત્મભોગ આપતાં જેઓ પાછા પડે છે તેવાઓને નામોશી લાગે છે અને તેમના પર પૂર્વજોનો શાપ ઉતરે છે. ખરેખર **જેનામાં જૈન ધર્માભિમાન નથી તે જૈન થવાને લાયક નથી.** માટે ધર્માભિમાન રાખો, શ્રદ્ધાપૂર્વક જૈનો, હાલ તો આપદ્-ધર્મને વિચારીને ધર્મની રક્ષા થાય તેવાં કામ કરવાં જોઇએ.

## સર્વદેશીય સર્વવર્ણેષુ જૈનધર્મ પ્રચારકાઃ

સર્વ દેશના સર્વજાતિય મનુષ્યોને ઇશ્વરપદ પ્રાપ્ત કરવાનો એક સરખો હક્ક છે.

માણસોના સર્વ પ્રકારના દોષોને દૂર કરી તેમના આત્માની પરમ શુદ્ધિ કરનાર જૈનધર્મ છે. આ ધર્મના પ્રચારથી દુનિયાનાં બધા જ માણસોમાં પૂર્ણ શાંતિ થાય છે. તેમજ આત્માની અને બ્રહ્મની ગુપ્ત વિદ્યાઓ શીખવી માણસોને સદાચારથી પવિત્ર બનાવે છે માટે જૈનધર્મનો નિષ્પક્ષપાત પ્રચાર કરવાની જરૂર છે.

**જૈનધર્મ એ અમુક વર્ણ માટે રજીસ્ટર કરી આપેલ નથી. તેમાં નાત જાતનો ભેદ આડો આવતો નથી. આથી વિશ્વનાં તમામ મનુષ્યોને જૈનધર્મ પાળવાનો સરખો હક્ક છે.**

**માટે જૈનોએ જૈનધર્મનો સર્વદેશીય, સર્વજાતીય મનુષ્યોમાં પ્રચાર કરવો.**

## આપત્કાલેત્વાપદ્ ધર્મકર્મભિ જૈનોન્નતિ સાધકાઃ

જૈનોએ હાલ આપદ્ ધર્મકર્મોનો સ્વીકાર કરીને જૈનોન્નતિના સાધક બનવું જોઈએ.

આપત્તિકાળમાં પૂર્વના ધર્મ વિચારોમાં અને આચારોમાં અવશ્ય પરિવર્તન કરવું પડે છે. અને જે તે પ્રમાણે પરિવર્તન કરે છે તે પુનઃ પોતાની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

જે ધર્મના લોકો, વોરાના નાડાની જેમ જે પકડ્યું તે પકડ્યું એમ કદાગ્રહી બની દેશકાલાનુસારે ધર્મ કર્મમાં પરિવર્તન કરતાં નથી તે લોકો આપત્તિકાળમાં જીવવાને, ઉન્નતિ કરવામાં તેમજ સ્વધર્મનું રક્ષણ કરવા સમર્થ થતાં નથી.

## જિનગુણ વિશિષ્ઠ સર્વદેવ નામ મંત્રોપાસકાઃ

જિનેશ્વર દેવનાં અસંખ્ય નામો છે. ગમે તે નામ દ્વાર જિન ગુણોનું સ્મરણ કરવું.

ઓમ્ અર્હં મંત્રનો એક લાખ વાર જાપ કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે. અરિહંત મંત્રનો જાપ કરવાથી અનંતભવનાં અનંત કર્મોનો નાશ થાય છે.

**જે જિનેશ્વરના નામ મંત્રનો જાપ કરે છે તેને યમનો પણ ભય લાગતો નથી. દરેક જૈને જિનેશ્વરના નામ મંત્રનો જાપ કરવો જોઈએ.**

## વ્યવહારિક ધાર્મિક સર્વ શુભ શક્તિ ગ્રાહકાઃ

**શક્તિ વિનાનો મનુષ્ય દુનિયામાં જીવવાને લાયક નથી.** આત્માની જ્ઞાનાદિક શક્તિયો ખીલવવી જોઈએ.

જૈનધર્મની શ્રદ્ધા વિના આત્મબળ ખીલતું નથી માટે ધાર્મિક શક્તિયોને સેવા, દાન, ધર્માભ્યાસ વગેરેથી તેને કેળવવી જોઈએ.

## સર્વશક્તિ વિધાતકા શુભ વિચારાચાર નિવારકાઃ

સૃષ્ટિ વિરૂદ્ધ કામો કરવાથી શરીરની પાયમાલી થાય છે તેથી તેવા અયોગ્ય અને હાનિકારક રીવાજોનો જેઓ નાશ કરે છે તે ખરા જૈનો બને છે. તેમજ માંસભક્ષણ, દારૂપાન, જુગાર, ગાંજો, અફીણ વગેરે વ્યસનોનો અને વેશ્યા તેમજ પરસ્ત્રીનો ત્યાગ જેઓ કરે છે તે ખરા જૈનો બને છે. આ બધા વ્યસનોથી શરીર, લક્ષ્મી, બુદ્ધિ તેમજ આત્માની પાયમાલી થાય છે.

એકવાર મનુષ્ય મહાન બન્યા પછી તેની સર્વ શક્તિઓનો ભોગ આપે છે ત્યારે તેના તરફ આખી દુનિયાનું ધ્યાન ખેંચાય છે.

**વ્યવહાર અને ધર્મમાર્ગમાં સાંકડા વિચારો અને આચારોમાં ગોંધાઈ રહીને જૈન કોમની પડ-**

તીનું પાપ વહોરી લેનારાઓ હવે ચેતીને ચાલવું જોઇએ.

મહાસંઘની પ્રગતિમાં પ્રતિકૂળ વિચારો અને પ્રવૃત્તિયો હોય તેનો ત્યાગ કરી જૈનોએ સર્વ શુભ શક્તિઓ મેળવીને કાર્ય કરવાં જોઇએ.

## ધનસત્તા વિદ્યાબળ વીર્યવંતઃ

ગૃહસ્થાવાસમાં ધનની જરૂર પડે છે ધન કરતાં વિદ્યાની વિશેષ જરૂર પડે છે અને તેનાં કરતાં આત્માના અનંત જ્ઞાન-દર્શન અને ચારિત્રની વિશેષ જરૂર પડે છે. માટે અંતરથી નિર્લેપ રહીને ભગવદ્ ગીતાના અર્જુનની જેમ ધન, સત્તા, વિદ્યાદિથી આવશ્યક લૌકિક કર્તવ્યો કરવાં અને અંતરમાં આધ્યાત્મિક વીર્ય પ્રગટાવવું જોઇએ.

## રાજ્ય સમાજ કુટુંબ જ્ઞાતિ સંઘ વ્યવસ્થા પ્રવૃત્તિ મંતઃ

વ્યાપાર, ક્ષાત્રધર્મકર્મ, સામાજિક તેમજ સાર્વજનિક શુભ વ્યવસ્થામાં ભાગ લેવાથી જૈનધર્મના વિચારો અને આચારોનું મહત્ત્વ સાધી શકાય છે. તેમજ બીજાના ભલામાં નિષ્કામ દૃષ્ટિથી ભાગ લેવાથી ધર્મની વૃદ્ધિ થાય છે.

## જૈનેષુ જિનવત્ પૂજ્યભાવ ધારકાઃ

જૈનોની સેવા કરવાથી જિનદેવની સેવા કરી શકાય છે. જૈનોને દેખીને જે વેરઝેર ભૂલીને આનંદ પામતો નથી તે જૈન નથી.

જૈનો પર જૈન દેરાસરો વગેરેની સુરક્ષિતતાનો આધાર છે માટે જૈનોએ પરસ્પર એક બીજાને સહાય કરવી.

## સર્વ સાપેક્ષ નયદૃષ્ટિભીઃ સર્વ તત્ત્વ વિચારકાઃ

પ્રેમથી ધર્મની વૃદ્ધિ થાય છે. પ્રેમ વિના પોતાને અને બીજાને ધર્મની પ્રાપ્તિ થતી નથી. માટે અન્યધર્મી મનુષ્યોને પ્રેમથી ચ્હાવવા. તેમના આત્માની સાથે પોતાનો મેળ કરવો અને પછી તેમની યોગ્યતા મુજબ સદ્‌વિચારો અને સદ્‌આચારો પડે તેઓને જૈનધર્મી બનાવવાં.

જૈન ધર્મનો સર્વ સાપેક્ષ નય દૃષ્ટિથી સર્વ તત્ત્વોનો ઉપદેશ દેવાથી, વિશ્વનાં મનુષ્યોનો દુઃખ સાગરમાંથી ઉદ્ધાર કરી શકાય છે.

આત્માની પરમાત્મા મેળવવા માટે સર્વ સાપેક્ષ નૈગમાદિ નયોની દૃષ્ટિવડે સર્વ તત્ત્વોનો વિચાર કરનારાઓને તન, મન અને ધનથી મદદ કરવી જોઇએ. જૈન આગમો તેમજ જૈન શાસ્ત્રોના પઠન-પાઠનની શાળાઓ કાઢવાથી ઉપર્યુક્ત સૂત્રકાર્ય સિદ્ધ થાય તેમ છે.

## જન સંખ્યા વૃદ્ધયા— જિનવૃદ્ધિ મન્યમાનાઃ

જેનામાં જૈનત્વ આવે છે તેનામ

જિનત્વ આવે છે માટે જૈનોની સંખ્યા વધારવાથી જિનોની વૃદ્ધિ માનવી જોઇએ.

## પ્રતિવર્ષં મહાસંઘ પૂજા—વાત્સલ્યકારકાઃ

મહાસંઘમાંથી તીર્થંકરો પ્રગટે છે. તીર્થંકરો પણ મહાસંઘને જપે છે. મહાસંઘમાં પરમાત્માઓ, દેવતાઓ બધા જ વસે છે. આ મહાસંઘની પૂજા કરીને દરેક જૈને પોતાના જન્મનો લહાવો લેવો જોઇએ.

## જિનદેવ ગુરુગુણ કીર્તિકરાઃ

જિનેશ્વર અને ગુરુની કીર્તિ વધારવાથી આત્માની શુદ્ધિ થાય છે તેમજ બીજાઓને પણ બોધિબીજની પ્રાપ્તિ થાય છે. માટે તેઓને સદા કાળ કીર્તિ વધે તેમ કરવું જોઇએ.

## યથાશક્તિ સમ્યક્ત્વ-પૂર્વક વ્રતધારકા

વ્યવહાર સમ્યક્ત્વને પાળવાથી નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જો વ્રતો પાળવાની શક્તિ ન વિકસી હોય તો વ્યવહાર સમ્યક્ત્વનું પાલન કરવું. અને યથાશક્તિ પ્રમાણે બાર વ્રતોમાંથી એકાદુ વ્રત જૈનોએ પાળવું.

## જંગમ સ્થાવર તીર્થારાધકાઃ

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ જંગમ તીર્થ છે. અને જ્યાં તીર્થંકર ભગવંતોના કલ્યાણકો થયાં હોય, ગુરુ ભગવંતો જ્યાં મુક્તિપદ પામ્યાં હોય, ધ્યાન યોગી સાધુઓએ જ્યાં ધ્યાન ધર્યાં હોય તે ભૂમિ સ્થાવર તીર્થ કહેવાય છે. આ તીર્થોની વિધિપૂર્વક આરાધના કરવાથી આત્મગુણો ખીલે છે.

## જૈનધર્માચાર્યોપદિષ્ટ ધર્મ કર્મરતાઃ

જૈનાચાર્યોની આજ્ઞા પ્રમાણે ધર્મ કર્મ કરવાથી આત્મ શુદ્ધિ થાય છે. તેમાં જેઓ તર્કવિતર્ક કરે છે તેઓ કર્મયોગથી ભ્રષ્ટ થાય છે. માટે આચાર્યોએ ઉપદેશેલાં ધર્મકર્મમાં શ્રદ્ધા વડે લયલીન થવું જોઇએ.

## જૈનધર્મરક્ષાર્થં સર્વોપાયેઃ પ્રવર્તકાઃ

હાલ જૈન ધર્મની રક્ષા કરવાનો ખાસ પ્રસંગ આવેલ છે. જૈનો બીજા ધર્મમાં ભળી ન જાય એ ખાસ લક્ષ્યમાં રાખવું જોઇએ. જૈન ધર્મનું ખંડન કરવા માટે જે લેખો યા ગ્રંથો લખાતા હોય ઉપદેશાતાં હોય તે સમયે જૈન ધર્મની રક્ષા કરવી. આ માટે જે તન, મન અને ધનનો ભોગ આપે છે તે જૈન છે.

## જૈનનાં પ્રગત્યર્થં સર્વશક્તિ પ્રચારકાઃ

જૈનોની પાસે જે કંઈ છે તે જૈનોની પ્રગતિ માટે વાપરવાનું છે.

જે લોકો મોજ શોખમાં આસક્ત બનીને પોતાની શક્તિયોનો દુરુપયોગ કરે છે તે લોકો પોતે તો અવનતિના ખાડામાં ઉતરે જ છે પણ પોતાની સંતતિને પણ તેમાં ઉતારે છે. માટે **જૈનોએ** સમજીને **જૈનોએ** સમુહીબ્રુ **સર્વશક્તિયો ખર્ચીને જૈનો**ની ઉન્નતિ કરવી જોઇએ.

## એકેયેન સંઘબલરક્ષકા:

સંઘની **સત્તાનો નાશ થાય** એવાં જે પગલાં **ભરે છે** તે **સંઘ** અને તીર્થંકરનો **દ્રોહી બને છે** માટે દરેક મનુષ્યે પોતાની **જાતનું** અપમાન સહી લેવું પણ **સંઘનો** નાશ થાય તેવું પગલું ભરવું **નહિ.** કારણ સંઘબળ વિના જૈનો**ની ચડતી થતી** નથી આથી ગમે તે **ઉપાયો** વડે સંઘબળનું રક્ષણ કરવું.

## વર્તમાનકાલ ક્ષેત્રાનુસારેણ જૈનાનાં વૃદ્ધયર્થં રાજ્ય રક્ષોપાયવચ્છુદ્ધર્મ કર્મભિઃ કર્મયોગિન વર્તન્તે,

**આપદ્દધર્મ કર્મોવડે જૈન** સંખ્યા વધારવા માટે **કર્મયોગીઓ** પ્રવૃત્તિ કરી **શકે છે.** રાજ્ય રક્ષણ માટે આપત્કાલે જેમ અપવાદિક કાયદાઓ કરવામાં **આવે** છે તેમ **જૈનોના** રક્ષણ માટે **આપત્કાલમાં જૈનોની** વૃદ્ધિ માટે તેવા પ્રકાર**નાં આપવાદિક** ધર્મ **કર્મો કરવામાં** દોષ **નથી** પણ ધર્મ છે.

## જૈનધર્મગુરુ કુલોદ્યોતકા:

ધર્મ વિદ્યા વિનાની એકલી કર્મ વિદ્યાથી આત્માની ઉન્નતિ થતી નથી. માટે જૈનધર્મનાં ગુરૂકુળો સ્થાપીને તેમાં જૈન ધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં, લાખો-કરોડો રૂપિયા ખર્ચવામાં હવે જરા માત્ર પણ વાર ન લગાડવી જોઇએ.

શરીરમાં વીર્ય ન હોય તો જેમ શરીરનો નાશ થાય છે તેમજ શરીરમાંથી આત્મા જતાં શરીરની જેવી દશા થાય છે તેવી દશા જૈન કોમમાંથી ધાર્મિક જ્ઞાન, ધાર્મિક જુસ્સો નષ્ટ થતાં થાય છે. માટે જૈનકોમે હવે ચાર પ્રકારનાં (સાધુ સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના) જૈન ગુરૂકુળો સ્થાપીને પોતાની જાહોજહાલી પ્રગટાવવી જોઇએ.

## સાધર્મિકાર્ય સર્વ સ્વાર્પણકારકા:

સાધર્મિકો પર આવી પડેલાં દુઃખો દૂર કરવાં જોઇએ, તેમને ભણાવવામાં તેમજ વ્યાપાર વગેરેમાં ધનાદિકથી મદદ કરવી જોઇએ. આ કાર્યો કરવામાં કર્મયોગી બનવું જોઇએ, અને સાધર્મિકોને ગુપ્ત રીતે વિશેષ સહાય આપવી જોઇએ.

## ક્ષેત્રકાલાનુસારેણ બ્રાહ્મણ-ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર કર્મભિશ જીવિકા વૃત્તિ ધારકા:

દારૂ, માંસ, કન્યાવિક્રય વગેરે પાપ-કર્મ વડે આજીવિકા ચલાવની

નહિ. નીતિપૂર્વક ધંધો કરીને ઉદર નિર્વાહ કરવો પરંતુ ભીખ માંગીને યા દેવદ્રવ્ય-ગુરુદ્રવ્યનું ખાઇને જીવવું યોગ્ય નથી. આપત્તિકાલે આપવાદિક કર્મો વડે ધર્માર્થે આજીવિકા ચલાવી જીવવું.

## ગૃહસ્થગુરુણાં ત્યાગિગુરુણાં ચ યથાયોગં ભક્તિકારકાઃ

જૈનોમાં પ્રતિષ્ઠાનાં કેટલાક કાર્યો તથા ગૃહસ્થ યોગ્ય સંસ્કાર કરાવનારા જૈન ધર્મપાલક ગૃહસ્થ ગુરુઓ હોય છે. તેમજ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી જૈન ધર્મની સત્યતા સિદ્ધ કરનારા ગૃહસ્થ ગુરુઓ હોય છે. આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ ત્યાગી ગુરુ કહેવાય છે. આ ગુરુઓની તેઓને યોગ્ય એવી ભક્તિ કરવી જોઇએ.

## દેશ રાજ્ય ધર્મકર્મભિઃ પ્રગતિકારકાઃ

સ્વ જન્મભૂમિની સેવા કરવામાં ભાગ લેવો તે સ્વધર્મ છે. જૈનોએ તેનાથી કદી ભ્રષ્ટ ન થવું જોઇએ.

જેને કોમ, સંઘ, જ્ઞાતિ અને સમાજનો ઉદય કરવો હોય તેણે દેશ સેવા અને ધર્મ સેવામાં અગ્રગામી બનવું જોઇએ.

## અનેકાંત બ્રહ્મધર્મારાધકાઃ

આત્મા કરતાં આ વિશ્વમાં કોઇ મહાન નથી. આત્મા તે જ પરમાત્મા છે. આત્મામાં અસ્તિ નાસ્તિપણે અનેકાંત નયે સર્વ વિશ્વ સમાય છે માટે જૈનોએ આત્મધર્મની આરાધના કરવી જોઇએ.

## દ્રવ્યભાવ વૈરિજયેન સાર્થક નામ ધારકાઃ

**જે બીકણ, ડરપોક અને નામર્દ છે તે જૈન નામને સાર્થક કરી શકતો નથી.** દુર્ગુણો, અને દુષ્ટ વ્યસનો પર જે વિજય મેળવે છે તે જૈન નામને સાર્થક કરે છે.

## પ્રશસ્ય વ્યાવહારિક ધાર્મિક શક્તિ સંપન્નાઃ

જેટલી પ્રશસ્ય વ્યાવહારિક શક્તિ-ઓની જરૂર છે તેના કરતાં પ્રશસ્ય ધાર્મિક શક્તિયોની અનંત ઘણી જરૂર છે. ધાર્મિક શક્તિયો મેળવ્યા વિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગની આરાધના થઇ શકતી નથી માટે ધર્મની શક્તિયોથી સર્વથા સુખી રહેવાય છે એમ સમજી ધાર્મિક શક્તિયો વડે કુટુંબ અને કોમને યુક્ત કરવી જોઇએ.

પંચમારકેડનાર્ય ધર્મિષ્યો
વિશેષ વિદ્યા સત્તા ધન બલ
વીર્યાદિભિઃ જીવનોપાય
વિચાર કર્મ સુપરાયણાઃ

અનાર્ય લોકોની વિશેષ શક્તિ હોય છે તો તેઓ ધર્મ પરાયણ મનુષ્યોનો નાશ કરે છે માટે આર્ય જૈનોએ અધર્મીઓ કરતાં વિદ્યા, ધન,

સત્તા, બળ અને વીર્યની વિશેષ શક્તિ મેળવીને વ્યવહાર જીવન તેમજ ધર્મ-જીવન જીવવું.

## ઉદાર વિચાર ધારકાઃ

સાંકડા વિચાર અને આચારથી દેશ, કોમ, ન્યાતિ, સંઘ અને ધર્મની પાયમાલી થાય છે. તેમજ ધર્મમાં સાંકડા વિચાર અને આચાર રાખવાથી ધર્મનો નાશ થાય છે. માટે જૈન-ધર્મની વૃદ્ધિ થાય એવા ઉદાર ભાવથી પ્રવૃતિ કરવી જોઇએ. અને જમાના પ્રમાણે ઉદાર આચાર વિચાર રાખવા જોઇએ.

## આર્ય નીતિરીતિ રક્ષકાઃ

હવે કામ, લોભાદિ તેમજ મોજમઝાથી શારીરિક બળશક્તિનો ક્ષય કરી નિર્બળ, અક્કલહીન બાયલા જેવા બની ગયેલા જૈનોને દુનિયામાં જીવવાનો હક્ક રહેવાનો નથી.

જૈનત્વની લાગણી વિનાના અને જૈન આર્ય નીતિ રીતિથી ભ્રષ્ટ થયેલાં જૈનો પર તેઓના પૂર્વજોના શાપ ઉતરે છે માટે ગમે તેવા સંજોગોમાં જૈનપણું ખોવું ન જોઇએ. અને આર્ય જૈન નીતિ-રીતિનો નાશ થતો અટકાવી, જમાનાનુસાર યોગ્ય એવો તેનો પુનરૂદ્ધાર કરવો જોઇએ.

## સ્વાશ્રયાવલંબિનઃ

એક શૂરો સોને હરાવે છે તેની પેઠે એક સ્વાશ્રયી અને સ્વાવલંબી જૈન, હજારો પરાશ્રયીઓને હરાવે છે અને દુનિયામાં સર્વની આગળ આવે છે. સ્વાશ્રયી અને સ્વાવલંબી જૈનો જૈનધર્મની ઉન્નતિ કરી શકે છે. માટે **હે જૈનો ઉઠો! જાગો! અને સ્વાશ્રયી તેમજ સ્વાવલંબી બની જૈનધર્મની ઉન્નતિ કરો!**

## કર્મયોગિનઃ

હિંદુસ્તાનમાં સર્વ ધર્મીઓ જો કર્મયોગીઓ બને તો હિંદુસ્તાનમાં જે જે શક્તિઓનો ઉદ્ધાર સહેજે થઇ શકે એમાં કંઈ શંકા નથી.

જ્ઞાન યોગીઓએ કર્મયોગી બનવું જોઇએ અને હાનિકારક રીવાજોનો નાશ કરીને મનુષ્યોને ઉન્નતિના પાયા પર ચઢાવવા જોઇએ.

[ જિજ્ઞાસુઓને શ્રીમદ્જીનો મહાન ગ્રંથ કર્મયોગ વાંચવા ભલામણ કરવામાં આવે છે કારણ તેમાં કર્મયોગની સાડા ચારસો પાનામાં ઘણીજ વિસ્તૃત ચર્ચા શ્રીમદ્જીએ કરી છે.—સંપાદક]

## અધર્મનાશકાઃ

જેનાથી પાપ બુદ્ધિ પ્રગટે તે અધર્મ

કર્મો છે. હિંસાદિ વિચારાચારને અધર્મ કહેવામાં આવે છે. અધર્મથી દુનિયાનો નાશ થાય છે, માટે ચતુર્વિધ જૈનોએ અધર્મનો નાશ કરવામાં એક સરખો આત્મભોગ આપવો જોઇએ.

## સ્પર્ધાશીલાઃ

જ્યાં સુધી વ્યવહાર છે ત્યાંસુધી સ્પર્ધાશીલ સ્વભાવ રાખવો જોઇએ પરંતુ ઇર્ષ્યાશીલ સ્વભાવ ન રાખવો જોઇએ.

જૈનોમાં સ્પર્ધા કરવાનો ઉત્સાહ બીલકુલ મંદ પડી ગયો છે અને આ પ્રમાણે જો ચાલશે તો જૈન કોમનો સર્વ રીતે નાશ થવાનો અને તેનું પાપ તેના આગેવાન સંઘવીઓ, આચાર્યો અને સાધુઓને લાગવાનું.

આમ થાય તે પહેલાં જૈનોએ ધર્મબળની સાથે રહીને સ્પર્ધાથી અન્ય બળો પ્રાપ્ત કરવાં જોઇએ.

## સ્વાસ્તિત્વ સંરક્ષકાઃ

હાલના જૈનો પાછળ લાખો ગણા જૈનો વધતા જાય એવા ઉપાયો વડે જૈનોનું સ્વાસ્તિત્વ સંરક્ષવું જોઇએ. આ કાર્ય માટે જૈનોએ હતાશ ન બનવું કારણ ચડતી પડતીનું ચક્ર બધી જ કોમો પર સદાકાળ ચાલ્યા જ કરે છે. પરંતુ હવે જૈનોમાં પ્રગતિ માટેનો જુસ્સો પ્રકટવા લાગ્યો છે માટે તેનું ફળ મળ્યા વિના રહેવાનું નથી. એમ સમજી હે જૈનો ! તમે સ્વાસ્તિત્વનું સંરક્ષણ કરનારા બનો !

## પ્રશસ્ય રાગાદિ સંયુતાઃ

વીતરાગ દશાની યોગ્યતા ન આવે ત્યાંસુધી જૈનોએ પ્રશસ્ય રાગ વડે દેવ-ગુરૂ અને ધર્મની આરાધના કરવી જોઇએ. પૂર્ણ અને શુદ્ધ પ્રેમ ખીલ્યા પછી જ વીતરાગ દશામાં પ્રવેશ કરી શકાય છે.

જૈનાગમો તેમજ જૈન શાસ્ત્રો પર પૂર્ણ રાગ ધારણ કરવાથી જૈનાગમોની ભક્તિ થાય છે અને તેથી દુનિયાનો ઉદ્ધાર કરવામાં આત્મભોગ આપી શકાય છે માટે જૈનોએ પ્રશસ્ય રાગાદિ ગુણ યુક્ત બનવું જોઇએ.

## નિત્ય નૈમત્તિક વ્યવહાર ધર્મ પ્રગતિ પરાયણાઃ

સર્વ પ્રકારની શક્તિઓ મેળવીને જરા માત્ર પણ એશઆરામમાં ન જીવો. કારણકે બીજાથી ડરી જઇ માયકાંગલા બની જવાથી ધાર્મિક જીવનનો અંત આવે છે.

આ કાળમાં ચાણક્ય નીતિ અને શુક્ર નીતિ કરતાં પણ વિશેષ નીતિઓ વડે નિત્ય, નૈમિત્તિક, વ્યાવહારિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી જોઇએ.

જૈનોએ મોહ, ભય, સ્વાર્થ વગેરેનો ત્યાગ કરીને નિત્ય નૈમિત્તિક, ધર્મ પ્રગતિકારક પ્રવૃત્તિઓમાં યાહોમ કરીને ઝુકાવવું જોઇએ. તેમાં ભય, શંકા, દીનતા તેમજ જીવવાની ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ.

## સ્વધર્મ કર્મ પ્રવૃત્તિષુ નિર્ભયાઃ

સ્વધર્મ કર્મ પ્રવૃત્તિઓમાં જેઓ શરીર તેમજ પ્રાણનો નાશ થાય તો પણ અંશ માત્ર પણ ભય પામતા નથી તેઓ દુનિયામાં સ્વધર્મની રક્ષા કરી શકે છે.

સિંહ મૃત્યુને પસંદ કરે છે પણ ભીરૂતાને પસંદ કરતો નથી. તેમ જૈનોએ ભયનો ત્યાગ કરીને, નિર્ભય બની સ્વ ધર્મ કર્મના કાર્યો કરવાં જોઇએ.

**હે જૈનો ! તમે ભય અને કાયરતાનો ત્યાગ કરી નિર્ભય બનો ! યાદ રાખો, તમારા આત્માનો કોઈ નાશ કરી શકે તેમ નથી. તમારા આત્માનો વિશ્વાસ રાખો, તમારા શરીરનો નાશ** થાય પણ તમે તો અમર રહેવાનાં છો એવી શ્રદ્ધા રાખીને તમે ધર્મ કર્મમાં પ્રવૃત્ત બનો.

આત્મા એજ જૈન છે. જેણે આત્માને અનેકાંતપણે ઓળખ્યો છે અને મનને જેણે આત્માના કાબૂ નીચે રાખ્યું છે તે નિર્ભય બની લાખો મનુષ્યોને જૈન બનાવી શકે છે.

## પુરુષાર્થ પરાયણાઃ

જૈનોએ ભાવી ભાવ અને કર્મનાં નામે આળસને માન આપી આજ સુધી ઘણું ખોયું છે. કુમારપાળ,–હેમચંદ્ર, સંપત્તિ–આર્યરક્ષિત, વસ્તુપાળ–તેજપાળ બધાના પુરુષાર્થનું સ્મરણ કરો અને **હવે તો જાગો, ઊઠો ! પુરુષાર્થ કરો ! અને જૈન કોમ તેમજ જૈન ધર્મનો ઉદ્ધાર કરો !**

જે જૈનો જૈન ગીતા અને જૈનોપનિષદ્નો પાઠ કરે છે તેઓના ઉપર ગુરુદેવની આશિષ છે કે તેઓ સર્વ પ્રકારે સુખી થવાના તથા તેઓ સર્વ મંગલોને પ્રાપ્ત કરવાના.

ઇત્યેવં ૐ શાંતિઃ શાંતિ શાંતિઃ

# શાસન સમાચાર

### શાસન દેવની સાન્નિધ્યમાં ( મહુડી )

આગામી પોષ માસમાં મહુડી મુકામે ઉપધાન તપની મહાન આરાધના થનાર છે. આ તપ પ્રસંગે પૂજ્યપાદ **આચાર્ય દેવેશ શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.** પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ **શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.** ઉપાધ્યાય ભગવંત **શ્રી કૈલાસસાગરજી મ. સા.** અનુયોગાચાર્ય પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી મહોદયસાગરજી** ગણિવર્ય **મ. સા.** પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ. સા.** આદિ ઠાણા પધારશે.

### વિદાય વેળાએ ( જુના ડીસા )

અત્રે ચાતુર્માસ બદલાવવાનો પુણ્ય લહાવો શ્રી મોદી જીવણલાલભાઇએ લીધો હતો. કા. વદ ૨ ને દિવસે શ્રી મહેતા અમથાલાલને ત્યાં આચાર્ય મ. **શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.** તથા મુનિરાજ **શ્રી ત્રૈલોકયસાગરજી મ. સા.** પધાર્યાં હતાં અહીં બંને ભાગ્યશાળીઓ સજોડે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. અત્રેથી વિહાર કરી પૂજ્ય આચાર્ય મ. સા. પોષ સુદમાં મહુડી પધારશે.

### પરીક્ષાઓ ( મુંબઇ )

શ્રી એજ્યુકેશન બોર્ડની પ્રફુલ્લચંદ્ર બબલચંદ મોદી પુરુષ વર્ગ શ્રી કાંતાબેન બબલચંદ મોદી સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની આગામી પરીક્ષાઓ **રવિવાર તા. ૨૭ ડીસેંબર ૧૯૬૪ ના** રોજ બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી બધા કેન્દ્રોમાં લેવાશે. બોર્ડની ઉપરોક્ત ધાર્મિક પરીક્ષાઓનાં અભ્યાસક્રમમાંથી આ પુસ્તકો રદ કરવામાં આવ્યાં છે: બાલધોરણ ૧. અને કન્યા ધોરણ ૧–**ઋષભદેવ** પુરુષ ધોરણ. ૨. **ભગવાન મહાવીરના દશ ઉપાસકો.** પુરુષ અને સ્ત્રી ધોરણ ૭. **ન્યાયાવતાર,** પુરુષ ધોરણ ૬ અને સ્ત્રી ધોરણ ૭. **સમી સાંજનો ઉપદેશ.**

અ
મા
રા
એ

પ્રકાશન

લે : ગુણવંત શાહ

સંપાદક

બુદ્ધિપ્રભા

અભિનવ શૈલી, આધુનિક ઉપમાઓ અને
સરળ ભાષામાં ચરમ તિર્થંકર ભગવાન
મહાવીરની સારીય જીવન ગાથા વણી લેતી
એક અનોખી જ પુસ્તિકા

કિંમત પચાસ પૈસા (પોસ્ટેજ અલગ)

# આધુનિક મહાવીર

## અભિનવ

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે
સંસ્કૃત ભાષામાં લગભગ છસો શ્લોક પ્રમાણ
પ્રેમ ગીતા લખી છે.

તેનો રસઝરતી શૈલીમાં ભાવાનુવાદ કરવામાં
આવ્યો છે. પ્રેમનું પૃથક્કરણ સમજવા
માટે વાંચો.

કિંમત પચાસ ન. પૈસા (પોસ્ટેજ અલગ)

# પ્રેમ ગીતા

ભાવાનુવાદક :

ગુણવંત શાહ

—: લખો :—

બુદ્ધિપ્રભા

C/o શ્રી જે. એસ. દંતારા

૧૨/૧૬ ત્રીજો ભોઈવાડો,

૧ લે માળે, મુંબઈ ૨.



માલિક, મુદ્રક અને પ્રકાશક : ઈંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક—સૂરત.

# મૂળજીભાઇ શાહ

હેમચંદ્રની સ્મૃતિ કેરાં, હૈયામાં પડઘા પડે;
તેજસ્વી ત્યાગની મૂર્તિ, કુસુમાંજલિઓ ચડે.

શું કહું સેવના સિદ્ધિ, જ્ઞાનામૃત પીધાં અને;
પાયાં પ્રેમે મહાયોગી! તત્વજ્ઞ! નિર્મળે મને.

ભક્તિની ભાવના કેરાં, કે દિવ્ય શક્તિ સિદ્ધિનાં;
ધર્મના, સંસ્કૃતિનાં કે જ્યોતિર્ધર એ જ્ઞાનનાં.

પ્રતિભા પુણ્યવંતી શી, દૂત માનવતા તણા;
રેલાવ્યો ભાવનો નિધિ, યાત્રાળુ જીવન પંથના.

મનુભક્તિ મંત્ર મોંઘા, ઉરે ને વળી અંગમાં;
અવિચળ મને શ્રદ્ધા, જીત્યો જીવન જંગમાં.

તું ગુજરાતનો આદિ, સાહિત્યે સર્જક અને;
વિધાયક સંસ્કૃતિનો, કર્તવ્યપાલક બને.

વર્ષો તણી શી વાત એ, સ્મૃતિ સંભારૂં હું ઉરે;
જીવંતા અક્ષર દેહે, ધન્ય યોગીવર! ખરે.

ઋણી છે ગુજરાતીઓ, ગુર્જરી પણ ઋણી;
ગૌરવવંતની શી જો, ઝળકે કીર્તિ કૌમુદી.

હેમ-સ્મૃતિ

December 1964 **BUDDHIPRABHA** Regd. No. G. 472
(Jain Digest)

# વંદના

જેમનાં ગ્રંથમાં અગાધ વિદ્વત્તા હતી,
ઉપદેશમાં ઓજસભર્યું માધુર્ય હતું,
રાજસંબંધમાં સહૃદય ગાંભીર્ય હતું,
રાજકારણમાં ઔચિત્યભરી દીર્ઘદષ્ટિ હતી,
શાસન સેવામાં સુંદર વ્યવસ્થા હતી,
સાહિત્ય સેવામાં અપ્રતિમ પ્રતિભા હતી,
યોગમાં અનુભવનું નવનીત હતું,
અલંકારોમાં અવનવો ચમત્કાર હતો,
વાણીમાં અમૃત ભરી મીઠાશ હતી,
વર્તનમાં વિશુદ્ધિમય ઉદાત્તતા હતી,
કવનમાં અસ્ખલિત રસધારા હતી,
અને
જીવનમાં વિજયવતી કલિકાલ સર્વજ્ઞતા હતી.
એવા એ
મહાન ગુજરાતી
શ્રીમદ્
**હેમચંદ્રાચાર્યને**
હજારો હજાર, લાખો હજાર
વંદન હો!
વંદન હો!

Cover printed at Kishore Printery - Crescent Chambers,
Tamarind Lane, Fort. Bombay I.